Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સને ટ્યૂનીશિયાએ 1-0થી પછાડ્યું

PAGE NO. 18

FRIDAY, 02 DECEMBER, 2022 Vol. 19, No. 48 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# સૌરાષ્ટ્ર-કચ્છ, દ. ગુજરાતમાં સરેરાશ 60.35 % મતદાન

## ગુજરાત વિધાનસભા ચૂંટણી : 2017ની સરખામણીએ લગભગ 7 ટકા ઓછું મતદાન, 8 ડિસેમ્બરે પરિણામ

**ગાંધીનગર**

ગુજરાતમાં પ્રથમ તબક્કામાં કચ્છ-સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતની ૮૯ વિધાનસભા બેઠકો ઉપર ગુરુવારે ૬૦.૩૫ ટકા મતદાન નોંધાયું હતું. છેલ્લે ૨૦૧૭માં આ બેઠકો ઉપર ૬૭.૩૩ ટકા મતદાન થયું હતું. આમ ૨૦૧૭ની તુલનાએ આ વખતે ૬.૯૮ ટકા ઓછું મતદાન રહ્યું છે. ચૂંટણી પંચે એકંદરે મતદાન શાંતિપૂર્ણ રહ્યું હોવાનો દાવો કર્યો છે, પરંતુ કેટલીક જગ્યાએ અનિચ્છનીય ઘટનાના અહેવાલ છે. ગુરુવારે સવારે ૮થી સાંજના ૫ વાગ્યા સુધીમાં કુલ ૮૯ (૦.૩૪ ટકા) બેલેટ યુનિટ, ૮૨ (૦.૩૨ ટકા) કંટ્રોલ યુનિટ તેમજ ૨૩૮ (૦.૯૪ ટકા) વીવીપેટમાં ગરબડ સર્જાતા તે બદલવા પડ્યા હતા. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીના કહેવા મુજબ, કેન્દ્રીય ચૂંટણી પંચને દિલ્હી ખાતે કુલ ૩૩ એલર્ટ્સ મળી હતી, જે પૈકી ઈવીએમ અંગે ૧૭, ચૂંટણી બહિષ્કારની ૫, ટોળા ભેગા થયા હોવાની અને હિંસાની ૨, આચારસંહિતા ભંગની ૨ અને અન્ય ૭ એલર્ટ સમાવિષ્ટ હતી. આ ઉપરાંત ગાંધીનગર મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી ખાતે ઈવીએમ અંગે ૬, બોગસ વોટિંગ અંગે ૨, કાયદો વ્યવસ્થા અંગે ૩૦, આચારસંહિતા ભંગની ૩૬ અને અન્ય ૩૦ મળીને કુલ ૧૦૪ ફરિયાદો મળી હતી. જ્યારે સી-વિજિલ મોબાઈલ એપ ઉપર ૨૨૧ ફરિયાદો નોંધાઈ હતી. તાપી-નર્મદા જેવા આદિવાસી વિસ્તારોમાં 70 ટકા મતદાન થયું હતું. ગોંડલમાં બે વિરોધી જૂથ સામસામે આવી જતાં તંગદીલી સર્જાઈ હતી. જોકે પોલીસે મામલો થાળે પાડ્યો હતો.

વિસ્તૃત અહેવાલ પેજ નંબર 15

ABOWATH REAL ESTATE GROUP
RE/MAX
MAAZ ABOWATH BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Closing down sale !
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.
Upto 80% off
• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees.
• 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees.• 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

VOYAGES InterSky TRAVELS
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઈન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઘરની કિંમતોમાં 2023માં 3.3 ટકા ઘટાડો થવાની સંભાવના

## ઓન્ટેરિયો અને વેસ્ટર્ન કેનેડામાં બજારભાવમાં 10થી 15 ટકાનો ઘટાડો અપેક્ષિત : : રી-મેક્સ રિપોર્ટ

**ટોરોન્ટો**

કેનેડામાં તાજેતરમાં પ્રસિદ્ધ એક નવા અહેવાલમાં દર્શાવાયું છે કે, કેનેડામાં ઘરના વેચાણની સરેરાશ કિંમતોમાં આવતા વર્ષે 3.3 ટકાનો ઘટાડો થશે. જેમાં સૌથી મોટો ઘટાડો ઓન્ટેરિયો અને વેસ્ટર્ન કેનેડામાં અપેક્ષિત છે, જ્યાં બજારભાવમાં 10 થી 15 ટકાનો ઘટાડો થઈ શકે છે.

RE/MAX કેનેડાના અહેવાલમાં દેશભરના બ્રોકર્સ અને એજન્ટોનો સર્વે કરીને આ આગાહી કરવામાં આવી હતી. કેનેડામાં ઘરની કિંમતો આ વર્ષે ઘટી છે. કારણ કે, ઊંચા વ્યાજ દરો વચ્ચે રિયલ એસ્ટેટ માર્કેટ ઠંડું પડ્યું છે. જેણે ઉધાર લેનારાઓ માટે ગીરોની કિંમતમાં વધારો કર્યો છે.



RE/MAX કહે છે કે, કેનેડામાં 60 ટકા હાઉસિંગ બજારો 2023માં સંતુલિત સ્થિતિમાં રહેવાની ધારણા છે. જો કે, કેટલાક બજારોમાં ભાવમાં મોટી ચાલ પણ જોવા મળી શકે એમ છે. કેલોના, બી.સી., નનૈમો, બી.સી.અને ડરહામ, ઓન્ટેરિયોમાં ભાવ 2023માં 10 ટકા ઘટવાની આગાહી કરવામાં આવી છે. જ્યારે બેરી, ઓન્ટેરિયોમાં ભાવ 15 ટકા ઘટવાની ધારણા છે.

ગ્રેટર ટોરોન્ટો એરિયામાં કિંમતો 11.8 ટકા જેટલી ઘટવાનો અંદાજ છે. જ્યારે ગ્રેટર વાનકુવરમાં 5.0 ટકાનો ઘટાડો થવાની ધારણા છે. દરમિયાન કેલગરીમાં વેચાણ કિંમતોમાં 7.0 ટકાનો વધારો થવાની ધારણા છે અને એડમોન્ટનમાં 3.0 ટકાના વધારાની આગાહી છે. હેલિફેક્સમાં 8.0 ટકા વધવાની ધારણા છે.

# ચાલુ વર્ષના શિયાળામાં કેનેડિયનોને બેવડી ઋતુનો અનુભવ થશે : નિષ્ણાંતોની આગાહી

## હવામાન લા નીના તરીકે ઓળખાતી આબોહવા પેટર્નથી પ્રભાવિત થવાની ધારણા

**ઓન્ટેરિયો**

દેશના કેટલાક નિષ્ણાતોના મતે મોટાભાગે પાનખર ઋતુ દરમિયાન વાતાવરણ થોડું ગરમ હોય છે અને તાપમાનમાં વધારો થવા છતાં, શિયાળાનો પણ અનુભવ થાય છે. પરંતુ વાતાવરણની આ ઠંડક લાંબો સમય રહેવાની નથી.

ધ વેધર નેટવર્કના અહેવાલ મુજબ કેનેડિયનોએ ડિસેમ્બરમાં દેશના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય કરતાં વધુ ઠંડા તાપમાન માટે તૈયારી કરી લેવી જોઈએ. 2022 સુધી ઠંડી



પૂરી થયા પછી તાપમાનમાં વધ-ઘટ થવાની ધારણા છે. હવામાન શાસ્ત્રી ડગ ગિલહામે ધ વેધર નેટવર્કના અહેવાલમાં નોંધ્યું છે કે, અમે અપેક્ષા રાખીએ છીએ કે, એકવાર જાન્યુઆરી મહિનો પૂરો થયા પછી, ફેબ્રુઆરીની શરૂઆત થશે. ત્યારે ખાસ કરીને દક્ષિણ ઓન્ટેરિયોથી ન્યુફાઉન્ડલેન્ડ અને લેબ્રાડોર સુધીના વિસ્તારમાં શિયાળો થોડો વિરામ લે એવું લાગે છે.

સતત ત્રીજા વર્ષે કેનેડામાં શિયાળાનું હવામાન મુખ્યત્વે લા નીના તરીકે ઓળખાતી આબોહવા પેટર્નથી પ્રભાવિત થવાની ધારણા છે. જે મધ્ય અને પૂર્વીય વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરમાં સામાન્ય પાણીની સપાટીના તાપમાન કરતાં ઠંડુ હોય છે. જો કે, આ એકમાત્ર હવામાનનાં ફેરફારની ઘટના લા નીના નથી. આમાં ધ્રુવીય હવામાન પણ જવાબદાર છે.

# ઓન્ટેરિયો પ્લેસ પાસે વિવિધ પ્રકલ્પો બનાવાશે : નવી ડિઝાઈનની દરખાસ્ત

**ટોરોન્ટો**

પ્રાંતીય સરકારે સત્તાવાર રીતે નવા ઓન્ટેરિયો પ્લેસ માટે તેની ડેવલપમેન્ટ એપ્લિકેશન સબમિટ કરી છે અને તેમાં લગભગ 12 એકર સુલભ જાહેર જગ્યા તેમજ "કુટુંબપ્રિય" આકર્ષણનો સમાવેશ થાય છે.

એક નિવેદનમાં ઈન્ફ્રાસ્ટ્રકચર મંત્રી કિંગા સુરમાએ એપ્લિકેશનને "એક આકર્ષક સીમાચિહ્નરૂપ" ગણાવતાં વચન આપ્યું હતું કે, એ ઓન્ટેરિયો પ્લેસને ફરીથી જીવંત બનાવવામાં મદદ કરશે. સુરમાએ જણાવ્યું હતું કે, એકવાર આ કામ પૂર્ણ થયા પછી પુનઃવિકાસિત ઓન્ટેરિયો પ્લેસ જાહેર જનતા માટે વર્ષમાં 365 દિવસ ખુલ્લું રહેશે, જેમાં મફત જાહેર પ્રવેશ અને દરેક જણ માણી શકે તેવા વોટરફ્રન્ટ ઉપલબ્ધ હશે. એ હજારો નવી નોકરીઓનું સર્જન પણ કરશે અને દર વર્ષે અંદાજે ચારથી છ મિલિયન મુલાકાતીઓને આકર્ષિત કરશે.

સોમવારે દરખાસ્તની વધુ વિગતો જાહેર કરતાં ઑસ્ટ્રિયન રિસોર્ટ ડેવલપર થર્મેએ કહ્યું હતું કે, તેને સાઈટના પશ્ચિમી ભાગનો પુનઃવિકાસ કરવા માટે રોકવામાં આવ્યો છે. આ ડિઝાઈનને સંપૂર્ણપણે ટકાઉ અને સુલભ હોવાનું માનવામાં આવે છે અને તેમાં 12 એકર મુક્તપણે સુલભ જાહેર જગ્યાનો સમાવેશ થાય છે, જે વર્ષભર ઉપલબ્ધ રહેશે. લીડર જેફ ક્રાફ્ટે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, અમે મૂળભૂત રીતે 12 એકરનું જાહેર ક્ષેત્ર વિતરિત કરી રહ્યા છીએ.

# ઓન્ટેરિયોમાં સત્તાવાળાઓની ટીકા વચ્ચે હાઉસિંગ બિલ પસાર કરાયું



## સત્તાધીશોના નિર્ણયથી પ્રોપર્ટી ટેક્સમાં વધારો થવાની ભીતિ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોએ સોમવારે વિકાસને વેગ આપવાના હેતુથી હાઉસિંગ બિલ પસાર કર્યું હતું. જો કે, ટીકાકારો કહ્યું હતુ કે, તેનાથી પ્રોપર્ટી ટેક્સમાં વધારો થશે. સંરક્ષણ સત્તાધિકારીની શક્તિઓ નબળી પડશે પણ એનાથી ઘરો વાસ્તવમાં વધુ સસ્તા થશે નહીં.

પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ સરકારના તાજેતરના હાઉસિંગ ફેરફારોની ગરમાગરમીમાં નવો કાયદો માત્ર એક ચાલ છે, જેમાં સંરક્ષિત ગ્રીનબેલ્ટ જમીનના કેટલાક વિસ્તારોને વિકાસ માટે આપવાની યોજનાનો સમાવેશ થાય છે અને કાઉન્સિલ સપોર્ટનો ત્રીજો ભાગ ટોરોન્ટો અને ઓટાવાના મેયરોને માત્ર એક સાથે બાય-લો પસાર કરવાની મંજૂરી આપે છે.

સરકાર 10 વર્ષમાં 1.5 મિલિયન ઘરો બાંધવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારે પ્રીમિયર ડગ ફોર્ડનું તેના ઉપર હાઉસિંગ દબાણ આવ્યું છે. જ્યારે ઊંચા ફુગાવા અને વ્યાજ દરોએ પહેલેથી જ પ્રાંતને હાઉસિંગ માટેના અનુમાનોને નીચા જવાની ફરજ પાડી છે. ઓન્ટેરિયો આગામી બે વર્ષમાં 80,000થી ઓછા નવા ઘરો બનાવે એવી અપેક્ષા છે. મ્યુનિસિપલ અફેર્સ અને હાઉસિંગ મિનિસ્ટર સ્ટીવ ક્લાર્કે જણાવ્યું હતું કે, ઓન્ટેરિયો ગંભીર હાઉસિંગ કટોકટીનો સામનો કરી રહ્યું છે અને તેને અસરકારક ઉકેલની જરૂર છે. બિલ પસાર થયા પછી ક્લાર્કે સોમવારે કહ્યું કે, જો આપણે ખરેખર આ પ્રાંતમાં પોષાય તેવા આવાસો બનાવીએ. જો તમામ મેયર અને કાઉન્સિલરો કે જેમણે તેમની મ્યુનિસિપલ ચૂંટણી દરમિયાન કહ્યું હતું કે, તેઓ તેમના સમુદાયોમાં વધુ આવાસ તકોને પ્રોત્સાહન આપવા માંગે છે, તો આ એક માર્ગ છે જે અંગે સરકારે સ્પષ્ટપણે કહ્યું છે કે અમે તપાસ કરવા માંગીએ છીએ.

બિલના સૌથી વિવાદાસ્પદ પાસાંઓ પૈકી એક એફોર્ડેબલ હાઉસિંગ, નોન-પ્રોફિટ હાઉસિંગ અને ઈન્ક્લુઝનરી ઝોનિંગ યુનિટ્સ એટલે કે, નવા વિકાસમાં પરવડે તેવા હાઉસિંગ તેમજ કેટલાક ભાડા એકમો બનાવવા માટે ડેવલપર્સ ચૂકવે છે તે ફ્રીઝિંગ, ઘટાડો અને મુક્તિ આપવી વગેરેનો સમાવેશ થાય છે.



# ટોરોન્ટોમાં મૃત્યુ પામનાર સાયકલસવાર ભારતીય વિદ્યાર્થી હોવાની વિધિવત પૃષ્ટિ

## સ્ટ્રીટ અને સેન્ટ ક્લેર એવન્યુ પાસેથી પસાર થતા યુવકને સફેદ પીકઅપે ટક્કર મારી

**ટોરોન્ટો**

મિડટાઉન ટોરોન્ટોમાં બુધવારે માર્યા ગયેલા 20 વર્ષીય સાયકલ સવારની ભારતમાં રહેતા પરિવારજનોએ ઓળખ કરી લીધી છે. કાર્તિક સૈનીયોંગે સ્ટ્રીટ અને સેન્ટ ક્લેર એવન્યુ પાસેથી લગભગ 4:30 વાગ્યે પસાર થઈ રહ્યો હતો, ત્યારે સફેદ પીકઅપ ટ્રકના ડ્રાઈવરે તેને ટક્કર મારી દીધી હતી.

પરિવારને આશા છે કે, સૈનીના મૃતદેહને યોગ્ય દફનવિધિ માટે શક્ય તેટલી વહેલી તકે ભારત મોકલવામાં આવશે. શેરિડન કોલેજે પુષ્ટિ કરી છે કે, તે ત્યાંનો જ વિદ્યાર્થી હતો. કૉલેજે શુક્રવારે એક ઈ-મેઈલમાં જણાવ્યું હતું કે, અમે કાર્તિકના આકસ્મિક અવસાનથી ખૂબ જ દુઃખી છીએ. અમે તેના પરિવાર, મિત્રો, સાથીદારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરીએ છીએ. ગુરુવારે પોલીસે જણાવ્યું હતું કે, ફોર્ડ એફ-250 ટ્રકનો ડ્રાઈવર સેન્ટ ક્લેર એવન્યુ પૂર્વ તરફથી પશ્ચિમ તરફ જઈ રહ્યો હતો અને યોંગે ઉત્તર તરફ જવા માટે તેણે જમણે વળ્યો હતો. તે જ સમયે સાયકલસવાર પણ યોંગે તરફ જઈ રહ્યો હતો. ફોર્ડ પિક-અપના ડ્રાઈવરે સાઈકલ સવારને ટક્કર મારી હતી અને યોંગે સ્ટ્રીટ પર બાઈક અને સાઈકલસવાર વાહનની નીચે આવીને ઘસડાયા હતા. ઈમરજન્સી સર્વિસે સાયકલસવારને પિક-અપ નીચેથી બહાર કાઢવાનો અને તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યો હતો.

# ખરીદીની પદ્ધતિ બદલાઈ: બ્લેક ફ્રાઈડે અને સાયબર મન્ડે ભૂલાવા માંડ્યા

**ટોરોન્ટો**

જ્યારે Shopify Inc.ના હર્લી ફીનકેલસ્ટીને નવેમ્બરના રિટેલ લેન્ડસ્કેપનું સર્વેક્ષણ કર્યું, ત્યારે બ્લેક ફ્રાઈડે ક્યાં પૂરો થયો અને સાયબર મન્ડે ક્યારે શરૂ થયો તેની પણ ખબર પડી નહોતી. વાર્ષિક પ્રિ-હોલિડે સેલ્સ બ્લિટ્ઝનો અર્થ ગ્રાહકોને ડિસ્કાઉન્ટેડ સામાન ઉપર રોકડ રકમ આપવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

તાજેતરના વર્ષોમાં એક સાથે બ્લૅક ફ્રાઈ-ડેના પ્રમોશનને એક દિવસથી વધુ લંબાવવામાં આવ્યું હતું અને ઑનલાઈન રિટેલર્સ સાયબર સોમવારના સોદા આખા અઠવાડિયામાં અથવા આખા મહિનામાં કરવાની તક આપી હતી. ઓટ્ટાવા ઈ-કોમર્સ જાયન્ટના પ્રમુખે જણાવ્યું હતું કે, બ્લેક ફ્રાઈડે/ સાયબર મન્ડે એક સપ્તાહાંત હતો, હવે તે એક સિઝન કરતાં પણ વધુ છે. રિટેલ ઉદ્યોગમાં ઘણાને લાગે છે કે, આ સાયબર સોમવારે બધું વધુ અસ્પષ્ટ હશે. કારણ કે, COVID-19ની હેલ્થ ક્રાઈસીસ બાદ શોપિંગ ટેવોને ફરીથી બદલવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રોગચાળા દરમિયાન, જેણે સ્ટોર્સને બંધ કર્યા અને લોકો પોતાનાં ઘરોમાં સ્વેચ્છાએ કેદ હતા, ત્યારે ઑનલાઈન શોપિંગમાં વધારો થયો હતો.


Travel Services
SPECIAL OFFERS
KLM Royal Dutch Airlines
(KL878 BOM-AMS) (KL691 AMS-YYZ)

| | |
|---|---|
| 16 DEC | BOM → AMS → TORONTO |
| 20 DEC | BOM → AMS → TORONTO |
| 13 JAN 2023 | BOM → AMS → TORONTO |
| 16 JAN 2023 | BOM → AMS → TORONTO |

ETIHAD KLM Royal Dutch Airlines
TORONTO - BOMBAY - TORONTO $2799 Including Tax

| | | | |
|---|---|---|---|
| 05 DEC | TORONTO → BOM | 13 JAN | BOM → TORONTO |
| 05 DEC | TORONTO → BOM | 16 JAN | BOM → TORONTO |

LIMITED SEATS AVAILABLE
WITH 2 BAGGAGE 23KG EACH
All tickets are non refundable and non Changeable Condition Apply*
tico.ca 50018836 IATA
DIPTESH PATEL +1 (647) 409-2976
905-790-8989 travelservices@bellnet.ca
2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6


# શહેરમાં આઈસ-સ્કેટિંગ રિંક ખુલશે અને ટોરોન્ટોવાસીને 'ક્રિસમસ વાઈબ' મળશે

**ક્યૂબેક**

તેર વર્ષની એલોઈસ ઈલુલ તેની ખૂશી રોકી શકી નહોતી. તેણે ટોરોન્ટોમાં એક મીડિયા સમક્ષ કહ્યું કે, તેને આઈસ સ્કેટિંગ કરવું ખૂબ ગમે છે. આ ખૂબ સારી વાત છે. ફરી બરફ ઉપર સ્કેટિંગ કરવાની વાતથી હું ખરેખર ખુશ છું. આ ક્રિસમસ વાઈબ છે. શનિવારે, ટોરોન્ટોએ સમગ્ર શહેરમાં સ્કેટર્સ માટે 38 આઉટડોર આઈસ રિંક ખોલીને ટ્વિટર ઉપર જાહેરાત કરી કે સ્કેટિંગ કરવાનો આ યોગ્ય સમય છે.

મેયર જ્હોન ટોરીએ ગ્રીનવુડ પાર્ક ખાતેથી જણાવ્યું હતું કે, આઈસ-સ્કેટિંગ એક લોકપ્રિય કેનેડિયન પરંપરા છે અને જે લોકો કેનેડામાં ઉછર્યા નથી તેઓ પણ બરફ પર સ્કેટિંગ કરવાનો લાભ લઈ રહ્યા છે. મેયર તરીકેના મારા સમયગાળા દરમિયાન દર વર્ષે આવતો આ એક રોમાંચક દિવસ છે. જે લોકોને આ ન ગમતું હોય, તેઓને પોતાના સમયને વધુ આનંદ દાયક બનાવવા માટે શિયાળામાં જે વિવિધ વસ્તુઓ ચાલી રહી છે, તેનો લાભ લેવાની તેઓને તક મળે છે. ઈલુલની માતા, એમેલી લેફેવરે, કૂતરાને બહાર ફરવા લઈ જતી હતી ત્યારે આઈસ-સ્કેટિંગ રિંક ખુલ્લી જોઈ હતી. જે બાદ તે ઘરે પાછી ગઈ અને એલોઈસ અને તેની નવ વર્ષની બહેન રોઝીને મળી. લેફેવરે કહ્યું કે, આ બહુ સારો પ્રયાસ છે. શહેરમાં રિંક અને પૂલ, તમને સક્રિય રાખે છે અને એ અદભુત છે. શહેર માટે આ ખૂબ જ યોગ્ય છે.


SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com




રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news


તંત્રી સ્થાનેથી

# ચૂંટણીમાં મૂળ મુદ્દાઓ વિસરાયા રમખાણ વિવાદ ચગાવવા ઉધામા



તંત્રી - સ્વદેશ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુરુવારે પ્રથમ તબક્કામાં 89 બેઠક માટે અંદાજે 64 ટકા આસપાસ મતદાન થયુ. હવે પાંચમી ડિસેમ્બરે બીજી તબક્કામાં ઉત્તર અને મધ્યગુજરાતમાં મતદાન થનાર છે. આમ તો છેલ્લાં એક મહિનાથી રાજકીય પાર્ટીઓના નેતાઓ ગુજરાતમાં આટાંફેરા મારી રહ્યા છે. ખાસ કરીને મોદીને આ વખતે 151 બેઠક જીતવાનું લક્ષ્ય હોવાથી છેલ્લાં 20 દિવસથી તેણે ગુજરાતમાં જાણે ધામો નાંખ્યો છે. બીજી તરફ કોંગ્રેસના મોવડી મંડળને તો ગુજરાતની ચૂંટણીમાં કોઈ જ રસ ન હોય, તેવું ચિત્ર ઉપસ્યુ છે. રાહુલ ગાંધીએ પણ સુરતના મહુવા અને સૌરાષ્ટ્રના રાજકોટ ખાતે એમ બે જ જનસભા કરી છે. જયારે અશોક ગેહલોત સિવાયના કોઈ નેતા ઝાઝુ ફરક્યા નથી. રાજ્યની વિધાનસભાની ચૂંટણીને પગલે આમ આદમી પાર્ટીની સક્રિયતાએ અનેક બેઠકના પરિણામો પ્રભાવિત કરે તેવી સ્થિતિ સર્જી છે.

આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે છેક 28મી સુધી પ્રચારમાં સયંમ રાખી પીએમ મોદી ઉપર સીધો હુમલો કર્યો ન હતો. એટલે ભાજપ નેતા રઘવાયા બની ગયા હતા. આમ આદમી પાર્ટી તો શિક્ષણ, ફ્રી વીજળી અને સુચારા આરોગ્ય સુવિધા જેવા મુદ્દે જ પ્રચાર કરી રહી હતી. તેની સામે 27 વર્ષથી ગુજરાતમાં રાજ કરનારા ભાજપ પાસે પ્રચાર માટે ખાસ કોઈ મુદ્દા નથી. આવા સંજોગોમાં આમ આદમી પાર્ટીનો ડર ભાજપના નેતાઓના ચહેરા ઉપર વર્તાવા માંડ્યો હતો. જો કે, ભાજપ માને છે કે, આપને કારણે કોંગ્રેસના મતો કપાતા તેને ફાયદો થશે. આમ છતાં ભાજપ આપને પણ કોઈ તક આપવા માંગતી નથી.

ભાજપે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શરૂઆતમાં વિકાસના નામે આ જંગ જીતવાની વાતો કરી હતી. પરંતુ લોકોને તેમાં ઝાઝો રસ ન પડ્યો. છેવટે ૨૦૦૨નાં રમખાણો પર જ આવીને અમીત શાહે હિંદુ મતોને એક કરવા પ્રયાસ કર્યો છે. ગુજરાતમાં ઉમેદવારો નક્કી કરવાથી માંડીને ચૂંટણીપ્રચારની વ્યૂહરચના સુધીનું બધું જ અમિત શાહ નક્કી કરે છે. એટલે શાહને પાર્ટીમાંથી કોઈ કંઈ કહેવાવાળુ નથી.

ચૂંટણી પહેલાંના ઓપિનિયન પોલ ગુજરાતમાં ભાજપને ૧૪૦ જેટલી વિક્રમસર્જક બેઠકો મળશે એવો દાવો કરાયો છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપને મહત્તમ ૧૨૭ બેઠક મળી હતી એ જોતાં આ વખતે મોદીનો રેકોર્ડ તૂટશે એવી આગાહી થઈ રહી છે, પણ ભાજપને આ વાતમાં ભરોસો નથી તેનું કારણ આમ આદમી પાર્ટીનો વધી રહેલો પ્રભાવ છે.

શરૂઆતના ઓપિનિયન પોલમાં આમ આદમી પાર્ટીને સમ ખાવા પૂરતી એક-બે બેઠકો મળશે એવી આગાહી હતી. પણ ધીરે ધીરે આ બેઠકો વધી છે. છેલ્લે જે પોલ આવ્યા તેમાં એક પોલમાં આ આંકડો ૧૦-૧૨ ઉપર પહોંચ્યો છે, જ્યારે એક ટોચના મીડિયા હાઉસના પોલમાં પચ્ચીસેક બેઠક મળવાની આગાહી કરાઈ છે. કૉંગ્રેસને મહત્તમ ૪૦ બેઠક મળશે એવી આગાહીઓ થઈ રહી છે.

જો કે, ભારતમાં ઓપિનિયન પોલ અનેક વખત ખોટા પડ્યા છે. કૉંગ્રેસની સરખામણીમાં આમ આદમી પાર્ટી વધારે આક્રમક છે. વળી, દિલ્હી મોડલની વાતો લાખો ગુજરાતીઓને ગળે ઉતરી રહી છે. હવે આ મુદ્દે કેટલાક લોકો મત આપે તો ભાજપને મુશ્કેલી પડે તેમ છે.


આ ઉપરાંત કૉંગ્રેસની જેમ આમ આદમી પાર્ટીની છાપ મુસ્લિમ પાર્ટી તરીકેની નથી, પણ અરવિંદ કેજરીવાલ તો સવાયા હિંદુ બનીને વર્તી રહ્યા છે. ઉપરાંત તેઓને દેશ વિરોધી ચિતરવાનો કિમીયો પણ અત્યાર સુધી ભાજપને ફાવટ આવ્યો નથી. કેજરીવાલ તેની દરેક સભાના શરૂઆત ભારત માતા કી જય, વંદે માતરમ જેવા નારાથી કરીને ભાજપની બોલતી બંધ કરી દીધી છે.

આવા સંજોગોમાં ગુજરાતમાં અમિત શાહ એક સપ્તાહથી દરેક સભામાં ૨૦૦૨ના કોમી રમખાણોનો મુદ્દો ઉપાડી રહ્યા છે. શાહ કહેતા ફરે છે કે, તે લોકોએ છમકલું કરવાની હિંમત કરી હતી, પણ ૨૦૦૨માં એવો પાઠ ભણાવ્યો કે હવે નામ નથી લેતા. શાહ પોતાના ભાષણમાં વારંવાર એ લોકો શબ્દ વાપરે છે. 'એ લોકો' એટલે કોણ તેની સ્પષ્ટતા કરતા નથી. શાહ એ વાત પર પણ ભાર મૂકે છે કે, ગુજરાતમાં ૧૯૯૫ પહેલાં કૉંગ્રેસનું રાજ હતું ત્યારે વારંવાર કોમી રમખાણો થતાં હતાં. કૉંગ્રેસ પોતે જ અલગ-અલગ ધર્મ અને સમુદાયના લોકોને ભડકાવીને એકબીજા સામે લડાવતી હતી તેથી છાશવારે ગુજરાતમાં કોમી રમખાણો થતાં હતાં.

શાહના નિવેદન સામે અસદુદ્દીન ઓવૈસી અને તૃણમૂલ કૉંગ્રેસનાં મહુવા મોઈત્રા કૂદી પડ્યાં છે, પણ કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી ચૂપ છે. કારણ કે આ બંને પાર્ટીને ખબર છે કે, ભાજપ અત્યાર સુધી ગુજરાતમાં હિંદુત્વને આગળ ધરીને ચૂંટણીજંગ જીતતો આવ્યો છે. એટલે જ આપ અને કોંગ્રેસે આ વેળા આખી રણનીતિ બદલી કાઢી છે. મોદી કે ભાજપના કોઈ નેતા પર સીધા આક્ષેપો કરવાથી તેઓ બચી રહ્યા છે. ખડગેએ મોદી વિશે રાવણ શબ્દના કરેલા પ્રયોગ સિવાય કોઈ મુદ્દો વિવાદ સર્જી શકે તેમ નથી. એટલે હવે મોદી ખુદ વિકાસની વાતો છોડીને કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ અમદાવાદ ખાતે કરેલા રાવણ શબ્દના ઉલ્લેખનો મુદ્દો ચગાવવા પ્રયાસો કરવા માંડ્યા છે. જો કે, પ્રથમ તબક્કાના મતદાન સુધી મોદીની આ ઈચ્છા ફળીભૂત થતી જણાય ન હતા. આ મુદ્દે સામસામી પટ્ટાબાજી નથી થઈ રહી.

ભાજપ ગુજરાતમાં ૨૭ વર્ષથી શાસનમાં છે. ૨૭ વર્ષના શાસન પછી પણ ભાજપે માત્રને માત્ર પોતે કરેલાં વિકાસના કામોના જોરે ચૂંટણી લડવાની હિંમત બતાવવાના બદલે વળી વળીને ૨૦૦૨નાં રમખાણોની વાત પર આવવું પડે એ કમનસીબી કહેવાય. પણ આ ગુજરાતના રાજકારણની વાસ્તવિકતા છે. ગુજરાતમાં ૨૦૦૨માં થયેલાં કોમી રમખાણોના પગલે નરેન્દ્ર મોદી હિંદુઓમાં હીરો તરીકે ઊભર્યા પછી ગુજરાતનું રાજકારણ હિંદુત્વલક્ષી અને મોદીલક્ષી થઈ ગયું છે. ૨૦૦૨ પછીની દરેક ચૂંટણીમાં મોદીના નામે લોકો ભાજપ તરફી મતદાન કરતા રહ્યા છે. તેના કારણે ભાજપ વિકાસની વાતો ભલે કરે પણ અંતે વાત હિંદુત્વ પર જ આવીને ઊભી રહી જાય છે. ભાજપ સિવાયના પક્ષો હિંદુ વિરોધી છે એ સાબિત કરવા પણ તે સતત મથામણ કરે છે. કૉંગ્રેસ ઉપર તો મુસ્લિમ પાર્ટીનું લેબલ પહેલાં જ લાગી ગયું હોવાથી કૉંગ્રેસને હિંદુ વિરોધી સાબિત કરવા બહુ મથામણ કરવી નથી પડતી, પણ અરવિંદ કેજરીવાલવી વાત અલગ છે. કેજરીવાલ હિંદુ વિરોધી છે એ સાબિત કરવાની મથામણ છતાં ભાજપને ગુજરાતમાં હજી સફળતા મળી નથી. તેથી છેવટે હવે ૨૦૦૨નાં રમખાણોનો મુદ્દો ભાજપે લાવવો પડ્યો છે.

ભાજપે આ મુદ્દો ઉખેળવો પડે છે તેનો અર્થ એ કે, ભાજપને પોતાના વિકાસના કહેવાતા એજન્ડા કે મોદી મેજિક ઉપર પણ બહું વિશ્વાસ રહ્યો નથી. એટલે 27 વર્ષના શાસન પછી પણ ભાજપે હિંદુત્વને નામે જ ચૂંટણી જંગમાં ઉતરવુ પડ્યું છે.



manoj1968@yahoo. ca






# સાણંદ ખાતે અધિકારીનું મોત: ઉમેદવારોના ફોર્મ રદ કરવા નેતાનું દબાણ હોવાની ચર્ચા

## કેસની ઉંડાણપૂર્વક તપાસ કરવા માંગઃ મૃતક કાવતરાનો ભોગ બન્યાનો આક્ષેપ

**સાંણદ**

સાણંદ પ્રાંત અધિકારી રાજેન્દ્ર પટેલ કોઈ કાવતરાનો ભોગ બન્યાની પરિવારે આશંકા વ્યક્ત કરી છે. બીજી તરફ વિસ્તારમાં પટેલ વિધાનસભાના ઉમેદવારોના ફોર્મ રદ કરવા માટે નેતાનું દબાણ હોવા છતાં તેઓએ મચક આપી ન હોવાની ચર્ચા શરૂ થઈ છે. આ બાબત પણ પટેલના મોત માટે જવાબદાર હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. મૃતકના ભાઈએ માંગ કરી છે કે, ચૂંટણી પંચ પોતાના ચૂંટણી અધિકારીના રહસ્યમય મોત મામલે રસ લઈને ઉંડાણપૂર્વક તપાસ કરાવવી જોઈએ. સૂત્રોના જણાવ્યા મુજબ રાજેન્દ્ર પટેલના મોબાઈલ ફોન નંબરની કોલ ડિટેઈલ, સોશિયલ મીડિયા એકાઉન્ટ, ચેટ અને કોલ વગેરેની તપાસ થાય તો મૃતક પર કોણું દબાણ વધુ પડતું હતું તે બહાર આવી શકે તેમ છે. મૃતકના સમાજના આગેવાનોએ પણ મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને પત્ર લખી મૃતક કાવતરાનો ભોગ બન્યાનો આક્ષેપ કરી યોગ્ય તપાસ કરી તથ્ય બહાર લાવવા માટે રજૂઆત કરી છે.

સાણંદ પ્રાંત અધિકારી રાજેન્દ્ર પટેલના રહસ્યમય મોત અંગે હાલ પોલીસે આત્મહત્યાનો દાવો કર્યો છે. જો કે, પરિવારે હત્યા થયાનો આક્ષેપ કરી તપાસ સીબીઆઈ કે સ્વતંત્ર એજન્સીને સોંપવામાં આવે તેવી માંગ કરી છે. બીજી તરફ રાજેન્દ્ર પટેલ જે ઉમેદવારો પોતાના ફોર્મ પરત ખેંચી સમાધાન કરવા તૈયાર ના થાય તેઓના ફોર્મ રદ કરવા માટે નેતાનું દબાણ હોવાની ચર્ચાએ જોર પકડયું છે.

# પેટલાદમાં ઉધોગો મૃતપાય હાલતમાં રોજગારી અંગેનો પ્રશ્ન વિકટ બન્યો

**આણંદ**

પેટલાદ વિધાનસભા બેઠક આણંદ લોકસભા મત વિસ્તાર હેઠળ આવે છે. જેમાં પેટલાદ શહેર અને તાલુકાના 39 ગામ અને બોરસદ તાલુકાના 14 ગામોનો સમાવેશ થાય છે. આ બેઠક પર 1963થી 13 વખત યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે 9 વાર અને ભાજપ, જનતા દળ, સંસ્થા કોંગ્રેસ અને સ્વતંત્ર પક્ષે એક-એક વખત જીત મેળવી છે. છેલ્લી પાંચ ચૂંટણીમાં ચાર વખત કોંગ્રેસના નિરંજન પટેલ જ્યારે એક વખત ભાજપના ઉમેદવાર સી.ડી. પટેલ આ બેઠક પર વિજેતા થયા હતા. ઉલ્લેખનીય છે કે ભાજપના વિજેતા ઉમેદવાર સી.ડી. પટેલ યાત્રાધામ વિકાસ અને સહકાર વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રહ્યા હતા. આ બેઠક ઉપર થયેલ 13 ચૂંટણી પૈકી 10 ચૂંટણીઓમાં પાટીદાર ઉમેદવાર વિજેતા થતા પાટીદારા ઉમેદવારનો દબદબો રહ્યો છે. પેટલાદમાં ગાયકવાડ રાજથી ઉપલબ્ધ કરાવાયેલ રેલવેની સુવિધા નાગરિકો માટે આજે પણ આશિર્વાદ સમાન છે. તો બીજી તરફ પેટલાદમાં સ્થપાયેલા મોટા ઉદ્યોગો છેલ્લા ઘણા વર્ષોથી મૃત:પ્રાય અવસ્થામાં પહોંચતા રોજગારીનો પ્રશ્ન વિકટ બન્યો છે.

# કેનેડામાં એડમિશનના નામે નાણાં પડાવનાર એજન્ટ ઝબ્બે

**વડોદરા**

કેનેડામાં એડમિશનના નામે યુવતી પાસે રૂપિયા પડાવનાર એજન્ટ મુબારક દીવાન ઉર્ફે મુકેશ પટેલને ત્રણ વર્ષ બાદ પોલીસે રાજસ્થાનના ઉદેપુર નજીક એક ઢાબામાં આશ્રય લેનાર મુબારક દીવાન (સરસ્વતી પાર્ક-૨,આમરોલીરોડ, અંકલેશ્વર) ઝડપી પાડયો છે. મુબારક ઉર્ફે મુકેશને વધુ તપાસ માટે કારેલીબાગ પોલીસને સોંપવાની તજવીજ કરવામાં આવી છે.

કારેલીબાગ વિસ્તારના આનંદનગર ખાતે રહેતી અંકિતા નામની યુવતીને વર્ષ-૨૦૧૯માં કેનેડા જવું હોવાથી તેના પરિચિત મારફતે ટ્રાવેલ એજન્ટ મુબારક દીવાન ઉર્ફે મુકેશ પટેલનો સંપર્ક થયો હતો.મુબારકે એડમિશન થઇ ગયું છે અને રૂપિયા મેં ભરી દીધા છે તેમ કહી યુવતી પાસે રૂ.૩ લાખ પડાવ્યા હતા. કેનેડા જવા માટે એડમિશન લેટર નહિં આવતાં યુવતીએ મુબારક પાસે રૂપિયા માંગ્યા હતા.જેથી તેણે ઝાડેશ્વર ખાતે તેની ટ્રાવેલ ઓફિસે આવી રૂપિયા લઇ જવા કહ્યું હતું.યુવતી ત્યાં પહોંચી ત્યારે આવી કોઇ ટ્રાવેલ ઓફિસ મળી નહતી. મુબારકે તેનો ફોન પણ બંધ કરી દીધો હતો. દરમિયાનમાં મુબારક રૂપિયા લેવા આવ્યો ત્યારે યુવતીએ કારનો નંબર નોંધી લીધો હોવાથી તે કાર માલિક સુધી પહોંચી હતી.

# વડોદરાના શિક્ષક પાસે 20 વર્ષના વિશ્વની ચૂંટણી પરિણામોના પેપર કટીંગનો સંગ્રહ

## બે બાળકોના કોલેજ સુધીના દફ્તરો અને પાઠ્યપુસ્તકો પણ સાચવી રાખ્યા છે

**વડોદરા**

વડોદરાના કરોળિયા રોડ પર ક્ષત્રિય સોસાયટીમાં રહેતા શિક્ષક હસમુખ પરમારને અનોખો શોખ છે. તેઓ છેલ્લા 20 વર્ષથી પેપરમાં આવતા દુનિયાભરને ચૂંટણીના સમાચારો તેના પરિણામો અને વિશ્વભરના રાજકીય નેતાઓની તસવીરોનો સંગ્રહ કરી રહ્યા છે તેમની પાસે સંગ્રહ એટલો મોટો થઈ ગયો છે કે હવે તેમના ઘરમાં રાખવાની પણ જગ્યા નથી.

હસમુખભાઈ કહે છે કે “મને રાજકારણ અને ક્રિકેટમાં રસ પડે છે 20 વર્ષ પહેલા મને વિચાર આવ્યો કે દેશ વિદેશમાં બનતી રાજકીય ઘટનાઓ અને ખેલ જગતમાં બનતી ઘટનાઓનો સંગ્રહ કરવો જોઈએ મારે ઘરે વર્ષોથી ગુજરાત સમાચાર આવે છે એટલે મેં પેપરમાં આવતા સમાચારો અને ફોટાઓનું કટીંગ કરી તેનો સંગ્રહ કરવાનું ચાલુ કર્યું જે આજે પણ ચાલે છે મારી પાસે છેલ્લા 20 વર્ષના દુનિયાભરની ચૂંટણીના વિશ્લેષણો અને તેના પરિણામોની સાથે સાથે વિશ્વના દરેક રાજકીય નેતાઓના ફોટાઓ નું કટીંગ છે ઉપરાંત પેપરમાં આવતા સ્પોર્ટ્સના પાનાનો પણ ૨૦ વર્ષનો સંગ્રહ મારી પાસે છે. સચિન તેંડુલકરની હજારો તસવીરનો પણ સંગ્રહ છે આ ઉપરાંત અમિતાભ, અભિષેક, ઐશ્વર્યા અને માધુરી દીક્ષિતની પણ તસવીરો મોટા પ્રમાણમાં છે” “આટલું જ નહીં દુનિયામાં સર્જાયેલી કુદરતી આફતો જેમ કે પુર, ભૂકંપ અને દાવાનળને લગતા સમાચારોનો સંગ્રહ પણ મારી પાસે છે.


નવા વર્ષની શુભકામનાઓ...

ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL
$ 11.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$14.99 (M-T) / $15.99 (F-S)
Call us for details

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નંઃ ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# ભચાઉ કેનાલમાં ત્રણ બાળકો ડુબી ગયાં 24 કલાક વીત્યા છતાં ગોતાખોર ન આવ્યાં

## ઉપરછલ્લી કામગીરીથી અતિમ સંસ્કાર માટે બાળકોના દેહ ન મળી રહ્યાંનું આક્રંદ

**ગાંધીધામ**

શનિવારે સાંજે ભચાઉની પરમ શાંતિ અંગ્રેજી સ્કૂલમાં ધોરણ ૮માં અભ્યાસ કરતા ૬ વિદ્યાર્થીઓ સાંજના સમયે લોધેશ્વર સંપ હાઉસાથી ૫૦૦ મીટર દૂર નર્મદા કેનાલ પાસે ફરવા ગયા હતા. તેમાં હિમાંશું અને ધ્વ નામના બાળકો બહાર રહ્યા હતા જયારે વિશાલ ઉપરાંત વિવેક શક્તિસિંહ ચૌહાણ, પ્રિન્સ જીતેન્દ્ર ઓઝા, આલોક રમેશ પંડયા કેનાલના પાણીમાં ન્હાવા પડ્તા વહેતા પ્રવાહમાં તણાઈ ગયા હતા.



આ બનાવમાં વિશાલ નામનો બાળક સદભાગ્યે નજીકની દીવાલને પકડી લેતા પંપ હાઉસના કર્મચારીએ તેને બચાવી લીધો હતો. પરંતુ બાકીના ત્રણ બાળકો ન મળતા તંત્રને જાણ કરવામાં આવતા ભચાઉ સુધારાઈની ફાયર ટીમ અને પોલીસ સ્ટાફ ઘટના સૃથળે દોડી ગયા હતા. જ્યાં મોડી રાત સુધી શોધખોળના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જે બાદ પાણીમાં ડૂબેલા બાળકો કેનાલના સાયફનમાં ફસાયા હોવાની ધારણાંને પગલે નર્મદાના પાણી બંધ કરવા જરૂરી જણાઈ હતી. જે થોડી વાર માટે બંધ કરવામાં આવ્યા બાદ ફરી શરૂ થઈ જતા મુશ્કેલીઓ સર્જાઈ હતી. કેમ કે અગર પાણી બંધ કરવામાં આવે તો જ બાળકો મળી શકે એવી સ્થિતિ હતી.

# જામનગરમાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવાનની છરી ભોંકી હત્યા

**જામનગર**

જામનગર શહેરના શંકરટેકરી સુભાષપરા શેરી નં.7 રામાપીરના મંદિરવાળી શેરી વિસ્તારમાં રહેતો ગૌતમ ઉર્ફે ગુંડા દિનેશભાઈ સિંગરખીયા (ઉ.વ.22) નામનો યુવક ગત રાત્રિના સમયે તેના મિત્ર ધમા ફફલ સાથે તેના ભાઈના જૂના મકાને જતાં હતાં. ત્યારે હનુમાન ટેકરી મેલડી માતાના મંદિર પાસે પહોંચ્યા ત્યારે હિતેશ ઉર્ફે ફોગો બાબુ રાઠોડ નામના શખ્સ કોઈ સાથે બોલાચાલી અને ઝઘડો કરતો હતો. તે દરમિયાન ગૌતમે વચ્ચે પડી છોડાવવા જતા ગૌતમ સાથે બોલાચાલી અને ઝપાઝપી કર્યા બાદ ઉશ્કેરાઈને છરીનો એક ઘા ડાબા કાન પાછળ અને બીજો જીવલેણ ઘા ડાબા પડખામાં ઝીંકયો હતો. જીવલેણ હુમલાથી ઘવાયેલા ગૌતમને સારવાર માટે જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર કારગત નિવડે તે પહેલાં યુવકનું મોત નિપજતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. બનાવની જાણ થતા પીઆઈ પી.એલ. વાઘેલા તથા સ્ટાફ ઘટનાસ્થળે અને હોસ્પિટલે દોડી ગયો હતો. મૃતકના ભાઈ નીતિન દિનેશભાઈ સીંગરખીયા (રે. શંકરટેકરી, સુભાસ પરા શેરી નં. 7) ની ફરિયાદના આધારે હિતેશ વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પોરબંદરમાં નામચીન હિસ્ટ્રીશીટર અંતે પાસા હેઠળ પાંજરે ધકેલાયો

**પોરબંદર**

પોરબંદરના સોશ્યલ મીડીયામાં આગેવાનો વિરૂધ્ધ આડેધડ ટીકા ટીપ્પણીઓ કરવા સહિત ખંડણી માંગવાની અને અધીકારીની ફરજમાં રૂકાવટ સહિત પોલીસમથકમાં હુમલાનો પ્રયાસ જેવા ગુન્હાઓમાં સંડોવાયેલ શખ્સને તાજેતરમાં જ પંજાબ ખાતેથી પકડી લેવામાં આવ્યો હતો, જેને પાસાના પીંજરે પુરી દેવામાં આવ્યો છે. આરોપી પ્રફુલભાઈ ભગવાનજીભાઈ દતાણી (ઉ.વ.42, રહે. ભારતીય વિદ્યાલય પાસે,શેરી નં. 8, હરીઓમ મેડીકલ સામે, છાયા, પોરબંદર) વિરૂધ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરીને મોકલતા પોરબંદર જિલ્લા મેજીસ્ટ્રટે અશોક શર્મા દ્વારા પાસા હેઠળ સુરત, જેલમાં અટકાયતમાં રહેવા પાસા વોરંટ ઈસ્યુ કરતા એલ.સી. બી. પી.આઈ. એચ.કે. શ્રીમાળીએ વોરંટની બજવણી કરી મધયસ્થ જેલ સુરત ખાતે મોકલી આપેલ છે.

# જુનાગઢમાં કેફી પીણું પીધા બાદ મિનિટોમાં બે રીક્ષાચાલકના મોત

**જુનાગઢ**

જૂનાગઢના ગાંધી ચોક વિસ્તારમાં સાંજ ઢળ્યા પછી એક રીક્ષા ચાલકે પોતાની જ રીક્ષામાં પ્લાસ્ટિકની એક બોટલમાંથી લાલ કલરનું પીણું ગ્લાસમાં ભરીને પીધાંની ગણતરીની મિનિટોમાં જ ઢળી જતા તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. આ દરમ્યાન તે ગ્લાસમાંથી બીજા એક રીક્ષા ચાલક પણ ઘૂંટડો ભર્યો અને તે પણ ઢળી પડતા તેને પણ સિવિલમાં લાવવામાં આવ્યા હતા, ત્યારે ફરજ પરના તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. મૃતકમાં એક 45 વર્ષના રફીક ઘોઘારી અને બીજો જોન નામનો યુવાન હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાની જિલ્લા પોલીસ વડાને જાણ થતા ડીવાયએસપી હિતેશ ધાધલિયા, પી.આઈ., પી.એસ.આઈ. સહિતનો કાફલો સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યો હતો. હાલ તો આ મામલે બંને યુવકોના મોતનું સાચું કારણ જાણવા માટે ફોરેન્સિક પીએમ કરાવીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. જૂનાગઢમાં ઝેરી પ્રવાહી પી જતા બે વ્યક્તિના શંકાસ્પદ મોત મામલે જૂનાગઢ પોલીસવડાએ ખુલાસો કર્યો છે બંને શખ્સો ના મોત પોઈઝન એટલે કે ઝેર ને કારણે થયા હોવાનું ખુલવા પામ્યું છે.

# અબડાસાઃ 'આપ' ઉમેદવારના અપહરણનો આક્ષેપ, સ્વયંભૂ ગયાનો પોલીસનો દાવો

**ભુજ**

અબડાસા આપના ઉમેદવાર વસંત ખેતાણી લાપતા બન્યા હતા. બપોરે તેમના નિવાસ સૃથાને તપાસ કરાઈ હતી પણ ઘરે પણ હાજર મળ્યા ન હતા. ત્યારે ભાજપના ગુંડાઓ અમારા ઉમેદવારને ત્યાંથી કોઈ અજાણ્યા સૃથળે લઈ ગયા હોય તેવું લાગે છે. ઉમેદવારનો ફોન પણ સ્વીચ ઓફ આવે છે. તેમના લોકેશનની કોઈને ખબર નાથી. અમારા ઉમેદવાર પર માનસિક, શારીરિક અને ભાવનાત્મક રીતે દબાણ કરવામાં આવી રહ્યું છે તેમ કહ્યુ હતુ. અબડાસા આપના કાર્યકરોએ આક્ષેપ કર્યો છે કે, અત્યારે ચૂંટણી ચાલી રહી છે. લોકો એ પણ નક્કી કરી રહ્યા છે કે કઈ પાર્ટીને વોટ આપવો અને કોને નહીં. આ વચ્ચે ભાજપના ગુંડાઓ આમ આદમી પાર્ટીથી એટલા ડરી ગયા છે કે તેઓએ અમારા અબડાસા બેઠકના ઉમેદવારનું અપહરણ કરી લીધું છે.



# PM મોદીને ધમકી ભર્યો ઇ-મેઇલ કરનાર યુવક બદાયુથી ઝડપાયો

## અમન સક્સેના નામનો યુવક IIT મુંબઇનો વિધાર્થી, યુવક માનસિક અસ્થિર હોવાનો પરિવારનો દાવો

**અમદાવાદ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સત્તાવાર ઈમેઈલ પર ધમકી ભર્યો મેઈલ કરનાર અમન સક્સેના નામના યુવકને ગુજરાત એટીએસની ટીમ દ્વારા શનિવારે મોડી સાંજે ઉત્તરપ્રદેશના બદાયુથી મોડી સાંજે ઝડપી લેવામાં આવ્યો હતો. મુંબઇ આઈઆઈટીમાં ગ્રેજ્યુએશન કરનાર અમન સક્સેનાએ તેના મોબાઈલ ફોનથી પીએમઓ પર ઈમેઈલ કર્યો હતો. જે અંગે એટીએસની ટીમ તેને અમદાવાદ લાવીને વધુ પુછપરછ કરશે.

થોડા દિવસ પહેલા પ્રધાનમંત્રી સત્તાવાર ઈમેઈલ પર કોઈ અજાણ્યા ઈમેઈલથી ધમકી ભર્યો મેઈલ આવ્યો હતો. જેમાં ગુજરાતની ચૂંટણીનો ઉલ્લેખ કરીને ધમકી આપવામાં આવી હતી. હાલ ગુજરાતમાં નરેન્દ્ર મોદીના ગુજરાતમાં સતત પ્રવાસ હોવાને કારણે આ અંગે ગુજરાત એટીએસને પણ જાણ કરવામાં આવી હતી. જેના આધારે ટેકનીકલ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં શનિવારે વહેલી ઈ મેઈલનું આઈપી એડ્રેસ મળ્યું હતું. જે ઉત્તરપ્રદેશના બદાયુ શહેરનુ હતું. જેથી એક ટીમને તાત્કાલિક બદાયુ રવાના કરવામાં આવી હતી અને તેમણે સિવિલ લાઈન્સ પોલીસની મદદ લઈને બદાયુના આદર્શનગરમાં રહેતા અમન સક્સેના નામના યુવકને ઝડપી લીધો હતો. તેણે જે મોબાઈલથી ઈ-મેઈલ કર્યો હતો તે મોબાઈલ ફોન પણ પોલીસે જપ્ત કર્યો હતો. આ અંગે એટીએસના ડીઆઈજી દીપન ભદ્રેને જણાવ્યું કે અમનને અમદાવાદ ખાતે લાવીને પુછપરછ કરવામાં આવશે. જે બાદ ચોક્કસ વિગતો બહાર આવી શકે તેમ છે.અમને આઈઆઈટી મુંબઈથી ગ્રેજ્યુએશન કર્યું હોવાનું જાણવા મળ્યુ છે અને તે થોડા દિવસ પહેલા બદાયુ આવ્યો હતો. તો બીજી તરફ અમનના સુભાષ સક્સેનાએ દાવો કર્યો હતો કે અમન માનસિક બિમાર છે.

# ખંભાતમાં રોડ પર અકસ્માત: પિતાનું મોત, પુત્ર ઘાયલ

**ખંભાત**

ખંભાત તાલુકાના રોહિણી ગામે રહેતા મહેશભાઈ રૂપાભાઈ ડાભી ગતરોજ સાંજના સુમારે પુત્ર રવિને મોટરસાયકલ પર બેસાડી ગોલાણા રોડ તરફ જવા નીકળ્યા હતા. દરમ્યાન સાંજના સુમારે તેઓની મોટરસાયકલ રોહિણી-ગોલાણા રોડ ઉપરથી પસાર થઈ રહી હતી ત્યારે પૂરપાટ ઝડપે આવી ચડેલ એક ફોરવ્હીલરના ચાલકે તેઓની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. જેને લઈ મોટરસાયકલ પર સવાર પિતા-પુત્ર રસ્તા ઉપર પટકાતા મહેશભાઈને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજ્યું હતું. પુત્ર રવિભાઈને શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતને પગલે મોટરસાયકલનો ખુડદો બોલી ગયો હતો. બનાવને પગલે આસપાસના વિસ્તારમાંથી લોકોના ટોળેટોળાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માત સર્જનાર ફોરવ્હીલરનો ચાલક વાહન ઘટનાસ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો.

# પ્રમુખસ્વામીના શતાબ્દી મહોત્સવમાં સુરક્ષા-માઇક્રો પ્લાનીંગનું કોમ્બીનેશન

**અમદાવાદ**

પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવમાં સેવા આપવા માટે હજારો હરિભક્તો સેવામાં જોડાયા છે. તો જ્યારે શતાબ્દી મહોત્સવ શરૂ થશે ત્યારે રાઉન્ડ ધ ક્લોક હરિભક્તો વિવિધ વિભાગોમાં સેવા માટે જોડાશે. જે સાત દિવસથી માંડીને એક મહિના સુધી પ્રમુખસ્વામીનગરમાં જ રહીને સેવા આપશે. ત્યારે વિવિધ વિભાગોમાં સેવા આપતા માત્ર હરિભક્તોના નામની યાદી રાખવાને બદલે શતાબ્દી મહોત્સવમાં અનોખુ આયોજન કર્યું છે. જેમાં હજારો હરિભક્તોના ઓળખપત્ર ક્યુ આર કોડ સાથે તૈયાર કર્યા છે. જેમાં હરિભક્તનું નામ, સરનામું, બ્લડ ગુરપની વિગતો એકત્ર કરવામાં આવી છે. જેની માહિતીના એકત્ર કરવાની સાથે આઈ કાર્ડ પર ફોટો , વિભાગ, જેવી માહિતી મુકવામાં આવી છે.

# નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમા સામેલ થયું

અમદાવાદ : અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સામેલ થયું છે. ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહે રવિવારે ગિનીસ રેકોર્ડ સાથેના ફોટાને ટ્વીટ કરીને લખ્યું હતું કે મને ગર્વ અને આનંદ છે કે જીસીએ મોટેરાના ભવ્ય નરેન્દ્ર મોદી સ્ટેડિયમને એક જ ટી-20 મેચમાં સૌથી વધુ સંખ્યામાં પ્રેક્ષકો માટે ગિનિસ બુક રેકોર્ડમાં સામેલ કરવામાં આવ્યું છે. 29 મે 2022ના રોજ આઈપીએલ ફાઈનલ દરમિયાન સ્ટેડિયમમાં 101,566 દર્શકો હતા. ફિફા વર્લ્ડકપ 2022માં મેક્સિકો સામેની મેચમાં લિયોનલ મેસીએ એક અનોખો રેકોર્ડ બનાવ્યો હતો. 1966માં ટૂર્નામેન્ટની શરૂઆત થઈ ત્યારથી સ્કોર કરવામાં મદદ કરવામાં સૌથી યુવા અને સૌથી વધુ વયનો ખેલાડી બન્યો હતો.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga WE MOVED TO 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM
NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4. 416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમેરિકાની ફ્લાઈટમાં ૬૦% ગુજરાતી છતાં ગુજરાતથી ડાયરેક્ટ ફ્લાઈટ નહીં

## ગુજરાતીઓને અમેરિકા જવા હાલ ફ્લાઇટ બદલવી પડતી હોવાથી ભારે હાલાકી

**અમદાવાદ**

અમદાવાદ ખાતે ૧૫ ડિસેમ્બરથીયોજાનારા પ્રમુખસ્વામી જન્મશતાબ્દિ મહોત્સવ માટે વિદેશથી ૧ લાખ ગુજરાતીઓ આવવાના છે, આ પૈકી મોટાભાગના અમેરિકા છે. એટલું જ નહીં અમેરિકા અવર-જવર કરતી કોઈપણ ફ્લાઈટમાં સરેરાશ ૬૦ ટકા ગુજરાતીઓ હોય છે. આમ છતાં ગુજરાતથી અમેરિકા માટે કોઈ ડાયરેક્ટ ફ્લાઈટ નહીં હોવાથી ગુજરાતીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર એર ઈન્ડિયાએ તાજેતરમાં મુંબઈ-ન્યૂયોર્ક, દિલ્હી-મિલાન, દિલ્હી-વિયેના, દિલ્હી-કોપેનહેગન વચ્ચે આવતા વર્ષથી ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરવાની જાહેરાત કરી છે. જોકે, અમેરિકા માટે ડાયરેક્ટ ફ્લાઈટમાં અમદાવાદને ફરી નજરઅંદાજ કરવામાં આવ્યું છે. હાલમાં ગુજરાતથી અમેરિકા જતાં મુસાફરોને દિલ્હી,મુંબઈ, બેંગલોરથી ફ્લાઈટ બદલવી પડે છે. જેના કારણે સ્થિતિ એ સર્જાય છે કે, આ એરપોર્ટ પહોંચ્યા બાદ તેમને ૯-૧૦ કલાક સુધી એરપોર્ટમાં બેસી રહેવું પડે છે. આ એરપોર્ટથી જ અમેરિકા જવા ચેક-ઈન, સિક્યુરિટીમાંથી પસાર થવું પડે છે. જેના કારણે ખાસ કરીને વૃદ્ધોને ભારે પરેશાની નડે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૦૭માં અમદાવાદથી અમેરિકા માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરાઈ હતી. પરંતુ ૨૦૧૨માં તે બંધ કરાઈ, જે ૧૦ વર્ષ બાદ પણ શરૂ કરાઈ નથી.

# કાલસરમાં ગર્ભવતીને લાત મારી મોત આપનાર પતિને 5 વર્ષની કેદ

**નડિયાદ**

કાલસર નવીનગરીમાં માજીતખાન હબીબખાન પઠાણ પોતાના પરિવાર સાથે રહેતા હતા. તેઓની પત્ની યાસ્મીનબાનુએ પોતાના દીકરા માટે બિસ્કીટ લાવવા પતિ પાસે રૂ.૧૦ની માંગણી કરી હતી. જેથી માજીતખાન ઉશ્કેરાઈ ગયો હતો. અને યાસ્મીનબાનુ પર ખોટો વહેમ રાખી ઘરના કામકાજ બાબતે ઝઘડો કરી ગડદાપાટુ મારમાર્યો હતો. દરમિયાન માજીતખાને ગર્ભવતી યાસ્મીનબાનુને પેટમાં લાત મારતા ગર્ભાશય રપ્ચર થઈ ગયું હતું. આ ઉપરાંત તેણીને કોણી નીચે દજાડી શરીરના અન્ય ભાગોએ નાની-મોટી ઈજા પહોંચાડી હતી. દરમિયાન યાસ્મીનબાનુનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ સંદર્ભે ડાકોર પોલીસે ૨૪ મે ૨૦૨૧ ના રોજ યાસ્મીન બાનુના પિતા દ્વારા માજીતખાન પઠાણ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે માજીતખાનની અટકાયત કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. જે અંગેનો કેસ નડિયાદની ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશ એ.આઈ.રાવલે આરોપી માજીદખાનને ઠરાવી 5 વર્ષ સખત કેદની સજા અને ૨૦૦૦નો દંડ ભરવાનો હુકમ કર્યો હતો.

# શ્રીલંકામાં રમાતી કોમનવેલ્થ યુથ ચેસ સ્પર્ધામાં સુરતના વિવાને ગોલ્ડ જીત્યો

**સુરત**

સુરતના વિવાન શાહે તાજેતરમાં શ્રીલંકાની હોટેલ સિટ્રસ, વાસ્કાડુવા ખાતે આયોજિત કોમનવેલ્થ યુથ ચેસ ચેમ્પિયનશીપ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

U-10 ઓપન કેટેગરીમાં જોરદાર પ્રદર્શન કરીને, સુરતનો વિવાન શાહ અપરાજિત રહ્યો હતો અને તેણે 9 માંથી 9 પોઈન્ટ હાંસલ કર્યા હતા જેના કારણે તે બોર્ડમાં ટોચ પર હતો અને ગોલ્ડ મેડલનો હકદાર બન્યો હતો. અંડર-14 ગર્લ્સ કેટેગરીમાં ફલક જોની નાઈક દ્વારા સિલ્વર મેડલ અને અંડર-10 ગર્લ્સ કેટેગરીમાં હાન્યા શાહે



બ્રોન્ઝ મેડલ જીતીને અન્ય નોંધપાત્ર પ્રદર્શન કર્યું.આ તમામ ખેલાડીઓને પીએમઓ, કોલંબોમાં શ્રીલંકાના માનનીય વડાપ્રધાન દિનેશ ગુણવર્દના દ્વારા એવોર્ડ પ્રાપ્ત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# નોકરી છૂટ્યા બાદ શેરબજારમાં નુકસાનથી સુરતમાં યુવાન સહિત ત્રણની આત્મહત્યા

## પાંડેસરાના યુવાને કામ છૂટી જતાં અંતિમ પગલું ભર્યું, વરાછામાં યુવાને ફાંસો ખાધો

**સુરત**

પાંડેસરામાં આવિર્ભાવ સોસાયટીમાં રહેતો ૨૩ વર્ષનો દીપક રામબહાદુર શાહુએ શનિવારે સાંજે ઘરમાં છતના પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. દિપકના પરિવારને સભ્યોએ જણાવ્યું કે, દિપક અગાઉ માર્કેટમાં એકાઉન્ટન્ટનું કામ કરતો હતો. પણ કોરોનામાં કામ છુટી ગયું હતુ. ત્યારબાદ તેણે પરિચિત વ્યક્તિ પાસેથી પૈસા લાવી શેરબજારમાં રોકાણ કર્યું હતુ. પણ શેરબજારમાં નુકસાન થયું હોવાથી સતત ટેન્શનમાં રહેતો હતો. લેણદારો તેની પાસે પૈસા માંગતા હતા. જેથી તે વધુ તાણ અનુભવતો હોવાથી આ પગલું ભર્યું હોવાની શક્યતા છે. તે મુળ ઉત્તરપ્રદેશના બાંદાનો વતની હતો. બે બહેનનો લાડકવાયો ભાઈ હતો.તેના પિતા કરીયાણાની દુકાન ચલાવે છે.

બીજા બનાવમાં વરાછા માતાવાડી ખાતે કમલપાર્ક સોસાયટીમાં રહેતો ૨૯ વર્ષના ભરત વાલાભાઈ મકવાણાએ શનિવારે સાંજે ઘરમાં લોખંડના પાઈપ સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાધો હતો. ત્રીજા બનાવમાં પાંડેસરામાં સત્યનારાયણ નગરમાં રહેતો ૧૮ વર્ષનો હિમાંશુ દિનેશકુમાર વર્માએ શનિવારે મોડી રાત્રિ દરમિયાન કોઈ કારણસર ટેન્શન હોવાથી ઘરમાં લોખંડના એંગલ સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. તે મુળ ઉતરપ્રદેશના ઉનાવનો વતની હતો. તેને એક ભાઈ અને એક બહેન છે. તે સંચાખાતામાં કામ કરતો હતો. તેના પિતા ડાંઈગ ખાતામાં કામ કરે છે.

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ
સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

Available on the App Store
GET IT ON Google Play

હવે APP STORE તથા PLAY STORE પરથી
SWADESH NEWS
ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી
ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 | SWADESH 24x7



## સાઉથની અભિનેત્રી કીર્તિ સુરેશ અભિનયમાંથી સંન્યાસ લેશે

મુંબઇ : દક્ષિણની જાણીતી અને લોકપ્રિય અભિનેત્રી કીર્તિ સુરેશ 30 વરસની વયે લગ્ન કરવાનો વિચાર કરી રહી છે. મીડિયામાં તો એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, અભિનેત્રી લગ્ન પછી અભિનય છોડી દેવાની છે. જોકે આ બાબતે કીર્તી તેની ટીમ તેમજ તેના કૌટુંબિકજનોએ કોઇ સત્તાવાર પુષ્ટિ કરી નથી. એક રિપોર્ટમાં સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર કહેવામાં આવ્યું છે કે, કીર્તિના પિતા સુરેશ અને માતા મેનકાએ તેના માટે યોગ્ય જીવનસાથી શોધવાની શરૂઆત કરી દીધી છે. કીર્તીએ લગ્ન કરવાનો વિચાર પેરન્ટસને જણાવી દેતાં તેઓ તેના માટે મુરતિયાની શોધ કરી રહ્યા છે.

## સારા અલી ખાન અને ટાઇગર શ્રોફની જોડી રૂપેરી પડદે ધમાલ મચાવશે



મુંબઇ : સારા અલી ખાન અને ટાઇગર શ્રોફ આગામી ફિલ્મમાં સાથે જોવા મળવાના છે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ હશે. રિપોર્ટના અનુસાર, ટાઇગર અને સારાની આ ફિલ્મનું શૂટિંગ ભારત અને યૂરોપમાં કરવામાં આવશે. હાલ આ ફિલ્મ પ્રી-પ્રોડકશન સ્ટેજમાં છે. ફિલ્મ માટે નેગેટિવ લીડ રોલ હજી ફાઇનલ કરવાનો બાકી છે. આવતા અઠવાડિયે ફિલ્મનું સંપૂર્ણ કાસ્ટિંગ પુરુ થઇ જાય તેવી શક્યતા છે.જો બધુ સમૂસુથરું પાર પડશે તો સારા અને ટાઇગરની જોડી પ્રથમ વખત રૂપેરી પડદે સાથે જોવા મળશે. રિપોર્ટમાં એમ પણ જણાવામાં આવ્યું છે કે, આ ફિલ્મમાં હીરો વર્સિસ વિલનની વાર્તા પર વધુ ફોક્સ આપવામાં આવવાની યોજના છે. ફિલ્મ મિશન પર આધારિત હોવાનું કહેવાય છે.



## ક્રિતી સેનોને પ્રભાસ સાથેની ડેટિંગના સમાચારને પાયાવિહોણા ગણાવ્યા

મુંબઇ : બોલીવૂડ અભિનેત્રી કૃતિ સેનન તેની ફિલ્મ ભેડિયાને લઇને તો ચર્ચામાં છે જ પણ અભિનેત્રી પોતાની પર્સનલ લાઇફને લઈને પણ ચર્ચામાં છે. ક્રિતી સેનોને પ્રભાસ સાથેની ડેટિંગ પ્રત્યે ચૂપકીદી તોડી છે. તેણે આ વાતને પાયાવિહોણી ગણાવી છે.અભિનેત્રીએ ઇન્સ્ટા સ્ટોરીઝ પર એક સ્ટિકરની સાથે એક પોસ્ટ કરીને જણાવ્યું. ઘણા સમયથી કૃતિ સેનન અને સાઉથ સ્ટાર પ્રભાસ એકબીજાને ડેટ કરી રહ્યાં હોય તેવા ન્યુઝ પણ જોવા મળ્યા હતા. ફેક ન્યુઝ વચ્ચે અભિનેત્રીએ એક પોસ્ટ શેર કરીને પ્રભાસ સાથેના સંબંધોને અફવા ગણાવી છે. કૃતિ સેનને પ્રભાસ સાથેના સંબંધોની અફવાઓને ફગાવી દીધી છે. તેણે પોતાની ઈન્સ્ટા સ્ટોરીમાં લખ્યું છે કે, તેમાં ન તો પ્રેમ છે કે ન તો પીઆર. અમારી ફિલ્મ ભેડિયા એક રિયાલિટી શોમાં થોડું વધારે જંગલી બની ગયુ છે. તેના આનંદી મજાકને કારણે કેટલીક ભયાનક અફવાઓ ઉડી રહી છે. કોઈપણ પોર્ટલ મારા લગ્નની તારીખ જાહેર કરે તે પહેલાં - આ બધી અફવાઓ પાયાવિહોણી છે! કૃતિ સેનને આ પોસ્ટ લખતા નીચે એક ફેક ન્યુઝનું GIF પણ મુક્યુ હતુ. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, હાલમાં જ વરુણ ધવન અને કૃતિ સેનન ઝલક દિખલા જા 10માં જોવા મળ્યા હતા. આ દરમિયાન વરુણે જોહરને એક લિસ્ટ આપ્યું, જેમાં સિંગલ હીરોઈનનું નામ લખેલું હતું. કૃતિનું નામ નહોતું. તેના પર તેણે કહ્યું હતું કે, કૃતિનું નામ એટલા માટે નહોતું, કારણ કે કૃતિનું નામ કોઈના દિલમાં છે.

## જાન્હવીની રામ ચરણ સાથે ટોલીવૂડમાં એન્ટ્રી



મુંબઇ : જાહ્નવી કપૂર હાલ ટોલીવૂડમાં ડેબ્યુ કરી રહી હોવાની વાતે વેગ પકડયો છે. જોકે આ વાતની સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. મળેલા રિપોર્ટને સાચો માનીએ કો, જાહ્નવી કપૂર બુચ્ચી બાબૂના દિગ્દર્શન હેઠળ બનનારી ફિલ્મમાં કામ કરવાની છે. દિગ્દર્શક આ ફિલ્મ દ્વારા રામ ચરણ સાથે પ્રથમ વખત કામ કરી રહ્યો છે. હવે આ ફિલ્મમાં જાહ્નવી કપૂર પણ કામ કરી રહી હોવાની ચર્ચા છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૩ની જાન્યુઆરીથી શરૂ થાય તેવી શક્યતા છે. આ ફિલ્મના શિર્ષક વિશે પણ ઘોષણા થવાની બાકી છે. એટલું જ નહીં રામ ચરણ સાથે કઇ અભિનેત્રી આ ફિલ્મમાં જોવા મળવાની છે તે વિશે પણ હજી કોઇ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

## ‘લિગર’ મની લોન્ડરિંગ કેસ : સાઉથ સુપર સ્ટાર દેવરકોન્ડાની EDએ પૂછપરછ કરી



સાઉથ અભિનેતા વિજય દેવરકોન્ડાની બુધવારે હૈદરાબાદમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સમક્ષ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટની તપાસના સંદર્ભમાં હાજર થયા હતા. ED એ ફિલ્મ ‘લિગર’ના સંબંધમાં કથિત ચૂકવણી અને ભંડોળના સોર્સિંગની તપાસ અંગે પૂછપરછ કરવામાં આવી છે. સૂત્રો દ્વારા માહિતી મળી છે કે, વિજય દેવેરાકોંડા પાસેથી ફિલ્મ માટેના ભંડોળના સ્ત્રોત, તેમને કરવામાં આવેલી ચૂકવણી અને અમેરિકન બોક્સર માઈક ટાયસન સહિત અન્ય કલાકારો વિશે પૂછપરછ કરવામાં આવી રહી છે. ‘લિગર’ એક સ્પોર્ટ્સ એક્શન ડ્રામા ફિલ્મ હતી, જેનું શૂટિંગ મેનલી યુએસમાં રૂ. 125 કરોડથી વધુના બજેટ સાથે કરવામાં આવ્યું હતું. આ ફિલ્મમાં ભૂતપૂર્વ વર્લ્ડ હેવીવેઈટ ચેમ્પિયન માઈક ટાયસન પણ જોવા મળ્યો હતો. જોકે, ફિલ્મ રિલીઝ થતાં જ નિષ્ફળ રહી હતી. અખિલ-ભારત ફિલ્મ તરીકે રજૂ કરવામાં આવી હોવા છતાં, લિગર તેના થિયેટર રન પર ભારતીય બોક્સ ઓફિસ પર તેના બજેટનો માત્ર અડધો ભાગ વસૂલ થયો હતો.

## હોલીવુડના 37 વર્ષના કન્ટ્રી સિંગર જેક ફ્લિન્ટનું લગ્નના થોડા જ કલાકો બાદ થયુ મોત



નવી દિલ્હીઃ હોલીવુડના પ્રખ્યાત કન્ટ્રી સિંગર જેક ફ્લિન્ટનું નિધન થયું છે. તેઓએ 26 નવેમ્બરના રોજ લગ્ન કર્યા હતા. થોડા કલાકો બાદ જ તેમણે ઊંઘમાં જ દુનિયાને અલવિદા કહી દીધી હતી. સિંગરના આકસ્મિક નિધનથી તેની પત્ની બ્રેન્ડા, તેનો પરિવાર અને નજીકના મિત્રો આઘાતમાં છે. જેક 37 વર્ષનો હતો. તેમના મૃત્યુનું કારણ હજુ સુધી જાણી નથી શકાયું. જેક ફ્લિન્ટ ઓક્લાહોમાનો રહેવાસી હતો. સિંગરના પબ્લિસિસ્ટ ક્લિફ ડોયલે આ સમાચારની પુષ્ટિ કરી છે. તેણે જણાવ્યું કે, જેક ફ્લિન્ટ 26 નવેમ્બર શનિવારના રોજ બ્રેન્ડા સાથે લગ્ન કર્યાના થોડા કલાકો બાદ તેની ઊંઘમાં જ દમ તોડી દીધો હતો. જેકની પત્ની બ્રેન્ડા તેના પતિના અચાનક નિધનથી સદમામાં છે. આ અંગે તેણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પણ શેર કરી છે.

બ્રેન્ડા ફ્લિન્ટે ફેસબુક પોસ્ટમાં લખ્યું, અત્યારે આપણે આપણા લગ્નની તસવીરો જોવાની હતી પરંતુ આ સમયે મારે વિચારવું પડી રહ્યું છે કે, મારા પતિને કયા કપડામાં દફનાવવું. લોકોને આટલું દુઃખ ન મળવું જોઈએ. મારું હૃદય ચાલ્યું ગયું છે અને મને તેની જરૂર છે. હું ઈચ્છું છું કે તે પાછા મારી પાસે આવી જાય.











## ઝીરો કોવિડ નીતિ સામેનું આંદોલન ધીમે ધીમે સરમુખત્યાર શાહી સામેનું આંદોલન બનવા માંડયુ

# ચીનમાં શી જિનપિંગની નેતાગીરી સામે મોટો પડકાર

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

ચીનમાં ઝીરો કોવિડની નીતિ સામે થયેલા વિરોધ પ્રદર્શનથી ત્યાંના શાસકોની ઉઘ તો ઉડી છે, સાથે સાથે ચીનના પ્રમુખ શી જિનપિંગની નેતાગીરી સામે દસ વર્ષમાં ઉપસ્થિત થયેલો આ મોટામાં મોટો પડકાર છે. શી જિનપિંગની ગણના ચીનના માઓ ઝેદાંગ અને દેંગ ઝિયાઓપિંગ પછીના સૌથી શક્તિશાળી નેતા તરીકે થતી રહી છે. પ્રમુખ તરીકે સતત બે ટર્મ સુધી સત્તા ભોગવનારા આ નેતાની તાજેતરમાં સામ્યવાદી પક્ષ દ્વારા ત્રીજી વખત નિમણૂક કરાઈ હતી. પોતાનાં દસ વર્ષના શાસનમાં તેમણે સુરક્ષા દળોનો ઉપયોગ લોકોને ડરાવવા કર્યો છે. ઉપરાંત તેમના વિરોધીઓને જેલમાં પૂરવા સુધીના પગલા લેતા પણ તેઓ કયારેય ખચકાયા નથી.

ચીનની ટેકનોલોજીનો ઉપયોગ પ્રજાની જાસૂસી માટે કરીને દેશના સમાજ જીવન ઉપર પણ તેણે જોરદાર પક્કડ મેળવી લીધી છે. શી જિનપિંગના શાસન દરમિયાન નાનાં-મોટાં આંદોલનો જરૂર થયાં છે, પણ તે સ્થાનિક સ્તર પૂરતા મર્યાદિત રહ્યા હતા. સુરક્ષા દળોનો ઉપયોગ કરીને તેને સહેલાઈથી કચડી નાંખવામાં તેઓ સફળ રહ્યા હતા. ઝીરો કોવિડની નીતિ સામે વર્તમાનમાં જે આંદોલન ઊભું થયું છે તે સ્વયંભૂ છે, દેશવ્યાપી છે અને મજબૂત છે. તેનો કોઈ નેતા નથી, માટે તેને કચડવું કઠિન છે. જો શી જિનપિંગ લોકોના આંદોલન સામે નમી જાય તો તેમની નેતાગીરી નબળી પુરવાર થઈ જાય તેમ છે.

જો તેઓ આંદોલનને બળપ્રયોગથી કચડી નાખે તો તેમની લોકપ્રિયતા ખતમ થઈ જાય તેમ છે. વર્તમાન આંદોલન શી જિનપિંગની ઝીરો કોવિડ નીતિ સામે શરૂ થયું, પણ હવે ધીમે ધીમે તે સરમુખત્યાર શાહીની સામેના આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. ચીની સરકાર કોવિડને ખતમ કરવાના બહાને પ્રજાની સ્વતંત્રતા ખતમ કરી નાખી તે હવે લોકોને ખૂંચી રહ્યું છે. પહેલાં તેઓ માસ ટેસ્ટિંગ, ક્વોરન્ટાઈન અને લોકડાઉનનો વિરોધ કરતા હતા. હવે ખાસ કરીને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તેમની સ્વતંત્રતા ઉપર તરાપનો અને સરકારની આપખુદશાહીનો પણ વિરોધ કરી રહ્યા છે. કોઈ જગ્યાએ પોસ્ટરોમાં મતદાનના અધિકારની માગણી પણ કરવામાં આવી રહી છે, જે ચીનની પ્રજાને ક્યારેય મળ્યો નથી. જનતા હવે સામ્યવાદી પદ્ધતિનો પ્રતિકાર કરી રહી છે. આખી દુનિયામાં કોવિડ- ૧૯નો વાયરસ સૌથી



પહેલાં ચીનના વુહાન શહેરમાં દેખાયો હતો. ચીની સરકારે ઝડપી પગલાં ભરીને ૨૦૨૦ના જાન્યુઆરીમાં વુહાનની ૧.૧૦ કરોડની વસતિને સખતમાં સખત લોકડાઉનમાં નાખી દીધી હતી. વુહાનની નીતિ વાયરસને અંકુશિત કરવાની નહોતી પણ તેને મૂળમાંથી ખતમ કરવાની હતી.

ચીને વુહાનમાં કોવિડ-૧૯ના વાયરસ ઉપર ઝડપથી નિયંત્રણ મેળવી લીધું, આ સમયે તેની નીતિની દુનિયાભરમાં પ્રશંસા થઈ હતી. ચીન પરથી પ્રેરણા લઈને દુનિયાના ઘણા દેશોમાં માસ ટેસ્ટિંગ, ક્વોરન્ટાઈન, લોકડાઉન, મારક અને વેક્સિનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને વાયરસને કાબૂમાં રાખવામાં આવ્યો હતો. ચીનમાં જ્યાં કંઈ પણ વાયરસ દેખા દે ત્યાં માસ ટેસ્ટિંગ, કોન્ટેકટ ટ્રેસિંગ અને ક્વોરન્ટાઈન વડે તેના ઉપર કાબૂ મેળવી લેવામાં આવતો હતો.

ચીનમાં ઝીરો કોવિડની નીતિની સફળતા રાષ્ટ્રીય ગૌરવનો મુદ્દો બની ગયો હતો, પરંતુ તેને કારણે નાગરિકોને તકલીફ પડતી હતી. જ્યાં સુધી સહન થયું ત્યાં સુધી લોકોએ બધુ સહન કર્યુ, પરંતુ કોવિડ-૧૯ના નવા નવા વેરિઅન્ટો આવતા ગયા તેમ તેમ ચીનની ઝીરો કોવિડ નીતિ સામે સવાલો ખડા થતા ગયા. સરકાર વાયરસની એક સ્ટ્રેઈન પર કાબૂ મેળવી લે ત્યાં બીજાં શહેરમાં બીજી સ્ટ્રેઈન જોવા મળતી. દર વખતે ચીની સરકાર તેનો મુકાબલો સખત લોકડાઉન અને માસ ટેસ્ટિંગ દ્વારા કરવાની કોશિશ કરતી હતી. જેમ જેમ આ નીતિ લંબાતી ગઈ તેમ લોકોની ધીરજ ખૂટવા લાગી.

૨૦૨૨ના માર્ચ મહિનામાં ચીનની આર્થિક રાજધાની ગણાતાં શાંઘાઈ શહેરમાં કોરોના વાયરસ ફરી દેખાયો. આથી સરકારે સખત લોકડાઉન લાદી દીધુ. શાંઘાઈની આર્થિક ગતિવિધિઓ ઠપ થઈ ગઈ. જેમને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા, તેમની ફરિયાદ હતી કે તેમને દવા અને ખોરાક પૂરા પાડવામાં સરકાર નિષ્ફળ ગઈ હતી. શાંઘાઈમાં બે મહિના સુધી કડક લોકડાઉન લદાયુ તેથી કોરોના કાબૂમાં તો આવી ગયો, પણ તેને કાબૂમાં લેવાની સરકારની નીતિ સામે કચવાટ વધતો ગયો. ગયા ઓક્ટોબર મહિનામાં ચીનના સામ્યવાદી પક્ષનું રાષ્ટ્રીય અધિવેશન હતું. તેમાં કોરોના વિષયક નિયંત્રણો થોડાંક હળવાં કરવાનો નિર્ણય કરાયો. ત્યારે પ્રજાને આશા બંધાઈ હતી કે ધીમે ધીમે દુનિયાના બીજા દેશોની જેમ ચીનમાં પણ બધુ રાબેતા મુજબ થઈ જશે.

**શાંઘાઈમાં બે મહિના સુધી લોકડાઉન લદાતાં કોરોના કાબૂમાં તો આવી ગયો, પણ તેને કાબૂમાં લેવાની સરકારની નીતિ સામે કચવાટ વધ્યો, વેપાર-ધંધાને ફટકો પડયો અને દેશનો જીડીપી પણ ઘટી ગયો**

નવેમ્બર મહિનામાં ટેસ્ટિંગ અને ક્વોરન્ટાઈનના નિયમો થોડા હળવા બનાવવામાં આવ્યા, પણ લોકડાઉનમાં કોઈ રાહત આપવામાં આવી નહીં. કડક લોકડાઉનને કારણે લોકોની રોજીરોટી ઝૂંટવાઈ જતી હોવાથી તેમની ધીરજ ખૂટી ગઈ હતી. સરકારે સખત વલણ દેખાડયું તેની સામે લોકો રસ્તાઓ પર આવી ગયા હતા. ચીની સરકાર માસ ટેસ્ટિંગ, ક્વોરન્ટાઈન અને લોકડાઉનનો હથિયાર તરીકે ઉપયોગ કરીને અત્યાર સુધી કોવિડ-૧૯ને કાબૂમાં રાખ્યો હતો પણ નવા નવા વેરિયન્ટ આવતા સરકારનાં હથિયારો બુઠ્ઠાં સાબિત થયાં હતાં. અલગ અલગ શહેરોમાં અલગ અલગ વેરિયન્ટ દેખાતા સરકાર માટે પણ સમસ્યા વિકટ બનતી ગઈ હતી. ચીનમાં ગત સોમવારે ૪૦,૦૦૦ નવા કેસો નોંધાયા હતા, જે સમગ્ર મહામારી દરમિયાન નોંધાયેલા વધુમાં વધુ કેસો છે. ૧૫૦ કરોડની વસતિમાં ૪૦,૦૦૦ કેસ નગણ્ય કહેવાય, પણ ચીની સરકારની ઝીરો કોવિડ નીતિ સામે તે આંકડો બહુ મોટો ગણાય છે. ચીની સરકાર તેને પોતાની નિષ્ફળતા માની રહી છે. વળી, કડક લોકડાઉનને કારણે આર્થિક નુક્સાન થઈ રહ્યું છે. જીડીપી ૧૦ ટકાથી ઘટીને ૪.૨ ઉપર આવી ગયો છે. લોકોમાં બેકારી વધવા સાથે હતાશા પણ વધી રહી છે.

હવે ચીનના અનેક લોકોને લાગે છે કે કોવિડ-૧૯ની નીતિ વાયરસનો મુકાબલો કરવા માટે નથી. ચીને વેક્સિનની આયાત કરવાને બદલે પોતાના દેશમાં જ વેક્સિન પેદા કરી હતી. ચીનમાં લગભગ ૧૦૦ ટકા પુખ્ત ઉમરનાં લોકોને વેક્સિનના બે ડોઝ આપી દેવાયા છે. આમ છતાં નવા નવા વેસ્યિન્ટ આવતા રહેતા હોવાથી વેક્સિનની અસર મર્યાદિત બની જતી હતી. ચીની સરકારે બૂસ્ટર ડોઝ આપવાનું શરૂ કર્યું, પણ તે લેવા લોકોએ ઝાઝો રસ દાખવ્યો નહીં.

ચીનમાં કટલાક લોકો ફાઈઝરની એમઆરએનએ વેક્સિન આયાત કરવાની માગણી કરી રહ્યા છે, પણ સરકારનો આગ્રહ સ્વદેશી વેક્સિન માટેનો છે. તેને કારણે પણ વેક્સિનની અસરકારક્તા ઘટી ગઈ છે, તેવો કેટલાક નિષ્ણાતોનો અભિપ્રાય છે. ચીની સરકારે અત્યાર સુધી દેખાવકારો સાથે સહાનુભૂતિથી કામ લીધું છે. સરકાર દેખાવકારો પર તૂટી પડી નથી પણ તેમની પર બારીક નજર રાખી રહી છે. તેમાં લોક્ડાઉન પણ ઉપયોગી બની રહ્યું છે, કારણ કે લોકડાઉનને કારણે લોકોના હલનચલન ઉપર નિયંત્રણ રાખી શકાય છે. જો ચીની સરકારને લાગશે કે દેખાવો કાબૂ બહાર જઈ રહ્યા છે તો તેની સમક્ષ બળપ્રયોગ કરવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં. જો તેવું થાય તો ચીનમાં મોટી ઉથલપાથલ થઈ શકે છે.

।। શ્રીસ્વામિનારાયણો વિજયતે ।।


પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# પ્રમુખસ્વામી મહારાજ : શ્રેષ્ઠ સેવકમય નેતૃત્વ

પ્રમુખ સ્વામી મહારાજની એક વિશેષતા એ પણ હતી કે, તેઓ બીજાને ખૂબ પ્રોત્સાહન અને પીઠબળ આપતા. કોઈ પણ વ્યક્તિ બીજદાર નવી વાત, નવો વિચાર કે નવું આયોજન લઈને આવે તો તેઓ ધ્યાનપૂર્વક સાંભળતા અને સન્માનતા. પોતાના મનની વાત તેઓ બાજુ પર મૂકી દઈને સામેવાળાની રજૂઆતને આગળ વધારતા.

આ દિલ્હી અક્ષરધામની વાત છે. સંસ્થાએ યમુનાનાં કાંઠે મોકાની સો એકર જમીન સંપાદિત થઈ. એ સમયે ત્યાં શું કરવાનું છે તેનું કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યું ન હતું. સ્વામીજીની એક સંકલ્પના દૃઢ હતી કે, અહીં પણ અક્ષરધામ કરવું છે. અક્ષરધામ ટીમના એક જવાબદાર સંત પૂ. શ્રીજીસ્વરૂપ સ્વામીએ એક કાગળ ઉપર અક્ષરધામ સંકુલ કેવું કરી શકાય, તેનું ડ્રોઈંગ લઈને સ્વામીજી સમક્ષ આવ્યા. એમણે તેમાં રસ લઈ જોયું. પછી અક્ષરધામ ટીમ સાથે આ સંદર્ભે શું શું કરી શકાય તેનો વિચારવિમર્શ થયો. આખી ટીમ તે ડિઝાઈનને મુખ્ય રાખી સુધારા વધારા અને વિચારવા લાગી. વખતોવખત સ્વામીજીને બધું જણાવવામાં આવતું હતુ. **The ear of the leader must ring with the voices of the people** અનુસાર સ્વામીજી બધાંનું ખૂબ સાંભળતા. ચર્ચા વિચારણા થવા લાગી. એમણે બધાની રજુઆત, વિચાર વગેરેને પોષણ આપ્યું. પછી તેને કેન્દ્રમાં રાખી અક્ષરધામ જેવા મહા મોટા અતિ ભવ્ય દિવ્ય નવ્ય મંદિરનાં મંડાણ થયા.

તેઓ કહેતા કે, યોગીબાપાનો સંકલ્પ છે તો અક્ષરધામ સર્વોપરી થશે. એમણે પોતાની વાત તો કરી નહીં. બીજાની પરિકલ્પનાને તેઓ બિરદાવતા રહ્યા. ટેકો આપતા રહ્યા. પરિણામે આજે સો એકરમાં શોભાયમાન અક્ષરધામ અતિ અદ્વિતીય બની ગયું છે. તેનાં પ્રથમ દર્શને લોકો અવાચક થઈ જાય છે અને દિવ્યતાની સૃષ્ટિમાં સરી પડે છે. આના મૂળમાં છે સ્વામીજીએ એક સહજ આયોજનના વિચારમૂળમાં સીંચેલો રસ, પ્રોત્સાહન અને ભરોસો.



સંસ્થાના કન્વીનર અને સદગુરુ સંત પૂ. ઈશ્વરચરણ સ્વામીએ સ્વામીજીની વહિવટ કુશળતા અંગેની એક વિશેષતા જણાવતા કહ્યું હતું કે, તેઓ વ્યક્તિમાં ખૂબ વિશ્વાસ મૂકે. કોઈનો સારો વિચાર હોય તો તેને વ્યક્ત કરવા દે. તેને કાર્ય કરવાની સ્વતંત્રતા આપે. જરૂરી વસ્તુઓ પુરી પાડે.

કોઈ એક સ્થાનમાં મંદિર કરવાનું નક્કી થયું. તે વિસ્તારના સત્સંગ અને જરૂરિયાત મુજબ ત્યાં સિમેન્ટનું નાનું નાજુક મંદિર કરવું એવું કમિટીમાં ઠરાવાયું. તે સ્થાનમાં રહેતા એક ભક્તે સ્વામીજીને અરજ કરી કે, અહીં અમે વર્ષોથી રહીએ છીએ. વળી બધાં ભક્તોની ઈચ્છા એવી છે કે, અહીં પથ્થરનું મોટું મંદિર થાય. સ્વામીજીએ તરત પોતાના મનની વાત પડતી મૂકી. તેમણે જણાવ્યું કે, તમારા બધાંની ઈચ્છા છે તે પ્રમાણે પથ્થરનું મોટું મંદિર કરવામાં આવશે. ત્યાર બાદ સ્વામીજીએ સ્થાનિક ભક્તોની ભાવના અનુસાર પથ્થરના સુંદર કલાત્મક મંદિરની રચના કરી. એમના આવા સેવકમય નેતૃત્વથી તે પ્રદેશના તમામ ભક્તો બહુ જ રાજી થયાં.

આમ સ્વામીજીના આવા નેતૃત્વથી અનેકનાં મન જીતી લેતાં. પોતાની ઈચ્છાને ગૌણ કરી તે બીજાની ઈચ્છા મુજબ વળી જતા. અન્યને પ્રાધાન્ય આપી આગળ કરી સૌને ખુશ રાખે રાખતા અને સંસ્થાનો વિકાસ કરતા હતા.

**The leadership challenge** નામક પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે, **Leadership is not an affair of the head. Leadership is an affair of the heart.** સ્વામીજી બધાંનાં હૃદયની લાગણીઓને ઝીલતા અને તે પ્રમાણે અનુસરતા.

એક મંદિરમાં માસ્ટર પ્લાનના એક ભાગરૂપે અમુક વૃક્ષોનું સ્થળાંતર કરવાનું હતું. સ્વામીજીની હાજરીમાં એ અંગેની એક મીટિંગ ચાલતી હતી. એક ભક્તે સહજપણે વૃક્ષોનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, તે વૃક્ષોનું આયોજન સરખી રીતે કરશોજી. કારણ કે, તેને પછી નવી જમીનમાં ચોંટવામાં મુશ્કેલ થાય છે. ત્યારે સ્વામીજીએ તેમને રોકતા કહ્યું કે મેં મારા મનનું મૂકી દીધું છે હવે તું પણ મૂકે દે. આ સાંભળી આયોજકોને નવાઈ લાગી. તેઓએ વિચાર કર્યો કે આ અંગે સ્વામીજીએ તો ક્યારેય અમને મીટિંગમાં વાત કરી નથી. સ્વામીજીની ઈચ્છા એ હતી કે, તે સ્થાનમાં એક બહુ જૂનો પણ અડીખમ એક ભાગ હતો, તે પણ માસ્ટર પ્લાનમાં નીકળી જવાનો હતો.

આમ સ્વામીજી અવારનવાર અન્યોનાં આયોજનમાં ભળી જતા, એમને સહકાર આપતા. એમને જ્યારે જણાય કે મારા મનમાં છે તેના કરતાં સામેવાળાના મનમાં કંઈક જુદું ચાલી રહ્યું છે તો તેઓ તરત પોતાનું ધારેલું છોડી દેતા.. તે પણ કોઈને સમજાય નહીં, પકડાય નહીં અને વિચારાય નહીં તે રીતે. સ્વામીજીના સેવકમય નેતૃત્વની આ ખાસિયત છે. એમનું સેવકમય નેતૃત્વ બહુ સહજ હતું. તેમાં કોઈની પાસેથી કામ કઢાવી લેવાની પણ ભાવના ન હતી. એમને તો બધાંનું શુભ થાય શ્રેષ્ઠ થાય એવું મનમાં રહેતું.

વિખ્યાત લેખક જેમ્સ સ્ટોક પોતાના પુસ્તક **Serve to Lead**માં જણાવે છે કે, **Twenty first century leadership relationship dynamics are from the bottom up rather than the top down; from the outside in, rather than inside out.**

સ્વામીજીનું સેવકમય નેતૃત્વ એવું હતું. તેઓ આદેશો આપવા કરતા બીજાના આદેશો પાળતા વધારે.

**- સાધુ અમૃતવદનદાસ**



# શાર્કબોટ માલવેર



શાર્કબોટ તરીકે ઓળખાતા એન્ડ્રોઇડ બેંકિંગ ફ્રોડ માલવેરે ફરી એકવાર સત્તાવાર ગૂગલ પ્લે સ્ટોર પર એક્ટીવ છે. જે એપ્લિકેશન માર્કેટપ્લેસના પ્રતિબંધોને બાયપાસ કરવા માટે ફાઈલ મેનેજર તરીકે રજૂ કરે છે. રોમાનિયન સાયબર સિક્યુરિટી કંપની **Bitdefender** આ અઠવાડિયે પ્રકાશિત કરેલા વિશ્લેષણમાં જણાવ્યું હતું કે મેલીસીયસ એપ્લિકેશનો ડાઉનલોડ કરનારા મોટાભાગના યુઝર્સ યુ.કે. અને ઈટાલીમાં સ્થિત છે.

ક્લેફી દ્વારા 2021 ના અંતમાં સૌપ્રથમ શોધાયેલ શાર્કબોટ, **Google Play** સ્ટોર અને અન્ય થર્ડ પાર્ટી એપ સ્ટોર્સ બંને પર વિતરિત કરાયેલ મોબાઈલ માલવેર છે. ટ્રોજનના પ્રાથમિક ધ્યેયો પૈકીનું એક "ઓટોમેટિક ટ્રાન્સફર સિસ્ટમ" (**ATS**) નામની ટેકનિક દ્વારા એટેક થયેલા ડિવાઈસમાંથી નાણાં ટ્રાન્સફર શરૂ કરવાનું છે. જેમાં બેંકિંગ એપ દ્વારા ટ્રિગર થયેલા ટ્રાન્ઝેક્શનને હેકરના ખાતા સાથે ચૂકવનારના ખાતાને સ્વેપ કરવા માટે અટકાવવામાં આવે છે.

જ્યારે યુઝર્સ કાયદેસર બેંકિંગ એપ્લિકેશનો ખોલવાનો પ્રયાસ કરે છે ત્યારે તે પ્રક્રિયામાં ઓળખપત્રની ચોરી કરીને નકલી લોગિન ઓવરલેને સેવા આપવા માટે પણ સક્ષમ છે. મોટે ભાગે આવી એપ્લિકેશનો દેખીતી રીતે હાનિકારક કાર્યક્ષમતા પ્રદાન કરે છે. જે એન્ટિવાયરસ સૉફ્ટવેર તરીકે માસ્કરેડ કરે છે અને **Google Play** સ્ટોરમાં ઝલક માટે ક્લીનર્સ આપે છે. પરંતુ તેઓ ડ્રોપર્સ તરીકે પણ બમણા થઈ જાય છે. જે એકવાર ઉપકરણ પર ઈન્સ્ટોલ થઈ ગયા પછી માલવેર પેલોડ મેળવી શકે છે.

ડ્રોપર એપ્લિકેશનો, જે હવે દૂર કરવામાં આવી છે, તે નીચે છે.

**X-File Manager (com.victorsoftice.llc)**

**FileVoyager (com.potsepko9.FileManagerApp)**

**LiteCleaner M (com.ltdevelopergroups.litecleaner.m)**

**LiteCleaner M** હજુ પણ **Apksos** નામના થર્ડ પાર્ટી એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે. જેમાં ફોન **AID**, ક્લીનર, બૂસ્ટર (**com.sidalistudio.developer.app**) નામની ચોથી શાર્કબોટ આર્ટિફેક્ટ પણ છે.

**X-File Manager** એપ્લિકેશન, જે ફક્ત ઈટાલીના યુઝર્સ માટે જ ઍક્સેસિબલ હતી. તેને દૂર કરવામાં આવે તે પહેલાં 10,000 થી વધુ ડાઉનલોડ્સ આકર્ષ્યા હતા. **Google** સતત પરવાનગીના દુરુપયોગને અટકાવી રહ્યું છે.

**Google** ની ડેવલપર પ્રોગ્રામ નીતિ બાહ્ય પેકેજો (**REQUEST_INSTALL_PACKAGES**) ને કેટલીક એપ્લિકેશન કેટેગરીઝ સુધી ઈન્સ્ટોલ કરવાની પરવાનગીને પ્રતિબંધિત કરે છે. જેમ કે વેબ બ્રાઉઝર્સ, ઈન્સ્ટન્ટ મેસેન્જર્સ જે જોડાણોને સપોર્ટ કરે છે, ફાઈલ મેનેજર્સ, એન્ટરપ્રાઈઝ ડિવાઈસ મેનેજમેન્ટ, બેકઅપ અને રિસ્ટોર અને ડિવાઈસ ટ્રાન્સફર.

આ પરવાનગીનો દુરુપયોગ અન્ય સર્વરથી માલવેર ડાઉનલોડ અને ઈન્સ્ટોલ કરવા માટે થાય છે. કેટલીક લક્ષિત બેંક એપ્લિકેશન્સમાં બેંક ઓફ આયર્લેન્ડ, બેંક ઓફ સ્કોટલેન્ડ, બાર્કલેઝ, **BNL, HSBC U.K.**, લોયડ્સ બેંક, મેટ્રો બેંક અને સેન્ટેન્ડરનો સમાવેશ થાય છે.

**Bitdefender** સંશોધકોએ જણાવ્યું હતું કે એપ્લિકેશન એટલે કે ડ્રોપર, એન્ટિ-ઈમ્યુલેટર તપાસ કરે છે અને સિમ **ISO IT** અથવા **GB** સાથે સુસંગત છે કે કેમ તે ચકાસીને ગ્રેટ બ્રિટન અને ઈટાલીના યુઝર્સને લક્ષ્ય બનાવે છે.

જે યુઝર્સે ઉપરોક્ત એપ્સ ઈન્સ્ટોલ કરી છે તેઓને તેમને ડિલીટ કરવા અને તેમના બેંક ખાતાના પાસવર્ડ તાત્કાલિક બદલવાની ભલામણ કરવામાં આવે છે. યુઝર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ **Play Store Protect** ને સક્ષમ કરે અને એપ્લિકેશનને ડાઉનલોડ કરતા પહેલા રેટિંગ અને સમીક્ષાઓની તપાસ કરે.


beinghumanmj

## શીર્ષક : હું નિરુતર ઊભી છું, કવયિત્રી : યોગિતા રાઇ, મૂળ ભાષા : નેપાળી અનુવાદ : હિના મોદી

સળગાવીને રાખ કરી દીધા પછી
વિજયનાં શંખનાદ સાથે આગે કહ્યું-
'આ તો મારો ધર્મ છે.'
જળે પૃથ્વીને ભીંજવી, વહેવડાવી,
ડૂબાડી
જીવનને નિર્જીવ બનાવ્યા પછી
પાણીએ કહ્યું-
'આ તો મારો ધર્મ છે.'
પાયા સહિત ઘરોને ધરાશાય કરીને
વસ્તીને ઉજાડયા પછી
વિજયનો બ્યુગલ ફૂંકીને
હવાએ કહ્યું-
'આ તો મારો ધર્મ છે '.

જે સળગીને રાખ થયા
જે ભીંજાઈ, વહીને , ડૂબીને
નિર્જન થઈ ગયા
અને
જે ઉજજડ થઈ ગયા
શું રહ્યો હશે
એનો ધર્મ ?
ઓ આકાશ! છે કોઈ ઉત્તર?
ઓ ધરતી ! છે કોઈ ઉત્તર ?
ઓ મિત્રો ! છે કોઈ ઉત્તર?
તમારી બધાની પાસે?
કારણ અહીં હું
નિરુત્તર ઊભી છું.

# ડાર્ક લિપસ્ટિકથી આપો તમારા લુકને બોલ્ડ ટચ



મેકઅપ કરતી વખતે યુવતીઓ અલગ અલગ કલર્સ અને શેડ્સની સાથે એક્સપેરિમેન્ટ કરવાનું પસંદ કરે છે. તે ફક્ત આઇ મેકઅપમાં જ ડિફરન્ટ કલર્સ એપ્લાય કરે છે એવું નથી. યુવતીઓ લિપ મેકઅપ કરતી વખતે પણ અનેક શેડ્સને પોતાના મેકઅપનો હિસ્સો બનાવે છે. જેમ કે, ડાર્ક લિપસ્ટિક તમારા લુકને બોલ્ડ ટચ આપે છે તેથી પાર્ટી અને ફંક્શનમાં ડાર્ક લિપસ્ટિક એપ્લાય કરવાની સલાહ આપવામાં આવે છે. ડાર્ક લિપસ્ટિક કરતી વખતે તમારા લુકને બેલેન્સ કરવું જરૂરી છે.

## લિપ્સને તૈયાર કરો

ડાર્ક લિપસ્ટિક લગાવી રહ્યાં છો તો એનો અર્થ એ કે તમે તમારા ઓવરઓલ મેકઅપમાં લિપ્સને હાઈલાઈટ કરવા ઈચ્છો છો. તેથી ડાર્ક લિપસ્ટિકને લગાવતા પહેલાં લિપ્સને તૈયાર કરવા જરૂરી છે. તમારા લિપ્સ પર ડેડ સ્કિન સેલ્સ છે અથવા હોઠ ફાટેલા છે તો પહેલાં પહેલાં તેને એક્સફોલિએટ કરો.

## લિપ લાઇનર

ડાર્ક લિપસ્ટિક લગાવતા પહેલાં તમે લિપસ્ટિક સાથે મેચિંગ લિપ લાઈનરની મદદથી આઉટલાઈન બનાવી દો. એ પછી જ અંદર લિપસ્ટિકથી ફીલિંગ કરો. ડાર્ક લિપસ્ટિક લગાવતી વખતે આ સ્ટેપને ફૉલો કરવો જરૂરી છે. નહીંતર તમારા લિપ્સનો શેપ અજબ લાગશે. બીજું, લિપસ્ટિક બહાર નીકળવાનો ડર પણ રહે છે. ડાર્ક શેડમાં લિપસ્ટિક બહાર નીકળેલી ખરાબ લાગે છે.

## આઇ મેકઅપ

ડાર્ક લિપસ્ટિક લગાવતી વખતે ફેસ મેકઅપને બેલેન્સ કરવો જરૂરી છે. તેથી જ્યારે ડાર્ક લિપસ્ટિક લગાવો ત્યારે આઇ મેકઅપને એકદમ લાઈટ અથવા ન્યૂડ જ રાખો. તમે ઈવનિંગ કે નાઈટ ફંક્શનમાં જવાના હો તો શિમરી અથવા ગ્લિટર આઈ મેકઅપ કરવાનું ટાળો. ફેસ મેકઅપ પણ એકદમ સરળ હોય એવો પ્રયત્ન કરો.

## ધ્યાન રાખો

જે યુવતીઓના લિપ્સ વધારે મોટા અથવા થિંક હોય તો ડાર્ક લિપ્સ લુક કેરી કરવાનું અવોઈડ કરવું જોઈએ. આ પ્રકારના હોઠ ઉપર ડાર્ક લિપસ્ટિક અજીબ લાગશે. દિવસના સમયે પણ ડાર્ક લિપ્સ લુક કેરી ન કરવો જોઈએ. ડે ટાઈમમાં બ્લેક અથવા બ્રાઉન આઉટફિટની સાથે પિંક ટોન અથવા લિપ ગ્લત્ઝ વગેરે લગાવી શકાય છે.



## ગુજરાત ચૂંટણી : AAPના 36 ટકા, કોંગ્રેસના 35 ટકા અને ભાજપના 16 ટકા ઉમેદવારો કલંકિત

# 788 ઉમેદવારોમાંથી 167 વિરુદ્ધ નોંધાયા છે ફોજદારી કેસ

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે 1 ડિસેમ્બરે મતદાન થવાનું છે ત્યારે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા ગુરુવારે આ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો જેમા પ્રથમ તબક્કામાં 89 બેઠકો પર ચૂંટણી લડી રહેલા કુલ 788 ઉમેદવારોમાંથી 167 ઉમેદવારો ઉપર ફોજદારી કેસ ચાલી રહ્યા છે. જેમાં આમ આદમી પાર્ટી (AAP)ના ઉમેદવારો ટોચ પર છે. રિપોર્ટ અનુસાર AAPના 32 ઉમેદવારો પર અપરાધિક કેસ ચાલી રહ્યા છે. જ્યારે કોંગ્રેસ બીજા નંબરે અને ત્રીજા નંબરે બીજેપીના ઉમેદવારો છે.

એડીઆરના રિપોર્ટ મુજબ અપરાધિક કેસ ધરાવતા 167 ઉમેદવારોમાંથી 100 પર હત્યા કે બળાત્કાર જેવા ગંભીર ગુનાના આરોપીઓ છે. આ સાથે કુલ ઉમેદવારોમાંથી 21 ટકા પર ફોજદારી કેસ છે જ્યારે 13 ટકા પર ગંભીર આરોપ છે. આમ આદમી પાર્ટી (AAP) કુલ 89માંથી 88 સીટો પર ચૂંટણી લડી રહી છે. તેના 36 ટકા ઉમેદવારો સામે ફોજદારી કેસ નોંધાયેલા છે.રિપોર્ટ મુજબ અરવિંદ કેજરીવાલના નેતૃત્વવાળી પાર્ટી (AAP)ના 30 ટકા ઉમેદવારો પર હત્યા, બળાત્કાર, હુમલો, અપહરણ જેવા ગંભીર કેસો નોધાયેલ છે. AAP દ્વારા ક્રિમિનલ કેસ ધરાવતા ઉમેદવારોની સંખ્યા 32 છે. આશ્ચર્યની વાત એ છે કે પાર્ટી રાજ્યમાં સ્વચ્છ અને ભ્રષ્ટાચાર મુક્ત સરકાર આપવાનું વચન આપીને પ્રચારમાં લાગી છે.

ત્યારબાદ સૌથી વધુ ગુનાહિત ઉમેદવારો ધરાવતી પાર્ટી કોંગ્રેસ છે. તેના 35 ટકા ઉમેદવારો પર ફોજદારી કેસો ચાલી રહ્યા છે. તેમજ 20 ટકા ઉમેદવારો સામે ગંભીર કેસ ચાલી રહ્યા છે. અહેવાલ અનુસાર પ્રથમ તબક્કામાં તમામ 89 બેઠકો પર કોંગ્રેસ ચૂંટણી લડી રહી છે. કોંગ્રેસમા ફોજદારી કેસ ધરાવતા ઉમેદવારોની સંખ્યા 31 છે.

સત્તાધારી પક્ષ ભાજપ પણ પ્રથમ તબક્કાની તમામ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. પાર્ટીએ ગુનાહિત રેકોર્ડ ધરાવતા 14 ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે.

## હુમલો કરતા પહેલાં સીમા પાર બેઠેલા આકાઓએ હવે વિચારવું પડે છેઃ મોદી

**નડિયાદ**

ખેડા જિલ્લાએ કોંગ્રેસને સારી રીતે ઓળખી લીધી છે. કોંગ્રેસે ક્યારે પછાત સમાજની ચિંતા કરી નથી. જ્યારે ભાજપ સરકારે ગરીબો માટે સમપત હોવાનું ખેડા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું. પહેલા ડોક્ટર કે એન્જિનિયર થવા કોંગ્રેસે અંગ્રેજી ફરજિયાત કરી દીધું હતું. જ્યારે ભાજપ સરકાર નવી શિક્ષણ નીતિ લાવી છે. જેમાં હવે કોઈપણ વિદ્યાર્થી પોતાની માતૃભાષામાં ભણી ડોક્ટર અને એન્જિનિયર બની શકશે. ખેડા જિલ્લાની છ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારોના ચૂંટણી પ્રચાર અર્થે આવેલા પ્રધાનમંત્રી મોદીએ 2008 માં મુંબઈમાં થયેલા દેશના સૌથી મોટા આતંકી હુમલાને યાદ કર્યો હતો. પહેલા સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં બ્લાસ્ટ થતા હતા. પરંતુ 2014માં તમારા એક વોટે આતંકવાદને કચડી નાંખ્યો છે. સીમા પાર આતંકીઓના આકાઓને પણ હુમલો કરતા પહેલા વિચારવું પડે છે. વિપક્ષો સેનાની સર્જીકલ સ્ટ્રાઈક પર સવાલ ઉઠાવે છે.

## કોંગ્રેસના ગ્યાસુદ્દીન શેખ વિરુદ્ધ FIR નોંધાઈ

કોંગ્રેસ નેતા અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવાર ગ્યાસુદ્દીન શેખ સામે ફરિયાદ નોંધાઈ છે. દરિયાપુરના કોંગ્રેસના ઉમેદવાર ગ્યાસુદ્દીન શેખે પત્રિકામાં ચૂંટણીનો સમય ખોટો દર્શાવ્યો હોવાથી તેમની સામે ફરિયાદ નોંધાઈ છે. ગ્યાસુદ્દીન શેખે ચૂંટણી પ્રચાર માટે તેમના વિસ્તારમાં વહેંચવામાં આવેલી પત્રિકામાં મુદ્રકનું નામ, સરનામું અને સંખ્યા નિયમ મુજબ ન દર્શાવ્યુ હોવાનું ફરિયાદમા જણાવાયું છે. મદદનીશ ચૂંટણી અધિકારીએ ફરિયાદ કરી છે.

## સૌરાષ્ટ્રમાં 2017માં વધુ મતદાન કોંગ્રેસને વધુ ફળ્યું, ઓછું મતદાન ત્યાં કોંગ્રેસ 50%

**રાજકોટ**

૨૦૧૭માં ડિસેમ્બરમાં જ યોજાયેલી વિધાનસભા ચૂંટણીની વાસ્તવિકતા એ છે કે વધુ મતદાન થયું ત્યાં કોંગ્રેસને વધુ બેઠકો તો મળી જ હતી જ્યાં ઓછુ મતદાન થયું ત્યાં પણ કોંગ્રેસને અડધોઅડધ બેઠકો મળી હતી.

સૌરાષ્ટ્રના 11 જિલ્લાઓની ધારાસભાની 48 બેઠકો પર રાજકીય ધુરંધરોની નજર રહી છે. આ ૪૮ બેઠકો પૈકી મુખ્યત્વે રાજકોટ, મોરબી અને સોમનાથ જિલ્લા સહિત કૂલ 18 બેઠકો ઉપર 65 ટકાથી વધારે મતદાન થયું હતું અને સર્વાધિક સોમનાથ બેઠક ઉપર 75.27 ટકા મતદાન થયું હતું. આ 18 પૈકી સોમનાથ સહિત 13 બેઠકો પર કોંગ્રેસનો વિજય થયો હતો અને ભાજપને માત્ર 5 બેઠકો મળી હતી. જ્યારે 30 બેઠકો ઉપર 65 ટકાથી ઓછું અને સૌથી ઓછું ગારિયાધરમાં 55.31 ટકા, ગઢડા, સાવરકુંડલામાં 56 ટકા મતદાન થયું હતું. આ 30 બેઠકોમાં ભાજપને 15 બેઠકો પર, કોંગ્રેસને 14 અને એક કુતિયાણા કે જ્યાં માત્ર 58.90 ટકા મતદાન હતું ત્યાં એન.સી.પી.નો વિજય થયો હતો.

## ૧૪મી વિધાનસભામાં ચાલુ વર્ષમાં સરેરાશ ફક્ત ૩૦ જ દિવસ બેઠક

**અમદાવાદ**

પ્રજાના પ્રશ્નોને વાચા આપવા, વિવિધ ઠરાવો પસાર કરવાના ઉદ્દેશ સાથે વિધાનસભાનું સત્ર યોજાતું હોય છે. જેમાં નાગરિકો દ્વારા ચૂંટવામાં આવેલા નેતાઓ તેમનું પ્રતિનિધિત્વ કરતા હોય છે. ગત ૧૪મી વિધાનસભામાં કુલ ૧૫૩ બેઠક મળી હતી. આમ, વર્ષમાં સરેરાશ માત્ર ૩૦ દિવસ વિધાનસભાની બેઠક મળી હતી તેમ કહી શકાય.છેલ્લા ૨૦ વર્ષમાં સરેરાશ સૌથી ઓછા દિવસ બેઠકમાં ૧૪મી વિધાનસભા બીજા ક્રમે છે. અગાઉ ૧૨મી વિધાનસભામાં કુલ માત્ર ૧૫૦ દિવસ બેઠક મળી હતી.

૧૪મી ગુજરાત વિધાનસભામાં સૌથી વધુ ૩૦ દિવસની બેઠક ૨ માર્ચ ૨૦૨૨થી ૩૧ માર્ચ ૨૦૨૨ દરમિયાન યોજાઇ હતી. આ સિવાય ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૮થી ૨૮ માર્ચ ૨૦૧૮માં ૨૯, ૧ માર્ચ ૨૦૨૧થી ૧ એપ્રિલ ૨૦૨૧માં ૨૮ દિવસની બેઠક યોજાઇ શકી હતી. આ સિવાય ૨૭-૨૮ સપ્ટેમ્બર ૨૦૨૧, ૨૧-૨૨ સપ્ટેમ્બર ૨૦૨૨ના માત્ર બે દિવસનું સત્ર યોજવામાં આવ્યું હતું. આમ, પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં ૧૪મી વિધાનસભામાં ખાસ રસ દર્શાવાયો જ નથી તેમ જણાય છે. ગુજરાત વિધાનસભામાં સૌથી વધુ ૩૧૨ દિવસનું સત્ર માર્ચ ૧૯૬૨થી સપ્ટેમ્બર ૧૯૬૬ સુધીની બીજી વિધાનસભામાં યોજાયું હતું. સૌથી વધુ ૪૯ દિવસ બેઠકનો રેકોર્ડ ૧૯૬૮ની ત્રીજી વિધાનસભામાં નોંધાયો છે.

## ગુજરાતનું એક એવુ ગામ જ્યાં 1983 બાદ પાર્ટીઓના પ્રચાર પર છે પ્રતિબંધ

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભા ચૂંટણી 2022 માટે પાર્ટીઓ પ્રચારેમાં વ્યસ્ત છે, પરંતુ રાજકોટ જિલ્લામાં એક એવું ગામ છે જ્યાં રાજકીય પક્ષોના ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ છે. રાજ સમાઢિયાલા ગામના લોકોએ ગામમાં રાજકીય પક્ષોના પ્રવેશ અને પ્રચાર પર પ્રતિબંધ મૂક્યો છે. રાજકોટ જિલ્લામાં આવેલા આ ગામમાં કોઈ મતદાન ન કરે તો તેને રૂ.51નો દંડ ફટકારવામાં આવે છે. આ ગામને તેના નિયમો અને કાયદાઓ માટે એક મોડેલ ગામનું બિરુદ મળ્યું છે. સરપંચનું કહેવુ છે કે, ગામમાં રાજકીય પક્ષો આવશે તો જ્ઞાતિવાદ થશે. તેથી, 1983થી, અહીં રાજકીય પક્ષોના આવવા પર પ્રતિબંધ છે. પરંતુ લગભગ તમામ ગ્રામજનો મતદાન કરે છે. વર્ષ 1983માં તેના અલગ-અલગ નિયમો અને કાયદાઓ બનાવવાને કારણે આજે ગામ ખૂબ જ સુઘડ અને સ્વચ્છ દેખાય છે. તમામ રસ્તાઓ સિમેન્ટના બનેલા છે. ગામમાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. આ સાથે આ ગામને રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળ્યો છે. ગામમાં જાતિવાદ પર સખત પ્રતિબંધ છે. કચરો ફેલાવવા, હવા કે પાણી પ્રદૂષિત કરવા, ડીજે વગાડવા માટે 51 રૂપિયાનો દંડ છે. આ ગામમાં દિવાળીના દિવસે જ ફટાકડા ફોડી શકાય છે. રાજકીય પક્ષો પણ એવી માન્યતાથી વાકેફ છે કે, જો તેઓ આ ગામમાં પ્રચાર કરશે તો તેઓ તેમની તકોને નુકસાન પહોંચાડશે.

## મધ્ય ગુજરાતની 34 બેઠક ઉપર 17 મહિલાઓ ચૂંટણી જંગમાં

**વડોદરા**

ગુજરાત વિધાનસભાની મધ્ય ગુજરાતની વડોદરા, ભરુચ, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર અને નર્મદા એમ સાત જિલ્લાની 34 બેઠક ઉપર આ વખતે 17 મહિલાઓ ચૂંટણીના જંગમાં છે. જેમાં ભાજપની-3 અને કોંગ્રેસની છ મહિલાનો સમાવેશ થાય છે. મધ્ય ગુજરાતની 34 બેઠક ઉપર કુલ 225 ઉમેદવારો છે, તેમાંથી 17 મહિલાઓ ચૂંટણી સ્પર્ધામાં છે. નર્મદા જિલ્લાની નાંદોદ બેઠક પર ભાજપે સૌપ્રથમ વખત મહિલા ઉમેદવાર ડો. દર્શના દેશમુખની ટિકિટ આપી ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા છે. જ્યારે ડેડીયાપાડામાં બીજી વખત મહિલા ઉમેદવાર ચૂંટણી જંગમાં છે. આ વખતે ત્યાં કોંગ્રેસમાંથી જેરમાબેન વસાવા છે. ગોધરા બેઠક પર કોંગ્રેસના રશ્મિકાબેનનો ભાજપના ઉમેદવાર સામે મુકાબલો થશે.

## EVM પર GPSથી વોચ રખાશે, જિલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ બનાવાશે

**આણંદ**

ચૂંટણીમાં ઈવીએમ મશીન પર નજર રાખવા માટે જીપીએસ સીસ્ટમનો ઉપયોગ કરવામાં આવનાર છે. આણંદ જિલ્લાની 7 બેઠકો પર 17.64 લાખ મતદારો માટે 1,800 મતદાન મથકો પર ઈવીએમ મશીન અને વીવીપેટ મશીન મુકવામાં આવનાર છે. છેલ્લા કેટલાક વર્ષોથી રાજકીય પક્ષો મતદાન પૂર્ણ થયા બાદ ઈવીએમ સ્ટ્રોંગરૂમ સુધી પહોંચે તે પહેલા બદલાઈ જવાના આક્ષેપો કરાયા હતા. ત્યારે ચૂંટણી પંચ દ્વારા આ વખતની ચૂંટણીમાં ઈવીએમ - વીવીપેટ મશીન બુથ મથકો સુધી પહોંચાડવાથી લઈને મતદાન પુરુ થયેથી સ્ટ્રોંગ રૂમમાં પરત લાવવા ઉપયોગમાં લેવાતા વાહનોમાં જીપીએસ સીસ્ટમનો ઉપયોગ થનાર છે. મશીનોનું પરિવહન કરતા વાહનો પર બાજ નજર રાખવા જિલ્લા કક્ષાએ જીપીએસ સીસ્ટમ કંટ્રોલ રૂમ પણ ઉભો કરાશે

## સંવિધાનમાં નથી લખ્યું કે ચૂંટાયેલા પ્રતિનિધિને ખરીદી શકાયઃ ખડગે

**અમદાવાદ**

ભારતીય જનતા પાર્ટી બંધારણનો ભંગ કરી લોકશાહીનું હનન કરી રહી છે. સંવિધાનમાં ક્યાંય એવું નથી લખ્યું કે ચૂંટાયેલા પ્રતિનિધિઓને ખરીદી શકાય લોકશાહીમાં ચૂંટણી પ્રચારની એક ગરિમા હોય છે. રાજકીય પક્ષો પોતાના કાર્યોની વાતો પ્રજા સમક્ષ મૂકવા સ્વતંત્ર છે, પરંતુ ભાજપ ચૂંટણી પ્રચારમાં જે રીતે રસમો અપનાવે છે તે લોકશાહીને છાજતું નથી. વિપક્ષમાં હોય તેને દાગી ગણવામાં આવે છે, તે લોકો ભાજપમાં આવે એટલે તેમને ક્લિનચીટ મળી જાય છે. ભાજપ પાસે મોટું વોશિંગ મશીન છે. જે ભાજપમાં સામેલ થાય તે નિષ્કલંક બની જાય છે. અમદાવાદના પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે આજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગએ જણાવ્યું હતું.

## સુરતમાં બહિષ્કાર બેનરના કારણે પક્ષોની ચિંતામાં વધારો

**સુરત**

કતારગામ સહિત કેટલીક સોસાયટીઓમાં ગઈકાલે સુચિત સોસાયટીઓમાં વેરો દાખલ થયાં છે તેના જંત્રી પ્રમાણે ભરણુ ભરીને કાયદેસર આપવાની બાંહેધરી આપે તેવા જ રાજકારણીઓએ આવવું બાકી અન્ય કોઈએ મત માંગવા આવવું નહીં તેવા બેનર લાગ્યા હતા. ત્યાર બાદ કામરેજ અંબા લક્ઝુરિયા, લક્ષ્મીધામ સોસાયટી, વિક્ટોરિયા ટાઉનશીપ, નવકાર રેસીડેન્સી અને સહજાનંદ સોસાયટીને સાંકળતો રોડ બનાવવા માટેની કામગીરી છેલ્લા પાંચ વર્ષથી થતી ન હોવાથી મતદારો રોષે ભરાયા છે. આ સોસાયટીમાં આઠ હજાર જેટલા મતદારો છે તેઓ આક્રોશપૂર્ણ રીતે કહે છે કે, રોડ બનાવવા માટે છેલ્લા પાંચ વર્ષથી અમે માગણી કરી રહ્યા છે પરંતુ માત્ર વચન આપવામાં આવે છે રોડનું કામ કરવામાં આવતું નથી.

# કોંગ્રેસના 86 ટકા, ભાજપના 81 ટકા ઉમેદવાર કરોડપતિ

## ગુજરાતમાં બીજા તબક્કાની ચૂંટણીમાં ઉમેદવારની પસંદગીમાં ધનવાનોની બોલબાલા : 25 ટકાથી વધુ ઉમેદવારો કરોડપતિ

**અમદાવાદ**

'મની પાવર' - 'મસલ પાવર' વિના ચૂંટણી જીતવી તે લોઢાના ચણા ચાવવાથી પણ વધારે મુશ્કેલ ગણાય છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. ગુજરાત વિધાનસભામાં બીજા તબક્કાની ચૂંટણી લડતા ૮૩૩માંથી ૨૧૧ એટલે કે ૨૫ ટકા ઉમેદવાર પાસે રૂપિયા ૧ કરોડથી વધુની જ્યારે ૬૫ ઉમેદવારોની સંપત્તિ રૂપિયા ૫૦ લાખથી રૂપિયા ૧ કરોડ છે. કોંગ્રેસના સૌથી વધુ ૮૬ ટકા, ભાજપના ૮૧ ટકા જ્યારે આમ આદમી પાર્ટીના ૩૮ ટકા ઉમેદવાર કરોડપતિ છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું પ્રથમ તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરના યોજાશે. જેના માટે જાહેરમાં પ્રચારની મંગળવારે સાંજે સમાપ્તિ થઇ જશે. જેની સાથે જ તમામ પક્ષો હવે સંપૂર્ણ ધ્યાન બીજા તબક્કા પર કરશે. પાંચ ડિસેમ્બરના બીજા તબક્કાનું મતદાન છે અને તેમાં કુલ ૮૩૩ બેઠકો વચ્ચે મુકાબલો થવાનો છે. એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ્સ (એડીઆર ) દ્વારા બીજા તબક્કાની ચૂંટણી લડતા ઉમેદવારોનું તેમની એફિડેવિટના આધારે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જે મુજબ ભાજપના ૯૩ ઉમેદવાર



પાસે સરેરાશ રૂ. ૧૯. ૫૮ કરોડ, આમ આદમી પાર્ટીના ૯૩ ઉમેદવારો પાસે રૂ. ૫.૨૮ કરોડ જ્યારે કોંગ્રેસના ૯૦ ઉમેદવારો પાસે રૂ. ૭.૬૧ કરોડની સરેરાશ સંપત્તિ છે. ચૂંટણી લડતા કુલ ૮૩૩ ઉમેદવારો પાસે સરેરાશ ૪.૨૫ કરોડની સંપત્તિ હોવાનું સામે આવ્યું છે.

માણસા બેઠકથી ચૂંટણી લડતા ભાજપના ઉમેદવાર પાસે સૌથી વધુ રૂપિયા ૬૬૧ કરોડની સંપત્તિ છે. સૌથી વધુ સંપત્તિ મામલે રૂ. ૩૭૨ કરોડ સાથે સિદ્ધપુરમાં ભાજપના ઉમેદવાર બલવંતસિંહ રાજપુત બીજા જ્યારે રૂ. ૩૪૩ કરોડ સાથે ડભોઈથી આપના ઉમેદવાર અજીતસિંહ ઠાકોર ત્રીજા સ્થાને છે. સોગંદનામામાં દર્શાવવામાં આવેલી વિગતોને આધારે ભાજપના ૯૩માંથી ૧૮ , આપના ૯૩માંથી ૨૯, કોંગ્રેસના ૯૦માંથી ૨૯ ઉમેદવાર સામે ગુના નોંધાયેલા છે. આમ, ગુનાઈત ઉમેદવારનું પ્રમાણ આપમાં ૩૧ ટકા, કોંગ્રેસમાં ૩૨ ટકા અને ભાજપમાં ૧૯ ટકા છે. ૨૮૫ અપક્ષમાંથી ૫૮ એટલે કે ૨૦ ટકા સામે ગુના નોધાયેલા છે.

કુલ ૯ ઉમેદવારો પર મહિલા પર અત્યાચારનો ગુનો નોંધાયો છે. જેમાં દસ્ક્રોઈથી આપના કિરણ પટેલ, પંચમહાલથી ભાજપના જેઠાભાઈ આહીર, જમાલપુર-ખાડિયાથી ભૂષણ ભટ્ટ, વડગામથી કોંગ્રેસના જીજ્ઞેશ મેવાણી, પાટણથી કિરીટ પટેલ, બોરસથી અપક્ષ આશિષ ભોઈ, રાવપુરાથી રાષ્ટ્રીય સમાજ પક્ષના હુસેન મુલતાનીનો સમાવેશ થાય છે.

## રાજકોટ કોંગ્રેસના અગાઉ ઉમેદવાર 4 નેતા હવે ભાજપના માત્ર કાર્યકર

**રાજકોટ**

રાજકોટમાં ઈ. 1998થી ગત ચૂંટણી ઈ. 2017 દરમિયાન ભાજપની નીતિ-રીતિઓની આકરી ટીકા કરીને કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઝનુનપૂર્વક ચૂંટણી લડનારા (પણ હારનારા) શહેરની ચાર બેઠકો પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ગ્રામ્યના ચાર ઉમેદવારો આ ચૂટણીમાં પક્ષપલ્ટો કર્યો છે અને ચારેયને ટિકીટ તો નથી મળી પણ માત્ર ભાજપના કાર્યકર તરીકે કામ કરી રહ્યા છે.

કાશ્મીરાબેન નથવાણી ઈ.સ. 1998માં ભાજપમાં બળવો કરનાર શંકરસિંહના પક્ષ રાજપમાંથી રાજકોટ પશ્ચિમ બેઠક પર વજુભાઈ સામે લડયા હતા. ત્યારબાદ ઈ.સ. 2002 અને 2007માં વજુભાઈની સામે કોંગ્રેસે સતત તેમને બે વખત ઉમેદવાર બનાવ્યા હતા. આ ત્રણ ચૂંટણીમાં ભાજપ વિરૂધ્ધ પ્રચાર કરનારા આ રઘુવંશી મહિલા નેતા હવે આ જ વિસ્તારમાં ભાજપના પ્રમાં જોડાયા છે.

## ભાજપી એજન્ટ જેવી પોલીસ મારા ડંખથી નહીં બચે : દુધાત

**રાજકોટ**

રાજકોટમાં પોલીસે કોંગ્રેસના નેતાઓ સામે ચેપ્ટર કેસોની તજવીજ હાથ ધરતા ઉગ્રતા વ્યાપ્યા બાદ હવે સાવરકુંડલાના ધારાસભ્ય પ્રતાપ દુધાતે પોલીસના કેટલાક કર્મચારીઓ ભાજપના એજન્ટ બનીને કામ કરતા હોવાનું કહીને એવી ચિમકી આપી હતી કે તમે સાપના ઝેરથી બચી શકશો પણ મારા ડંખથી નહી બચી શકો, ગામડાની પરંપરા પ્રમાણે ત્રણ પેઢી સુધી વેર નહીં ભુલું, તમારા સંતાનો પાસે પણ હિસાબ માંગીશ. આ ધારાસભ્ય તા. 1 સુધી પોલીસનો સમય છે, બીજી તારીખથી પ્રતાપ દુધાત છે અને અમે એ કોંગ્રેસી છીએ છોડીશું નહીં. તેમ ચિમકી આપી તે વિડીયો આજે વાયરલ થતા ભારે ચકચાર જાગી હતી.ઉલ્લેખનીય છે કે આ પહેલા રાજકોટમાં ઈન્દ્રનીલ રાજ્યગુરુએ પણ પોલીસના કેટલાક કર્મચારીઓ માટે પક્ષપાત રાખશો તો તા. 1 પછી પાંચ વર્ષ સુધી તમારો પીછો નહીં છોડુ તેમ ચિમકી આપી હતી.

## ગુજરાતમાંથી ભાજપે રૂ. ૧૬૩ કરોડ અને કોંગ્રેસે રૂ. ૧૦ કરોડનું દાન મેળવ્યું

**અમદાવાદ**

ગુજરાતમાં રાજકીય પક્ષોને નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૦-૨૧ એમ છેલ્લા પાંચ વર્ષમાં કુલ રૂપિયા ૫૯૧.૨૭ કરોડનું દાન મળ્યું છે. આ પૈકી ડાયરેક્ટ ડોનેશનની વાત કરવામાં આવે તો ભાજપે રૂપિયા ૧૬૩.૫૪૪ કરોડ અને કોંગ્રેસે રૂપિયા ૧૦. ૪૬૪ કરોડનું દાન મેળવ્યું હોવાનું સામે આવ્યું છે.

રાષ્ટ્રીય પક્ષો અને પ્રાદેશિક પક્ષો દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૦-૨૧ સુધીની કુલ આવક રૂપિયા ૧૬,૦૭૧. ૬૦ કરોડ જાહેર કરવામાં આવી છે. તેમાંથી ૭૯.૯૧ ટકા એટલે કે રૂપિયા ૧૨૮૪૨.૨૮૮ કરોડની આવક ૮ રાષ્ટ્રીય પક્ષોની છે. જ્યારે ક્ષેત્રિય પક્ષોને રૂપિયા ૩૨૨૯.૩૨ કરોડની આવક છેલ્લા પાંચ વર્ષમાં થઈ છે. લોકસભા ચૂંટણીના વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૭૬૦.૦૯ કરોડનું ફંડ મળ્યું છે, જ્યારે પ્રાદેશિક પક્ષોને વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન સૌથી વધુ એટલે કે ૧૦૮૯.૪૨૨ કરોડનું ફંડ મળ્યું હોવાનું સામે આવ્યું છે.

એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રીફોર્મ્સ (એડીઆર) દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો અનુસાર કુલ આવકમાં રાષ્ટ્રીય પક્ષોને મળેલું દાન ૧૦૪૭૧.૦૪ કરોડ છે અને ૨૨૭૪.૫૭ કરોડ રૂપિયા ક્ષેત્રિય પક્ષોએ દાન થકી મેળવ્યા છે. ગુજરાતમાંથી મળેલા દાનની વાત કરીએ તો ઈલેક્ટોરલ બોન્ડ થકી ૩૪૩ કરોડ, ઈલેક્ટોરલ ટ્રસ્ટ થકી રૂ. ૭૪.૨૭ કરોડ અને સીધા કોર્પોરેટ દાન થકી રૂપિયા ૧૭૪ કરોડનું દાન પ્રાપ્ત થયું છે. ઈલેક્ટોરલ બોન્ડ થકી ૧૩ તબક્કામાં ૩૪૩ દાન મળ્યા છે.

## વિદેશમાં વસતા ૮૩૨ ભારતીયો મતાધિકારનો ઉપયોગ કરશે

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે વિદેશમાં વસતા ૮૩૨ ભારતીય મતદારો પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૬૩ અને બીજા તબક્કામાં ૬૬૦ ભારતીય મતદારોનો સમાવેશ થાય છે. વિધાનસભા ચૂંટણીમાં વિદેશમાં વસતા ભારતીય મતદારો પોતાના રહેઠાણ વિસ્તાર સંબધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલી અંતિમ યાદીમાં વિદેશમાં વસતા ૬૩૦ પુરુષ-૧૯૩ મહિલાનો સમાવેશ થાય છે.

## સોશ્યલ મીડિયાના યુગમાં પણ પ્રચાર માટે રિક્ષાઓ ફેરવવાની જૂની પરંપરા

**ગાંધીનગર**

વિધાનસભા ચૂંટણી અંતર્ગત પાંચમી તારીખે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જેમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્રની સાથે ભાજપ-કોંગ્રેસ-આમ આદમી પાર્ટી ઉપરાંત અન્ય પક્ષ તથા અપક્ષ ઉમેદવારો પણ હાલ પ્રચાર કરી રહ્યા છે.ગાંધીનગરમાં હાલ જ્યાં જાવો ત્યાં ચૂંટણીની જ વાતો હોય છે ત્યારે ચૂંટણીલક્ષી માહોલ ઉભો કરવામાં મોટો ફાળો પક્ષો દ્વારા કરાતા પ્રચાર કાર્યોનો છે.

પક્ષો અને ઉમેદવારો પોતાનો પ્રચાર કરવા માટે વિવિધ હથકંડા અજમાવતા હોય છે. અગાઉની ચૂંટણીઓમાં ભાજપ દ્વારા કમળનું મંગળસુત્ર કાઢવામાં આવ્યું હતું તો કોંગ્રેસ પાર્ટીએ પંજાના નીશાનવાળી સાડીઓ વેચી હોવાનો કિસ્સો પણ ગુજરાતમાં બન્યો છે. એટલુ જ નહીં, હાઉસ ટુ હાઉસ કેમ્પેઈનમાં દરેક પક્ષોએ મતદારોના ઘર ઉપર કમળ,પંજા અને ઝાડુંની નિશાનીવાળા ઝંડા તથા ધજાઓ લગાવી હતી.તે દરમિયાન નાન બાળકો કે જે મતદારો નથી તેમને પણ ચોકલેટ, ટોપી, બ્રેસલેટ,ચશ્મા આપીને ખુશ કરવામાં આવી રહ્યા છે.તો કાર્યાલયો અને પક્ષની ઓફીસ તથા કોર્પોરેટરોના ઘર ઉપર તોરણો પણ લટકાવી દેવામાં આવ્યા છે.

## ન્યુઝ બ્રીફ

- **ગુજરાતમાં મતદાન અગાઉ ભાજપના ઉમેદવાર પર હુમલો**
  વાંસદા બેઠક પરથી ભાજપના ઉમેદવાર પિયુષ પટેલ પર અજાણ્યા લોકોએ હુમલો કર્યો હતો. હુમલામાં પિયુષ પટેલને માથામાં ઈજા થઈ હતી. પિયુષ પટેલ પર હુમલા અંગે વાંસદા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. તેમણે કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલના સમર્થકો પર હુમલાનો આરોપ લગાવ્યો છે. ભાજપનું કહેવું છે કે કોંગ્રેસે મતદાન પહેલા સંપૂર્ણ પ્લાનિંગ સાથે આ હુમલો કર્યો છે. આ હુમલામાં પિયુષની સાથે રહેલા ૪ થી ૫ ભાજપના કાર્યકરો પણ ઘાયલ થયા હતા. આ સાથે કાફલામાં રહેલા 3 થી ૪ વાહનોને પણ નુકસાન થયું છે.
- **હાર્દિકને સંઘાણીની સલાહ, ભાજપ સાથે રહેશે તો ફાયદો**
  અમરેલીમાં દિલીપ સંઘાણીએ મતદાન આપ્યા બાદ હાર્દિક પટેલને સલાહ આપી હતી. તેમણે વ્યંગ કરતા કહ્યુ કે ભાજપને વિચારધારાને વળગી રહેશે તો ફાયદો થશે, નહિ તો નુકશાન થશે, ભાજપની વિચારધારા સાથે ના જોડાય તો સસ્પેન્ડ પણ કરાય છે, ભાજપની વિચારધારા સ્વીકારીને ભાજપે સભ્ય બનાવ્યો છે.
- **પીઢ જનસંઘી જયનારાયણ વ્યાસે કોંગ્રેસનો ખેસ પહેર્યો**
  ગાંધીનગરઃ ગુજરાતના ભૂતપૂર્વ આરોગ્ય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા જયનારાયણ વ્યાસે 4 નવેમ્બરે ભાજપમાંથી રાજીનામુ આપ્યું હતું. મંગળવારે કોંગ્રેસનો ખેસ ધારણ કરી 20 દિવસ બાદ જ જયનારાયણ વ્યાસ ભાજપ સામે મેદાનમાં ઉતર્યા છે. તેમણે સિધ્ધપુર બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ચંદનજી ઠાકોરને ટેકો જાહેર કર્યો હતો. આ પહેલા જયનારાયણની અશોક ગેહલોત સાથેની મુલાકાત ચર્ચામાં આવી હતી.
- **કોંગ્રેસની વિચારધારા જ ભાગલા પાડો અને રાજ કરોની છેઃ મોદી**
  ગાંધીનગરઃ મોદીએ અંજાર અને જામનગરમાં જનસભાઓને સંબોધન કર્યું હતું. પાલીતાણામાં જનસભાને સંબોધન કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતુ કે આ ચૂંટણી આપણું ગુજરાત સમૃદ્ધ બને અને વિકાસની નવી ઉંચાઇ પ્રાપ્ત કરે તેનો નિર્ણય કરશે.આઝાદીના 100 વર્ષે દેશના વિકાસની નવી ઉંચાઇ પર લઇ જવાની આ ચૂંટણી છે. કોંગ્રેસની મૂળ વિચારધાર ભાગલા કરો અને રાજ કરો. વર મરો,કન્યા મરો પણ ગોર મહારાજનું તરભાણુ ભરો આ કોંગ્રેસની ચાલાકી હતી.ગુજરાત અને મરાઠાઓને લડાવાનું કામ કોંગ્રેસ કરતી હતી. ગુજરાતમાં કાઠીયાવાડ અને ગુજરાતને લડાવાનુ કામ કર્યુ.ગુજરાતના લોકો જાગૃત છે.
- **ગુંડાગીરી વિરુદ્ધની નીતિના કારણે સલામતીનું વાતાવરણઃ શાહ**
  ગાંધીનગરઃ કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં ગુનાખોરી અને ભયનું વાતાવરણ હતું. કેબિનેટ મંત્રીના ઘરમાં બોમ્બ વિસ્ફોટ થતો હતો. શેરીઓમાં ચાલતી વખતે લોકોને છરીના ઘા મારવામાં આવ્યા હતા. કોંગ્રેસની સરકાર વખતે ગુજરાતમાં તોફાનો અને લૂંટના સમાચાર આવતા હતા. જ્યાં શાંતિ નથી ત્યાં ઉદ્યોગ-ધંધો ક્યાંથી આવે? વિકાસ કેવી રીતે થઈ શકે? ભાજપ (BJP) સરકાર સત્તામાં આવી, ત્યારથી ગુનેગારો સામે કડક હાથે કામ લઈ ગુજરાતની કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવી હતી જેના પગલે ગુજરાત સહિત દેશમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ ઉભુ થયુ છે, તેવું અમિત શાહે ખેરાલુ, વડોદરાના સાવલી અને અરવલ્લીના ભિલોડા ખાતે જાહેર સભાને સંબોધતાં જણાવ્યું હતું.
- **પાલીતાણાઃ મતદાન સમયે AAP-ભાજપ કાર્યકર્તા વચ્ચે મારામારી**
  પાલીતાણા શહેરના વણકરવાસ વિસ્તારમાં ભાજપ અને આમ આદમીના કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થઈ હોવાનું સામે આવ્યું છે. મતદાન સમયે મારામારી થઈ છે. આ ઘટનામાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાને માર મારવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે બોલાચાલી બાદ પાલીતાણા વિધાનસભા 102 મતવિસ્તારમાં મારામારી સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે.
- **રાજકોટઃ માલધારી પહેરવેશ સાથે રણજીત મૂંધવાએ કર્યું મતદાન**
  રાજકોટમાં કુલ 8 બેઠકો માટે મતદાન થઈ ગયું હતું. અહીં અન્ય મતદારોની સંખ્યા 34 છે. રાજકોટમાં અનોખી રીતે મતદાન કરાયું છે. અહીં લંપી વાયરસને લઈને લોકોમાં સરકાર પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. જેના ભાગ રૂપે રણજીત મૂંધવા માલધારી પહેરવેશમાં વાછરડા સાથે મતદાન કરવા પહોંચ્યા હતા.

**પ્રથમ તબક્કાનું મતદાન**

| જિલ્લો | 2022 (%) | 2017 (%) |
|---|---|---|
| અમરેલી | 57.59 | 61.66 |
| ભરૂચ | 66.61 | 73.51 |
| ભાવનગર | 59.17 | 62.02 |
| બોટાદ | 57.58 | 62.47 |
| ડાંગ | 67.33 | 73.07 |
| દ્વારકા | 61.7 | 59.77 |
| સોમનાથ | 65.93 | 73.01 |
| જામનગર | 58.01 | 64.63 |
| જુનાગઢ | 59.52 | 63.08 |
| કચ્છ | 59.8 | 64.66 |
| મોરબી | 69.77 | 73.66 |
| નર્મદા | 73.5 | 80.92 |
| નવસારી | 71.09 | 74.52 |
| પોરબંદર | 59.51 | 61.95 |
| રાજકોટ | 60.45 | 67.28 |
| સુરત | 62.27 | 67.05 |
| સુરેન્દ્રનગર | 62.46 | 65.82 |
| તાપી | 76.91 | 79.15 |
| વલસાડ | 69.05 | 73.07 |









# ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની ફરી સરકાર બનશે, સટ્ટાબજારનો મત

**નવી દિલ્હી**

સટ્ટાબજાર ચલાવતા સટોડિયાઓએ આગાહી કરી છે કે ગુજરાતની જનતા ફરી ભાજપને સત્તામાં જોશે. તેમણે ૧૮૨ સભ્યોની વિધાનસભામાં ભગવા પાર્ટી (ભાજપ) માટે ૧૨૫ બેઠકોનો અંદાજ મૂકયો છે. સટ્ટાબજાર ૧૨૫ બેઠકોની મોટી બહુમતી સાથે ગુજરાતમાં ભાજપની સત્તામાં વાપસીની આગાહી કરી રહ્યું છે. નામ જાહેર ન કરવાની શરતે, એક બુકીએ કહ્યું, ગુજરાત ચૂંટણી ૨૦૨૨ માટે અમારી ગણતરી મુજબ, અમે ભાજપ માટે ૧૨૫-૧૩૯, કોંગ્રેસને ૪૦-૫૦ અને આમ આદમી પાર્ટી માટે માત્ર ૬-૭ની આગાહી કરી રહ્યા છીએ. સીટ મુજબ, અમે ભાજપ સરકારને લગભગ ૪૦ પૈસા, કોંગ્રેસને ૪.૫૦ રૂપિયા અને AAPને ૨૫ રૂપિયા આપીએ છીએ. આ અમારી ગણતરીઓ પર આધારિત છે. બુકીઓના મતે કોંગ્રેસને વધુમાં વધુ ૫૦ અને AAPને છ સીટો મળવાની શકયતા છે. તેમણે કહ્યું કે ત્યાંની જમીની વાસ્તવિકતા તદ્દન અલગ છે. એવા કોઈ ખેડૂતો, સીએએ અથવા એનઆરસી મુદ્દાઓ નથી જે ભાજપને અસર કરી શકે. આ ત્રણેયે પંજાબમાં છછઁની સરકાર બનાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. ભાજપ શરૂઆતથી જ સૌથી આગળ છે.

# મને અપશબ્દો બોલવા કોંગ્રેસ રામાયણમાંથી રાવણ લઈ આવી

**અમદાવાદ**

પંમચહાલના દાહોદમાં આજે મતદાન વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જનસભા યોજાઈ હતી. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેના 'રાવણ' ના નિવેદનનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે, ખડગે એ જ બોલ્યા જે તેમને કહેવામાં આવ્યું હતું. કોંગ્રેસ પાર્ટીને ખબર નથી આ રામ ભક્તોનું ગુજરાત છે. રામ ભક્તોની સામે કોંગ્રેસે મોદીને રાવણ કહ્યા. કોંગ્રેસ પાર્ટીને અયોધ્યાના રામ મંદિર ઉપર પણ વિશ્વાસ નથી. કોંગ્રેસ મને અપશબ્દો બોલવા રામાયણમાંથી રાવણ લઈ આવી છે.

# મતદાન મથકે AAPના અલ્પેશ કથીરિયાએ કુમાર કાનાણીના આશીર્વાદ લીધાં

**સુરત**

વરાછા બેઠક પર AAPના અલ્પેશ કથીરિયા અને BJPના કુમાર કાનાણી વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો છે. ત્યારે આજે આપ અને ભાજપના ઉમેદવાર મતદાન મથક પર ભેગા થઈ ગયા હતાં.

ચૂંટણીના પ્રચાર દરમિયાન આ બંને નેતાઓ એકબીજા પર આકરા પ્રહારો કરી રહ્યા હતા. મતદાન મથક બંને ઉમેદવારો ભેગા થતા ઉત્સાહથી મળ્યા હતા. આપના ઉમેદવાર અલ્પેશ કથીરિયાએ કુમાર કાનાણીને પગે લાગીને આશીર્વાદ લીધા હતા અને સાથે જ બંને નેતાઓ એક-બીજાને ગળે ભેટ્યાં હતા.

# પરેશ ધાનાણીએ સાયકલ ઉપર તેલનો ડબ્બો અને સિલિન્ડર સાથે કર્યો વિરોધ

**અમરેલી**

કોંગ્રેસનાં દિગ્ગજ નેતા પરેશ ધાનાણીએ અમરેલીમાં તેમના પરિવાર સાથે સાયકલ પર પ્રતિકાત્મક વિરોધ કરીને મતદાન કર્યુ છે. તેઓ પરિવાર સાથે સાયકલની પાછળ ગેસનો સિલિન્ડર, તેલનો ડબ્બો લઈને મતદાન કરવા પહોંચ્યા હતાં. આ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પરેશ ધાનાણીની મોટી દીકરી પહેલીવાર મતદાન કરી રહી છે. તે પણ સાઈકલ પર તેલનો ડબ્બો લઈને પ્રતિકાત્મક વિરોધ કરીને મતદાન કરવા પહોંચી હતી. આ સાથે તેમના માતાપિતા, પત્ની, અન્ય દીકરી અને તેમના ભાઈ પણ મતદાન કરવા પહોંચ્યા હતા. થોડા દિવસ પહેલા પણ પરેશ ધાનાણીનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમા કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી અને તેમના નાનાભાઈ શરદ ધાનાણી ભાજપ ચૂંટણી કાર્યાલય ખાતે પહોંચ્યા હતા. ત્યારે ઘડીભર માટે સન્નાટો થઈ ગયો હતો. પરેશ ધાનાણીએ ભાજપના દિગ્ગજ નેતાઓ પાસેથી આશિર્વાદ લીધા હતા. આ અંગે કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણીએ કહ્યુ હતુ કે, 'ભાજપના કાર્યાલયમાં રહેતા અને દીલથી કોંગ્રેસ સાથે જોડાયેલા કાર્યકરો પણ મને આશિર્વાદ આપશે.' અમરેલી જિલ્લાના તંદુરસ્ત રાજકારણની આ અદ્ભુત તસવીરો સામે આવી છે.

# પ્રથમ તબક્કામાં પાંચ ગામોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો

**અમદાવાદ**

ગુજરાત ચૂંટણીના પ્રથમ તબક્કામાં પાંચ ગામોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો. જેમાં જામજોધપુર ધ્રાફા ગામે મહિલાઓ માટે અલગ મતદાન બૂથ ન રખાતા ચૂંટણી બહિષ્કાર કરાયો હતો. ડાંગના આહવામાં રસ્તા અને પુલ મુદ્દે મોટીદબાસ ગામના લોકોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. એ જ રીતે નર્મદા જિલ્લામાં આવેલા ડેડીયાપાળા વિસ્તારના સમોટ ગામના લોકોએ પાયાની સુવિધાઓને લઈને ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો.

આ ઉપરાંત ૧૫૭-માંડવી બેઠકમાં સમાવિષ્ટ સોનગઢ તાલુકાની ઉકાઈ જૂથના સિંગલખાંચ અને પથરડા ગામમાં ચૂંટણી બહિષ્કાર થયો હતો. ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના કેસર અને મહુજા ગામમાં મતદાનનો બહિષ્કાર કર્યો છે. પ્રાથમિક સુવિધાના અભાવે ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે.

# મતદાનના ત્રણ કલાકમાં 33 બેલેટ યુનિટ રિપ્લેસ કરાયા

**અમદાવાદ**

19 જિલ્લાઓમાં ઈવીએમ દ્વારા મતદાનની પ્રક્રિયા ચાલી રહી છે. 26,269 બી.યુ.(બેલેટ યુનિટ), 25,430 સી.યુ. (કંટ્રોલ યુનિટ) અને 25,430 VVPAT કાર્યરત છે. મતદાનની 90 મિનિટ પહેલા ઈવીએમની ચકાસણી માટે મૉક પોલ યોજાય છે. આ મૉક પોલ દરમિયાન 140 બેલેટ યુનિટ, 372 કંટ્રોલ યુનિટ અને 332 વીવીપેટ રિપ્લેસ કરવામાં આવ્યા હતા. સવારે 8:00 વાગે મતદાન શરૂ થયું ત્યારથી 11.00 વાગ્યા સુધીના ત્રણ કલાક દરમિયાન 19 જિલ્લાઓમાં થઈને 33 બેલેટ યુનિટ, 29 કંટ્રોલ યુનિટ અને 69 વીવીપેટ રિપ્લેસ કરવામાં આવ્યા છે. ત્રણ કલાક દરમિયાન 0.1% બેલેટ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા હતા. 0.1% કંટ્રોલ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે અને 0.3 ટકા વીવીપેટ રિપ્લેસ કરવામાં આવ્યા હતા.

## મતદાનની સાથે સાથે

### કોંગ્રેસનું ડેલીગેશન ચૂંટણીપંચની ઓફિસે ફરિયાદ કરવા પહોંચ્યું

કોંગ્રસના ડેલીગેશન પ્રથમ તબક્કાની ચૂંટણીમાં ચૂંટણીપંચની ગાઈડલાઈનનું ઉલ્લંઘન થતું હોવાની ફરિયાદ સાથે ચૂંટણીપંચની ઓફિસે પહોંચ્યું હતું. કોંગ્રેસના બિમલ શાહ, અલોક શર્મા, યુ.ડી.શેખાવત ચૂંટણીપંચની ઓફિસે રજૂઆત કરવા પહોંચ્યા હતા. કોંગ્રેસ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગુજરાતમાં કેટલીક જગ્યાએ ચૂંટણીપંચની ગાઈડલાઈનનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. કોંગ્રેસે ચૂંટણીપંચ યોગ્ય પગલાં લે તેવી માંગણી કરી છે.

### મતદાન પૂર્ણ થતાં 89 BU 82 CU અને 238 VVPAT બદલવામાં આવ્યા

19 જિલ્લાઓમાં ઇવીએમ દ્વારા મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. 26,269 બી.યુ.(બેલેટ યુનિટ), 25,430 સી.યુ. (કંટ્રોલ યુનિટ) અને 25,430 VVPAT કાર્યરત હતા. આજે મતદાન દરમ્યાન 19 જિલ્લાઓમાં 89 બેલેટ યુનિટ, 82 કંટ્રોલ યુનિટ અને 238 વીવીપેટ રિપ્લેસ કરવામાં આવ્યા હતા. આજે દિવસ દરમ્યાન માત્ર 0.34 ટકા બેલેટ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે. 0.32 ટકા કંટ્રોલ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે અને 0.94 ટકા વીવીપેટ રિપ્લેસ કરવામાં આવ્યા છે. EVM અંગેની કુલ 18 ફરિયાદો મળી હતી. તમામ જિલ્લાઓમાં ઝોનલ ઓફિસર કે જે તે વિસ્તારના ઇન્ચાર્જ પાસે રિઝર્વ મશીન સેટ ઉપલબ્ધ રાખવામાં આવ્યા હતા.

### દિવસ દરમિયાન ચૂંટણી પંચ દ્વારા 33 એલર્ટ્સ મળી

ગુરૂવારે મતદાનના કલાકો દરમ્યાન ભારતના ચૂંટણી પંચ દ્વારા 33 એલર્ટ્સ મળી હતી. જેમાં EVM અંગેના 17 એલર્ટ્સ, ચૂંટણી બહિષ્કારની 5, ટોળા અને હિંસા અંગેની 2, આદર્શ આચરસંહિતા ભંગની 2 તથા અન્ય 7 એલર્ટ્સ હતી. મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ખાતે EVM અંગેની 6 ફરિયાદો, બોગસ વોટીંગની 2, કાયદો અને વ્યવસ્થા અંગેની 30, આદર્શ આચરસંહિતા ભંગની 36 તથા અન્ય 30 ફરિયાદો મળી કુલ 104 ફરિયાદો મળી હતી. અન્ય પ્રકારની ફરિયાદોમાં ધીમું મતદાન, બોગસ વોટીંગ અને પાવર કટ અંગેની ફરિયાદો મળી હતી. c-VIGILથી 221 ફરિયાદો મળી હતી.

### સુરતનાં કામરેજમાં એક જ પરિવારમાં ૮૧ લોકો, જેમાંથી ૬૦ ટકા મતદાતા

ગુજરાતનાં સૂરતના કામરેજ ખાતે રહેતા એક પરિવારના લોકો એકતાનું ઉદારણ પૂરુ પાડે છે. કામરેજમાં રહેતા સોલંકી પરિવારમાં કુલ ૮૧ લોકો છે. પરંતુ બધાનું જમવાનું એક સાથે જ થાય છે એટલું જ નહી મતદાન પણ એક સાથે જ આપવા જાય છે. આ સોલંકી પરિવારમાં કુલ ૬૦ મતદાતા છે. પરિવારના વડીલ શ્યામજીભાઈ ૮૨ વર્ષના છે. ગુજરાતમાં થઈ રહેલા પ્રથમ તબક્કાના મતદાનમાં આ પરિવારનાં લોકો વોટ આપવા ગયા હતા. પરિવારનાં વડીલે કહ્યું કે સમગ્ર પરિવારમાં કુલ ૬૦ મતદાતાઓ છે. આખો પરિવાર હંમેશા એકસાથે જ રહે છે. આ વખતે પરિવારમાં ૨ યુવા મતદાતાઓ છે.

### વલસાડમાં ભાજપના ઉમેદવારનો મત આપતો વીડિયો વાયરલ

વલસાડમાં ભાજપના ઉમેદવાર વોટ આપતા હોય એવો વીડિયો સોશિયલ મીડિયામાં પર વાયરલ થયા ખળભળાટ મચ્યો છે. આ વીડિયોમાં ભાજપના ઉમેદવાર ભાજપને વોટ આપતા હોય એવું દર્શાવવામાં આવ્યું છે. ભાજપને વોટ આપ્યાનો આ વીડિયો સોશિયલ મીડિયામાં પ્લેટફોર્મ પર અપલોડ કરવામાં આવ્યો છે. ભાજપના કાર્યકર્તાનો વોટ આપતો અને વોટ આપ્યા બાદનો ફોટો સોશયલ મીડિયામાં વાયરલ કર્યા છે.

### સૂરેન્દ્રનગર: હળવદના અજિતગઢમાં મતદાન મથકમાં માથાકૂટ

સૂરેનદ્રનગરમાં હળવદના અજિતગઢમાં મતદાન દરમિયાન તકરાર થઇ હતી. મતદાનને લઈને બે જૂથો આમને સામને આવ્યા હતા. સરપંચ પતિ સાથે થઈ ઝપાઝપી પોલીસે હસ્તક્ષેપ કરી મામલો થાળે પાડ્યો હતો. ચૂંટણી દરમિયાન ક્યાંક આરોપ-પ્રત્યારોપતો ક્યાંક તકરાર થતી જોવા મળી હતી. મતદારોમાં ભારે ઉત્સાહ તો ક્યાંક અનોખી રીતે મતદાન જોવા મળ્યુ હતુ. આ દરમિયાન ક્યાંક તોફાન, તકરાર કે ઉગ્ર બોલચાલ જેવા દૃશ્યો સર્જાયા હતા.

### પાકિસ્તાનમાં જન્મેલા મહિલાએ 21 વર્ષ બાદ પ્રથમવાર કર્યું મતદાન

પાકિસ્તાનમાં જન્મેલા અનેક લોકો ભારતમાં આવી વસવાટ કરે છે તેઓને અગાઉ કેન્દ્ર સરકારે ભારતની નાગરિકતા આપી હતી. 1988માં પાકિસ્તાનના મીરપુરમાં જન્મેલા અને 1998માં ભારત આવેલા હેમાબેનને 2014માં જુનાગઢના મનીષભાઈ આહુજા સાથે લગ્ન કર્યા હતા. દરમિયાન હેમાબેનના સસરા વિરભાણભાઈ આહુજાના જણાવ્યા મુજબ મારા પુત્રવધુ ભારતીય નાગરિક બન્યા બાદ આજે વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીગ્રામ વિસ્તારમાં પ્રથમ વખત મતદાન કર્યુ છે.

# જયપુરમાં વીમો પકવવા માટે પત્નીની હત્યા કરવા પતિએ આપી 1.98 કરોડની સોપારી

## પત્ની અલગ રહેતી હોવા છતાં આ વર્ષે પતિએ તેના માટે કરોડોનું વીમા કવર લીધું હતું

**જયપુર**

ઓક્ટોબરની શરૂઆતમાં જયપુરમાં બનેલી ઘટના જે પ્રથમ નજરે હિટ એન્ડ રન કેસ જણાવી હતી, તે તપાસ કરતાં ૨ કરોડનો વીમો પકવવા માટે ઠંડા કલેજે કરાવવામાં આવેલી ઘાતકી હત્યા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. સમગ્ર કેસની વાત કરીએ તો, ૫ ઓક્ટોબરના રોજ શાલુ દેવી (ઉંમર ૩૨) જ્યારે તેના પિતરાઈ ભાઈ રાજુ (ઉંમર ૩૬) સાથે બાઈક પર સામોદ મંદિરે જઈ રહી હતી ત્યારે રાજસ્થાનના જયપુર-સીકર રોડ પર હરમાડા નજીક એક એસયુવી કારે તેને કચડી હતી. પ્રાથમિક તપાસમાં તે રોડ અકસ્માત હોવાનું સામે આવ્યું હતું કારણ કે, હાઈવેનો તે પટ્ટો પર સામાન્ય રીતે વ્યસ્ત રહેતો હતો. જો કે, અકસ્માતની આ ઘટનાના ૨૦ દિવસ બાદ નાટકીય વળાંક આવ્યો જ્યારે પોલીસને જાણવા મળ્યું કે શાલુના મૃત્યુથી તેના પતિને 1.90 કરોડના ઈન્સ્યોરન્સના પૈસા મેળવવામાં મદદ મળી શકતી હતી. ડીસીપી (વેસ્ટ) વંદિતા રાણાએ જણાવ્યું હતું કે, મહેશ ચંદ્રાએ શાલુને મારવા માટે કુખ્યાત હિસ્ટ્રીશીટર મુકેશ સિંહ રાઠોડને વચન પ્રમાણે 'કોન્ટ્રાક્ટ'ના ૧૦ લાખમાંથી ૫.૫૦ લાખ ચૂકવી દીધા હતા. પોલીસે મહેશ ચંદ્રા, મુકેશ સિંહ રાઠોડ અને કાવતરામાં સામેલ અન્ય બે શખ્સ- રાકેશ કુમાર અને સોનુ સિંહની ધરપકડ કરી લેવામાં આવી છે. એસીપી (ચોમુ) રાજેન્દ્ર સિંહ અને એસએચઓ (હરમાડા) હરી પાલ સિંહ સહિતની તપાસ ટીમને જાણવા મળ્યું હતું કે, લગ્નજીવનમાં તણાવ અને ૨૦૧૭થી તેઓ સેપરેટ રહેતા હોવા છતાં ચંદ્રાએ આ વર્ષે શાલુ માટે ઈન્સ્યોરન્સ કવર ખરીદ્યું હતું.

# નવી દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસ EDએ અમિત અરોરાની ધરપકડ કરી

## દારૂના પરવાનેદારો પાસે નાણા લીધા હોવાનો કેસ

**નવી દિલ્હી**



સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન એજન્સી EDએ દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત કેસમાં વધુ એક કાર્યવાહી કરી છે. દિલ્હી એક્સાઈઝ પોલીસી મામલે એક્શન લેતા EDએ દિલ્હીની ડેપ્યુટી સીએમ મનિષ સિસોદિયાના નજીકના ગણાતા અમિત અરોરાની બુધાવારે ધરપકડ કરી હતી. અમિત અરોરા રિટેલના ડિરેક્ટર છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે હવે ED આ મામલે અરોરાની પૂછપપરછ કરશે. આ જ મામલે દિલ્હીના ડેપ્યુટી સીએમ મનિષ સિસોદિયાને પણ આરોપી ઠેરવવામાં આવ્યા છે અને છેલ્લા દિવસોમાં તેમના PA ની પૂછપરછ કરવામાં આવી હતી. નાણાકીય તપાસ એજન્સીએ આરોપ લગાવ્યો છે કે, અમિત અરોરા, દિનેશ અરોરા, અને અર્જુન પાંડે સિસોદિયાના નજીકના સહયોગી છે. આરોપીઓ શરાબના લાયસન્સધારકો પાસેથી જાહેર સેવકોને વસૂલવામાં આવેલા અયોગ્ય નાણાકીય લાભના સંચાલનમાં અને તેના વિચલનમાં સક્રિયપણે સામેલ હતા.

# આસામમાં રૂ.3 કરોડથી વધુનો પ્રતિબંધિત ડ્રગ્સનો જથ્થો જપ્ત

## બે સફળ સર્ચ ઓપરેશનમાં કુલ 6ની ધરપકડ કરાઈ

ગુવાહાટી/દીફુ : આસામમાંથી દાણચોરી કરી લઈ જવામાં આવતો ૫૦૦ કીલો પ્રતિબંધિત ડ્રગ્સનો જથ્થો સુરક્ષા દળોએ જપ્ત કર્યો છે તેમ પોલીસ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે. કુલ બે સર્ચ ઓપરેશન દરમિયાન કુલ છ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સર્ચ ઓપરેશન ગુવાહાટી અને કરબી એંગલોંગ જિલ્લામાં હાથ ધરવામાં આવ્યું હતું. ૩ થી ૩.૫ કરોડ રૂપિયાનો ગાંજો ગુવાહાટીના ગોરચુક વિસ્તારમાંથી એક ટ્રકમાંથી પકડવામાં આવ્યો હતો તેમ ગુવાહાટીના જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ પાર્થા સીરથી મહાંતાએ એક નિવેદનમાં જણાવ્યું છે.

ધરપકડ થયેલા ચાર બિહારના વતની છે. મુખ્યપ્રધાન હિમાન્તા બિસ્વા શર્માએ પણ ટ્વિટર પર આ અંગેની માહિતી આપી હતી. તેમણે આ સફળ સર્ચ ઓપરેશન બદલ આસામ પોલીસની પ્રશંસા કરી હતી. બીજુ સર્ચ ઓપરેશન કરબી એન્ગલોંગ જિલ્લાના બોકાજાન સબ ડિવિઝનમાં હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્ચ ઓપરેશન પોલીસ અને સીઆરપીએફની સંયુક્ત ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

# યૂપીના ફિરોઝાબાદમાં આગ: 6 લોકોના મોત, મૃતકોમાં ચાર બાળકોનો સમાવેશ

## ફર્નિચર-ઈલેક્ટ્રિકની દુકાનમાં આગ લાગી : મૃતકોનાં પરિવારને 2 - 2 લાખ સહાય જાહેર

**ફિરોઝાબાદ**

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ જિલ્લાના પાઢમના મુખ્ય બજારમાં આવેલી એક દુકાન અને તેની ઉપર બનેલા મકાનમાં મંગળવારે મોડી સાંજે આગ લાગી હતી, જેમાં છ લોકોના મોત થયા હતા. ફિરોઝાબાદના એસપી આશિષ તિવારીએ જણાવ્યું હતું કે, દુકાનની ઉપર બનેલા ઘરમાં એક જ પરિવારના નવ લોકો આગમાં દાઝ્યા હતા. જેમાંથી ત્રણ બાળકો સહિત છ લોકોના મોત થયા છે, જ્યારે ત્રણ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે."

જસરાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી આ દુકાન ઈલેક્ટ્રોનિક સામાન અને ફર્નિચરની હતી. તિવારીએ જણાવ્યું કે આગનું કારણ પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટ હોવાનું જણાય છે. આગને કાબૂમાં લેવા માટે આગ્રા, મૈનપુરી, એટાહ અને ફિરોઝાબાદથી 18 ફાયર ફાયટર તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત 12 પોલીસ સ્ટેશનની પોલીસ પણ બચાવ કાર્યમાં લાગેલી છે. ફિરોઝાબાદના એસપીએ જણાવ્યું કે લગભગ અઢી કલાક બાદ આગ પર કાબૂ મેળવી શકાયો. પોલીસ અધિક્ષક (ગ્રામીણ) રણવિજય સિંહના જણાવ્યા અનુસાર, આગની ઘટના લગભગ 7.30 વાગ્યે લાગી હતી અને આગ દુકાનની ઉપર બનેલા દુકાનદારના ઘરને પણ લપેટમાં લીધી હતી. હાલ મૃતકોની ઓળખ થઈ શકી નથી. બચાવ કાર્ય હજુ ચાલુ છે અને એવું જોવામાં આવી રહ્યું છે કે ઘરમાં અન્ય કોઈ ફસાયું નથી.

# બહરાઈચમાં બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત: 6નાં મોત, 15 જણાં ઈજાગ્રસ્ત

**બહરાઈચ**

બુધવારે સવારે લખનૌ-બહરાRચ હાઈવે પર એક મોટો માર્ગ અકસ્માત સર્જાયો હતો. રોડવેઝની બસને બાજુમાંથી આવતી ટ્રકે ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે 6 લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા જ્યારે 15 મુસાફરો ઘાયલ થયા હતા જેમાંથી ચારની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. તમામ ઘાયલોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગંભીર રીતે ઘાયલોને લખનઉ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા છે.

અકસ્માત સવારે 4:30 વાગ્યાની આસપાસ થયો હતો. ધુમ્મસને કારણે એક ઝડપી ટ્રક લખનૌ ઈદગાહ ડેપોના રોડવેઝને બાજુથી અથડાઈ હતી. આ અકસ્માત જરવાલ પોલીસ સ્ટેશન વિસ્તારના ઘરઘરા ઘાટ પાસે થયો હતો. પ્રાપ્ત



માહિતી પ્રમાણે ધુમ્મસના કારણે વિઝિબિલિટી ખૂબ જ ઓછી હતી જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. દુર્ઘટનાની જાણ થતાં સીઓ અને એસડીએમ કૈસરગંજ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને રાહત બચાવ કામગીરી હાથ ધરી હતી.

# એઈમ્સના સર્વર પર રેન્સમવેરથી હુમલો, NFSUને તપાસ સોંપાઈ

**નવી દિલ્હી**

દિલ્હીમાં સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટના સર્વર પર રેન્સમવેર વાઈરસના હુમલા બાદ, આ બાબતની તપાસ માટે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (એનએફએસયુ) ને 23 નવેમ્બરના રોજ સત્તાવાર રીતે જોડવામાં આવેલી છે. જેથી, એનએફએસયુના પાંચ નિષ્ણાતોની ટીમ તપાસ માટે દિલ્હી પહોંચી છે. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ટીમ દ્વારા સુરક્ષા બાબતોની આકારણી, ડેટાને ફરીથી મેળવવા અને ફાયર વોલને મજબૂત બનાવવા અંગે કામ કરશે. ડેટાને ડિક્રિપ્ટ કરવાની ચાવી અધિકારીઓને આપવા માટે હેકર્સ દ્વારા ક્રિપ્ટોકરન્સીમાં રુ. 200 કરોડની ખંડણી માગેલી છે. સતત છઠ્ઠા દિવસે સિસ્ટમ આંશિક રીતે કાર્યરત રહી હતી. મિડીયાના રિપોર્ટ મુજબ આ સાયબર હુમલાના લીધે લાખો દર્દીઓના મેડિકલ રિપોર્ટના રેકર્ડ સાથે ચેડા થઈ થવાની સંભાવના છે. દિલ્હીના એઈમ્સમાં અનેક વીઆઈપી અને વીવીઆઈપી દર્દીઓ સારવાર અર્થે આવે છે, જેથી તેમના સ્વાસ્થ્યનો ડેટા ડાર્ક વેબમાં પહોંચી જાય તેવો ખતરો છે.

# સેમસંગ ભારતમાં સંશોધન સુવિધાઓ માટે 1,000 એન્જિનિયરોની ભરતી કરશે

**નવી દિલ્હી**

સેમસંગ ઈન્ડિયા બેંગ્લોર, નોઈડા, દિલ્હી અને બેંગલુરુમાં સંશોધન અને વિકાસની સુવિધાઓ માટે લગભગ 1,000 એન્જિનિયરોની ભરતી કરશે. કોમ્પ્યુટર સાયન્સ અને સંલગ્ન શાખાઓ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, ઈલેક્ટ્રોનિક્સ, ઈન્સ્ટ્રુમેન્ટેશન, એમ્બેડેડ સિસ્ટમ્સ અને કોમ્યુનિકેશન નેટવર્ક્સમાં એન્જિનિયરોની ભરતી કરશે. ભારતમાં સેમસંગ સંશોધન કેન્દ્રોએ મલ્ટિ-કેમેરા સોલ્યુશન્સ, ટેલિવિઝન, ડિજિટલ એપ્લિકેશન્સ, 5G, 6G અને અલ્ટ્રા-વાઈડબેન્ડ વાયરલેસ કોમ્યુનિકેશન પ્રોટોકોલ જેવા ક્ષેત્રોમાં 7,500 થી વધુ પેટન્ટ ફાઈલ કર્યા છે.

# યુવકે તેની ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કરવા BOIના ATMમાંથી રૂ. 20 લાખ ચોર્યા

**નવી દિલ્હી**

બેંગલુરુમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ATMના ગાર્ડે ATM મશીનમાંથી 20 લાખ રૂપિયાની ચોરી કરી હતી. યુવકે તેની ગર્લફ્રેન્ડ સાથે લગ્ન કરવા માટે પૈસાની ચોરી કરી હતી. આ માટે તેણે થોડા દિવસો પહેલા કેશ લોડિંગ સ્ટાફના લોકો સાથે મિત્રતા કરી હતી. બાદમાં કોઈ બહાને તેની ડાયરીમાંથી એટીએમની કેશ કેસેટ ખોલવાનો પાસવર્ડ શોધી કાઢી ઘટનાને પરિણામ આપ્યું હતું.

પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસે જણાવ્યું કે 23 વર્ષીય



આરોપી દીપોંકર નોમોસુદ્ર આસામનો રહેવાસી છે. તેણે 17 નવેમ્બરે સાંજે 7 થી 8 વાગ્યાની વચ્ચે પૈસાની ચોરી કરવાનો પ્લાન બનાવ્યો હતો.

# દિલ્હી એરપોર્ટ પર ચહેરાની ઓળખ સિસ્ટમના આધારે મુસાફરોને પ્રવેશ અપાશે

**નવી દિલ્હી**

નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ગુરુવારે 'ડિજીયાત્રા' સુવિધા શરૂ કરી છે. આ હેઠળ, રાષ્ટ્રીય રાજધાનીના એરપોર્ટ પર ચહેરાની ઓળખ સિસ્ટમના આધારે હવાઈ મુસાફરોને પ્રવેશની મંજૂરી આપવામાં આવશે. ડિજીટ્રાવેલ સુવિધાથી મુસાફરોને એરપોર્ટ પર પેપરલેસ એન્ટ્રી મળશે. સિકયોરિટી ચેક એરિયા સહિત વિવિધ ચેકપોઈન્ટ્સ પર ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમના આધારે પેસેન્જર ડેટા આપમેળે અપડેટ થશે. દિલ્હી ઉપરાંત વારાણસી અને બેંગલુરુ એરપોર્ટ પર ગુરુવારે ડિજીયાત્રા સુવિધા શરૂ કરવામાં આવી હતી.

# નવેમ્બરમાં જીએસટી કલેક્શન 1.46 લાખ કરોડ : ઓક્ટોબર કરતાં 5851 કરોડ ઓછું

## ઓક્ટોબરમાં 1.52 લાખ કરોડની આવક, નવેમ્બર 2021ની સરખામણીમાં કેન્દ્રની આવક 11 ટકા વધી

**નવી દિલ્હી**

દેશમાં તહેવારોની મોસમ પછીના સમયમાં સરકારની આવકમાં ઘટાડો થયો છે. નવેમ્બરમાં સરકારને જીએસટીની આવક રૂ. ૧.૪૬ લાખ કરોડ થઈ હતી, જે ઑક્ટોબર ૨૦૨૨ની સરખામણીમાં રૂ. ૫,૮૫૧ કરોડનો ઘટાડો દર્શાવે છે. જોકે, ગયા વર્ષે નવેમ્બરની સરખામણીમાં કેન્દ્રની આવકમાં ૧૧ ટકાનો વધારો થયો છે. વધુમાં કેન્દ્રને સતત ૯મા મહિને જીએસટીની આવક ૧.૪૦ લાખ કરોડથી વધુ થઈ છે.

કેન્દ્ર સરકારને નવેમ્બર મહિનામાં જીએસટીની આવક રૂ. ૧,૪૬,૮૬૭ કરોડ થઈ હતી, જે ઑક્ટોબરમાં રૂ. ૧.૫૨ લાખ કરોડની સરખામણીમાં ઓછી છે. જોકે, આવકમાં ઘટાડાનું એક મોટું કારણ તહેવારોની મોસમ પૂરી થવાનું છે. ઑક્ટોબરમાં તહેવારોની મોસમના કારણે સરકારને બીજા ક્રમની સૌથી વધુ આવક થઈ હતી. આ પહેલાં એપ્રિલ ૨૦૨૨માં સરકારને રૂ. ૧.૬૮ લાખ કરોડની આવક થઈ હતી, જે અત્યાર સુધીની સૌથી વધુ આવક છે.

નાણામંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ નવેમ્બર ૨૦૨૨ દરમિયાન કેન્દ્રને સીજીએસટી મદમાં રૂ. ૨૫,૬૮૧ મળ્યા હતા જ્યારે એસજીએસટી મદમાં રૂ. ૩૨,૬૫૧ કરોડ અને આઈજીએસટી મદમાં રૂ. ૭૭,૧૦૩ કરોડ મળ્યા હતા. આઈજીએસટી મદમાં રૂ. ૩૮,૬૩૫ કરોડની આવક આયાતી સામાનો પર કરની વસૂલાત તરીકે થઈ હતી. આ મહિને સેસના મદમાં રૂ. ૧૦,૪૩૩ કરોડની આવક થઈ છે, જેમાંથી ૮૧૭ કરોડ રૂપિયાની સેસ આયાતીત સામાનો પર મળી હતી.

# ઉત્તર પ્રદેશમાં ઉંદરની હત્યાના આરોપી યુવકની ધરપકડ, તપાસ બાદ જામીન

## ઉંદરની હત્યા થઈ ન હતી, ફેફસા અને તેનું લીવર ખરાબ હોવાથી મૃત્યુ થયું હતું : ફોરેન્સિક રિપોર્ટમાં બહાર આવ્યું

**બદાયું**

ઉત્તર પ્રદેશના બદાયુમાં એક ઉંદરની હત્યા કરી દેવાનો આરોપ મનોજ કુમાર નામના યુવાન પર લાગ્યો હતો. જીવદયા કાર્યકર વિકેન્દ્ર શર્માએ કાર્યવાહીની માગ કરી હતી અને પોલીસને ફરિયાદ કરી હતી. ઉંદર પશુની શ્રેણીમાં આવે છે એવા મુખ્ય પશુ ચિકિત્સકના મત પછી આરોપી યુવક સામે પશુ ક્રૂરતા નિવારણ કાયદા અંતર્ગત કેસ દાખલ થયો હતો. યુવક પર આરોપ હતો કે તેણે ઉંદરને પથ્થર મારીને અધમૂવો કર્યા બાદ પાણીમાં ડૂબાડીને મારી નાખ્યો હતો. આ ઘટનાની તપાસ હાથ ધરાઈ હતી. પોલીસે ઉંદરનું પરીક્ષણ કરાવ્યું હતું.

ફોરેન્સિક તપાસમાં ખુલ્યું હતું કે ઉંદરનું મોત પાણીમાં ડૂબી જવાથી નહીં, પરંતુ ફેફસા અને લીવર ખરાબ થઈ જવાથી થયું હતું. એટલું જ નહીં, ઉંદરને બીજી પણ ઘણી બીમારી હતી. ફોરેન્સિક રિપોર્ટ બાદ આરોપી યુવાનને જામીન પર છોડી મૂકવામાં આવ્યો હતો. ઉંદરની હત્યાનો આ કેસ આખા યુપી સહિત ભારતભરમાં ચર્ચાસ્પદ બન્યો હતો.

# તેલંગણામાં બે ટ્રાન્સજેન્ડર પ્રથમ સરકારી ડાક્ટર બન્યા

**નવી મુંબઇ**

અંગત જીવનના તમામ પડકારોનો સામનો કરીને તેલંગાણાના બે ટ્રાન્સજેન્ડર ડોક્ટરોએ ઈતિહાસ રચીને એક દાખલો બેસાડયો છે. તેમણે ફરી એકવાર સાબિત કર્યું છે કે જ્યાં ઈચ્છા હોય ત્યાં રાહ હોય છે. આ બંને રાજ્યના પ્રથમ ટ્રાન્સજેન્ડર સરકારી ડોક્ટર બન્યા છે.

પ્રાચી રાઠોડ અને રૂથ જ્હોન પોલે તાજેતરમાં હૈદરાબાદની સરકારી ઓસ્માનિયા જનરલ હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. ડો. પ્રાચી રાઠોડને ટ્રાન્સજેન્ડર હોવાના કારણે તેલંગાણાની એક સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલમાંથી કાઢી મૂકવામાં આવી હતી. સરકારી સેવામાં જોડાવા પર, તેમણે બાળપણથી ભોગવતા સામાજિક કલંક અને ભેદભાવોને યાદ કર્યા.

ડૉ. પ્રાચીએ ૨૦૧૫માં અદિલાબાદ મેડિકલ કોલેજમાંથી એમબીબીએસ પૂર્ણ કર્યું હતું. તે કહે છે કે તમારી બધી ઉપલબ્ધિઓ હોવા છતાં કલંક અને ભેદભાવ તમને છોડતા નથી. ડૉ. પ્રાચીએ કહ્યું કે તે મેડિસિન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવવા દિલ્હી ગઈ હતી, પરંતુ પ્રતિકૂળ વાતાવરણને કારણે થાકીને હૈદરાબાદ પરત ફરવું પડયું હતું.

# પંજાબના CM ભગવંત માનના ઘરની બહાર વિરોધ, પોલીસ દ્વારા લાઠીચાર્જ

**ચંડીગઢ**

પંજાબ પોલીસે સંગરુરમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના નિવાસસ્થાન તરફ કૂચ કરી રહેલા મજૂર સંઘના કાર્યકરો પર લાઠીચાર્જ કર્યો હતો. કાર્યકર્તાઓ તેમની વિવિધ માંગણીઓને લઈને વિરોધ દર્શાવતા મુખ્યમંત્રી આવાસ તરફ જઈ રહ્યા હતા. સાંઝા મઝદૂર મોરચાના ખેડૂતોએ આજે પંજાબના સંગરુરમાં મુખ્યમંત્રી ભગવંત માનના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓ લઘુત્તમ દૈનિક વેતન વધારીને રૂ.700 કરવાની માંગ કરી રહ્યા હતા. વિરોધીઓ મનરેગા હેઠળ ખેત મજૂરોના લઘુત્તમ દૈનિક વેતનમાં વધારો કરવાની માંગ કરી રહ્યા હતા. આ વિરોધ દરમિયાન પોલીસે કાર્યકરો પર લાઠીચાર્જ કરી તેમને અલગ કર્યા હતા. સંગરુરમાં મુખ્યમંત્રી ભગવંત માનના આવાસની બહાર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ખેડૂતોએ રસ્તામાં ટ્રકો




મૂકી દીધી હતી અને રસ્તો રોકવાનો પ્રયાસ કર્યો હતો. જો કે પોલીસ જવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ખેડૂતો અને પોલીસ વચ્ચે કોઈ વાત ન બનતા લાઠીચાર્જ કરીને રસ્તો ખુલ્લો કરવાની સાથે ટ્રકોને હટાવવામાં આવ્યો હતો. પોલીસે અનેક ખેડૂતોની અટકાયત પણ કરી છે.

# ફિરોઝપુરમાં પોલીસે અને બીએસએફે 5 પિસ્તોલ, 5 AK-47 રાયફલ પકડી પાડી

**ચંડીગઢ**

પંજાબ પોલીસે, બી.એસ.એફ. સાથે હાથ ધરેલી સંયુક્ત કાર્યવાહી દરમિયાન ફિરોઝપુરમાંથી પાંચ એ.કે.- ૪૭ રાયફલ પાંચ પિસ્તોલો અને નવ મેગેઝિન્સ પકડી પાડયા છે.

આ માહિતી આપતા ફીરોઝપુરના ડાયરેક્ટર જનરલ ઓફ પોલિસ (ડીજીપી) ગૌરવ યાદવે તેમના ટ્વિટ ઉપર બુધવારે જણાવ્યું હતું કે, ફીરોઝપુર જિલ્લામાં પાકિસ્તાનનું એક ડ્રોન વિમાની બીએસએફની મહિલા ટુકડીએ તોડી પાડયા પછી તેમાંથી ૧૩ કિલો ગ્રામ હેરોઈન હાથ કર્યું હતું.. તેના પગલે વધુ તપાસ હાથ ધરતા પંજાબ પોલીસ અને બીએસએફે પાંચ, એકે કાર્શીનોવ ૪૭ રાયફલ, પાંચ રિવોલ્વર્સ અને ૯ મેગેઝિન્સ પણ હાથ લાગ્યા હતા.છેલ્લે ૧૯૯૯ના કારગીલ યુદ્ધમાં સખતનો માર ખાધા પછી હવે




પાકિસ્તાનનું લશ્કર અને ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સએ આવા આવાં ગતકડા કરી ભારતને પજવવાની શરૂઆત કરી દીધી છે. પાકિસ્તાની નાગરિક સરકાર ગમે તેટલા પોકળ દાવાઓ કરે પરંતુ ખરેખરી સત્તા તો પાકિસ્તાનનું લશ્કર જ ભોગવે છે તેથી તે ભારતમાં આવા ગતકડા કર્યા જ કરે છે જેમ ન કરવા પાકિસ્તાનની સરકાર તેને કહેતી નથી, કહી શકતી નથી.

# ઓક્ટોબરમાં કોર સેક્ટરનું ઉત્પાદન ઘટીને ૦.૧ ટકા : ૨૦ મહિનામાં ઓછું

## સપ્ટેમ્બરમાં ઉત્પાદનનો વૃદ્ધિ દર 7.8 ટકા, ઓક્ટોબરના અંતે નાણાકીય ખાધ વધીને 758137 કરોડ રૂપિયા થઇ

**નવી દિલ્હી**

ઓક્ટોબરમાં કોર સેક્ટરના ઉત્પાદનનો વૃદ્ધિ દર ઘટીને ૦.૧ ટકા રહ્યો છે. જે છેલ્લા ૨૦ મહિનાની સૌથી નીચી સપાટી છે. ક્રૂડ ઓઈલ, કુદરતી ગેસ, રિફાઇનરી પ્રોડક્ટ, સિમેન્ટના ઉત્પાદનમાં ઘટાડાને પગલે આઠ કોર સેક્ટરના ઉત્પાદનના વૃદ્ધિ દરમાં ઘટાડો જોવા મળ્યો છે તેમ સરકાર દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં આ સેક્ટરના ઉત્પાદનનો વૃદ્ધિ દર ૮.૭ ટકા જોવા મળ્યો હતો. સપ્ટેમ્બરમાં કોર સેક્ટરનો ઉત્પાદન વૃદ્ધિ દર ૭.૮ ટકા હતો. ઉલ્લેખનીય છે કે આ અગાઉ ફેબુરઆરી, ૨૦૨૧માં આઠ કોર ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરના ઉત્પાદનનો વૃદ્ધિ દર માઈનસ ૩.૩ ટકા રહ્યો હતો. આઠ કોર સેકટરમાં કોલસા, ક્રૂડ ઓઈલ, કુદરતી ગેસ, રિફાઈનરી પ્રોડક્ટ, ખાતર, સ્ટીલ, સિમેન્ટ અને વીજળીનો સમાવેશ થાય છે.

# એરપોર્ટ અને તેની નજીકના વિસ્તારોમાં ફાઈવ-જી ટાવર નહીં લગાવી શકાય

**નવી દિલ્હી**


નાગરિક ઉડ્ડયન મંત્રાલયોની વિનંતીના પગલે ટેલિકોમ વિભાગે ટેલિકોમ કંપનીઓને આદેશ આપ્યો છે કે એરપોર્ટ અને તેની આસપાસના વિસ્તારોમાં તે ફાઈવ-જી મોબાઈલ ટાવર નહીં લગાવી શકે. ઉડ્ડયન મંત્રાલયે પૂરી પાડેલી બફર અને સેફ્ટી ઝોનની વિગતોના આધારે આ નિર્ણય લેવાયો છે. આથી ભારતીય એરપોર્ટના રનવેના બંને છેડાના થઈને ૨.૧ કિ.મી. વિસ્તાર અને રનવેના સેન્ટર લાઈનથી ૯૧૦ મીટરના વિસ્તારમાં ૩.૩ ગીગાહર્ટ્ઝથી ૩.૬ ગીગાહર્ટ્ઝના બેન્ડવાળા ફાઈવ-જી બેઝ સ્ટેશનો નહી સ્થાપી શકાય. આ નિર્ણયનો તાત્કાલિક અસરથી અમલ કરવામાં આવશે.

# કર્ણાટકમાં દર્દીના પેટમાંથી 187 ચલણી સિક્કા કાઢવામાં આવ્યા

**બેંગલુરુ**

ડોકટરો પાસે ઘણા દર્દીઓ પોતાની વિચિત્ર બિમારીઓ લઈને આવતા હોય છે, પણ કર્ણાટકના બાગલકોટમાં એક ચોકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ૫૮ વર્ષીય વ્યકિતને પેટ દર્દ અને ઊલ્ટીની સમસ્યા સાથે દાખલ કરવામાં આવ્યો હતો. દર્દીના અલગ-અલગ ટેસ્ટ કરતા તેના પેટમાંથી ૧૮૭ સિક્કાઓ મળી આવ્યા હતાં.

પ્રાપ્ત થતી માહિતી મુજબ, દયમપ્પા નામનો વ્યકિત પેટમાં દુખાવા અને ઊલ્ટીની સમસ્યા સાથે કર્ણાટકના



બાગલકોટની હોસ્પિટલમાં દાખલ થયો હતો. ડોકટરોએ તેની એન્ડોસ્કોપી અને એક્સ-રે કરતાં તેના પેટમાં કુલ ૧.૨ કિલોગ્રામના સિક્કાઓ મળી આવ્યા હતાં. ત્યારબાદ ત્રણ ડોકટરોની ટીમ દ્વારા તેની સર્જરી કરવામાં આવી હતી.

# જ્યોતિરાદિત્યએ મંત્રીપદ અને બંગલા માટે કોંગ્રેસ છોડયું : જયરામ રમેશ

**નવી દિલ્હી**

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મીડિયા વિભાગના વડા જયરામ રમેશે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે જ્યોતિરાદિત્ય સિંધિયા કેબિનેટ મંત્રી બનવાના હતા. દિલ્હીના સફદરજંગમાં બંગલો પણ જોઈતો હતો. આ કારણોસર તેઓ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. બીજી બધી વસ્તુઓ નકામી છે. વડાપ્રધાનના ઈરાદા અને નીતિઓને કારણે દેશના વિઘટનની શકયતાઓ વધી રહી છે. રાજકીય સરમુખત્યારશાહી વધી રહી છે. તેની સામે જ રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા કાઢી રહ્યા છે. જયરામ રમેશ ભારત જોડો યાત્રામાં પદયાત્રી તરીકે જોડાયા છે.




# ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સને ટ્યૂનીશિયાએ 1-0થી પછાડ્યું

ટ્યુનિશિયાએ ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. ફ્રાન્સની ટીમ ફિફા રેન્કિંગમાં ચોથા સ્થાને છે. જ્યારે ટ્યુનિશિયા 30મા સ્થાને છે. આ મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયનની હારની કોઈને અપેક્ષા નહોતી. ફ્રાન્સે શરૂઆતની ઈલેવનમાં 9 ફેરફાર કર્યા હતા.જ્યારે કાઈલીયન એમબાપ્પે, એન્ટોઈન ગ્રીઝમેન અને ઓસમાન ડેમ્બેલે મેદાન પર આવ્યા ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. ટ્યુનિશિયાએ 1-0ની સરસાઈ હાંસલ કરી હતી. ફ્રાન્સે ઈન્જરી ટાઈમમાં ગોલ કર્યો હતો, પરંતુ અમ્પાયરે તેને ફગાવી દીધો હતો

## ઋતુરાજ ગાયકવાડે એક જ ઓવરમાં 7 સિક્સર ફટકારી રચ્યો ઈતિહાસ




વિજય હજારે ટ્રોફીની ક્વાર્ટર ફાઈનલમાં પણ ઋતુરાજ ગાયકવાડનું શાનદાર પ્રદર્શન ચાલુ છે. મહારાષ્ટ્રના કેપ્ટને યુપી સામે અણનમ 220 રનની શાનદાર ઈનિંગ રમી હતી.

ઋતુરાજ ગાયકવાડે સોમવારે કેપ્ટનશિપની ઈનિંગ રમી હતી. વિજય હજારે ટ્રોફીની ક્વાર્ટર ફાઈનલમાં તેણે યુપી સામે 159 બોલમાં અણનમ 220 રન બનાવ્યા હતા. જેમાં 10 ફોર અને 16 સિક્સર ફટકારી હતી. તેણે એક જ ઓવરમાં 7 છગ્ગા સહિત 43 રન બનાવ્યા હતા. આ કારણે પ્રથમ બેટિંગ કરનારી ટીમે 5 વિકેટે 330 રનનો સારો સ્કોર બનાવ્યો છે. ટૂર્નામેન્ટની છેલ્લી 8 ઈનિંગ્સમાં ઋતુરાજની આ છઠ્ઠી સદી છે. આ પરથી તેના શ્રેષ્ઠ ફોર્મનો અંદાજ લગાવી શકાય છે. તે IPLમાં ચેન્નાઈ સુપર કિંગ્સનો મહત્વનો ભાગ રહ્યો છે. 25 વર્ષીય ઋતુરાજની લિસ્ટ-એ કરિયરની આ 13મી સદી છે. લેફ્ટ આર્મ સ્પિનર શિવા સિંહ ઈનિંગની 49મી ઓવર ફેંકી રહ્યો હતો. તેણે 5મો બોલ નો બોલ નાખ્યો. આના પર પણ ઋતુરાજે સિક્સર ફટકારી હતી. આ રીતે તેણે ઓવરમાં 7 સિક્સર અને નો બોલ સહિત કુલ 43 રન બનાવ્યા. તે લિસ્ટ-A ક્રિકેટમાં એક ઓવરમાં 7 સિક્સર મારનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બની ગયો છે. મેચની શરૂઆતમાં યુપીએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મહારાષ્ટ્રની શરૂઆત સારી રહી ન હતી.

## કેનેડાને ૨-૧થી હરાવી મોરક્કો ૩૬ વર્ષ બાદ નોકઆઉટમાં

કતાર : ફિફા વર્લ્ડ કપ ફૂટબોલના ગ્રૂપ-એફમાં મોરક્કોએ કેનેડાને ૨-૧થી હરાવ્યું હતું. આ સાથે મોરક્કોએ ૩૬ વર્ષના લાંબા ગાળા બાદ નોકઆઉટમાં પોતાનું સ્થાન નિૃતિ કર્યું હતું. તે ૧૯૮૬ બાદ પ્રથમ વખત પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ્યું છે. મોરક્કોને ટૂર્નામેન્ટમાં આગળ વધવા માટે આ મેચમાં વિજય અથવા ડ્રોની જરૂર હતી. તે ગ્રૂપમાં ત્રણ મેચમાં સાત પોઈન્ટ સાથે ટોચના ક્રમે રહી હતી. સ્ટાર ખેલાડી હાકિમ જિએચે ચોથી જ મિનિટે ગોલ કરીને મોરક્કોને ૧-૦થી આગળ કરી દીધી હતી. આ ટૂર્નામેન્ટનો બીજો ફાસ્ટેસ્ટ ગોલ નોંધાયો હતો. પ્રથમ હાફની ૨૩મી મિનિટે યુસુફ એન નેસરીએ બીજો ગોલ કરીને મોરક્કોને ૨-૦થી આગળ કરી દીધી હતી. પ્રથમ હાફ પૂરો થાય તે પહેલાં ૪૦મી મિનિટે કેનેડાના ખાતામાં ગોલ નોંધાયો હતો. મોરક્કોના નોએફ એગુએર્ડે બોલ રોકવાના પ્રયાસમાં પોતાની ટીમના જ ગોલપોસ્ટમાં બોલ નાખી દઈને આત્મઘાતી ગોલ કર્યો હતો.



## ફ્રાન્સની મહિલા રેફરી ફ્રેપાર્ટે ઇતિહાસ રચ્યો

જર્મની અને કોસ્ટા રિકા વચ્ચેની મેચમાં ફ્રાન્સની મહિલા રેફરી સ્ટેફની ફ્રેપાર્ટે ઈતિહાસ રચ્યો હતો. મેન્સ ફૂટબોલ વર્લ્ડ કપમાં મુખ્ય રેફરીની ભૂમિકા અદા કરનાર તે પ્રથમ મહિલા રેફરી બની છે. તેની સાથે બાકીની બંને સહાયક રેફરી પણ મહિલા હતી જેમાંની એક બ્રાઝિલની નુએઝા બેક અને મેક્સિકોની કારેન ડિયાઝ મેડિના સામેલ છે. ચોથી મહિલા રેફરી તરીકે અમેરિકાની કેથરિન નેરાબીટની વરણી કરવામાં આવી હતી.

- માર્કસ રેશફોર્ડના બે ગોલ અને ફિલ ફોડેનના એક ગોલની મદદથી ઈંગ્લેન્ડે વેલ્સને 3-0થી જીતીને ફિફા વર્લ્ડકપના રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ કર્યો.
- ફૂટબોલ વર્લ્ડ કપમાં બુધવારે ઓસ્ટ્રેલિયાએ ડેનમાર્કને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. ગ્રુપ-ડીમાં ઓસ્ટ્રેલિયાની ટીમે 1-0થી જીત મેળવી હતી. આ જીત સાથે તે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગયું છે. તે વર્લ્ડ કપના ઈતિહાસમાં બીજી વખત નોકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યો છે.
- રશિયામાં યોજાયેલ 2018ના વર્લ્ડકપમાં ક્વોલિફાય પણ ન કરનાર અમેરિકાની ટીમે આ વર્ષે વેલ્સ અને ઈંગ્લેન્ડ સામે મેચ ડ્રો કર્યા બાદ ત્રીજા મુકાબલામાં ઈરાનને 1-0થી હરાવી રાઉન્ડ ઓફ 16માં કર્યો હતો.

## મેસ્સીને ધમકી આપનાર બોક્સરને ટાયસને ચેતવણી આપી, મારે રિંગમાં ઊતરવું ના પડે

મેક્સિકોના બોક્સર કેનેલો અલ્વારેઝે સોશિયલ મીડિયામાં મેસ્સીને ધમકી આપીને જણાવ્યું હતું કે મેસ્સી મેક્સિકોની જર્સી વડે ફ્લોર સાફ કરી રહ્યો છે. આ મેક્સિકન લોકોનું અપમાન છે. તે ઈશ્વરના પ્રાર્થના કરે કે તે મારી સામે ક્યારેય આવી ના જાય. હવે આ વિવાદમાં મહાન બોક્સર માઈક ટાયસન પણ સામેલ થયો છે તેણે કહ્યું હતું કે  જો મેક્સિકન બોક્સરે મેસ્સને હાથ પણ લગાવ્યો છે તો હું વર્ષો બાદ પણ રિંગમાં પુનરાગમન કરવા માટે સહેજ પણ વિલંબ કરીશ નહીં.

- FIFAમાં અમેરિકાની જીત બાદ ઈરાનના લોકોએ આ કારણે કરી ઉજવણી. ફૂટબોલ મેચમાં પોતાની ટીમની હારનો જશ્ન મનાવી રહેલા આ તમામ લોકો મહસા અમીનીના મૃત્યુના સંબંધમાં પ્રદર્શનો સાથે જોડાયેલા છે.
- ફૂટબોલ વર્લ્ડ કપના ગ્રુપ-એમાં યજમાન કતારને તેની છેલ્લી મેચમાં નેધરલેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. નેધરલેન્ડ્સે આ મેચ 2-0થી જીતીને પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. તે 11મી વખત રાઈન્ડ-16માં પહોંચ્યું છે.બીજી તરફ યજમાન કતાર આ વર્લ્ડ કપમાં એક પણ મેચ જીતી શક્યું નથી.

## પાકિસ્તાન પહોંચેલા ઈંગ્લેન્ડના 14 સભ્યો અજાણ્યા વાયરસથી સંક્રમિત

**મુંબઈ**

ઈંગ્લેન્ડ અને પાકિસ્તાન વચ્ચે 1 ડિસેમ્બરના રોજ શરૂ થનારી ટેસ્ટ સીરિઝ પર મોટુ સંકટ આવી ગયું છે. મેચના એક દિવસ પહેલા જ ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ સહિત ટીમના કુલ 14 સભ્યો એક અજાણ્યા વાયરસનો ભોગ બન્યા છે. આ સમાચાર રાવલપિંડીમાં રમાનારી ટેસ્ટ મેચના એક દિવસ પહેલા આવ્યા છે. ખેલાડીઓને આરામ કરવાનું કહેવામાં આવ્યું છે અને હવે ટેસ્ટ મેચ પર સંકટ છે.

મળતી માહિતી મુજબ જે 14 સભ્યોને ઈન્ફેક્શન થયું છે તેમાંથી અડધા ખેલાડીઓ અને સ્ટાફના સભ્યો છે. ઈંગ્લેન્ડે 3 ટેસ્ટ મેચની સીરિઝ માટે 15 ખેલાડીઓને પાકિસ્તાન મોકલ્યા છે, તેમાંથી આશરે અડધા ઈન્ફેક્શનો ભોગ બન્યા છે. આવામાં પ્રથમ ટેસ્ટ મેચ કેવી રીતે થશે, તે હજુ સ્પષ્ટ નથી.

અહેવાલો અનુસાર ઈંગ્લેન્ડની ટીમની હાલત એટલી ખરાબ થઈ છે કે મેચના એક દિવસ પહેલા પ્રેક્ટિસ સેશનમાં ભાગ લેવા માટે માત્ર 5 ખેલાડીઓ જ પહોંચી શક્યા હતા અને બાકીના બધા જ બીમાર હતા. ઈંગ્લેન્ડના ખેલાડીઓને કયો વાયરસ થયો છે તેની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. તે કોરોના અથવા અન્ય કોઈ અજાણ્યો વાયરસ હોઈ શકે છે.

## સ્મિથે બ્રેડમેનની ૨૯ ટેસ્ટ સદીના રેકોર્ડની બરોબરી કરી

પર્થ । વેસ્ટ ઈન્ડિઝ સામે રમાતી પ્રથમ ટેસ્ટના બીજા દિવસની રમત દરમિયાન ઓસ્ટ્રેલિયાના સિનિયર બેટ્સમેન સ્ટિવ સ્મિથે એક વિશેષ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. તેણે ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક સદીના મામલે દિગ્ગજ ક્રિકેટર સર ડોન બ્રેડમેનની બરોબરી કરી હતી. સ્મિથે વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાની ટેસ્ટ કારકિર્દીની ૨૯મી સદી ફટકારી હતી. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આ તેની ૪૧મી સદી છે અને આ મામલે તેણે ભારતના રોહિત શર્માની બરોબરી કરી લીધી છે.

## ઈંગ્લેન્ડનો વર્લ્ડ રેકોર્ડ, ૫૦૦ પ્લસનો સ્કોર નોંધાવ્યો, પ્રથમ દિવસે ૪ સદી

### ઈંગ્લેન્ડના હેરી બ્રૂકે છ બોલમાં છ ચોગ્ગા ફટકાર્યા

**રાવલપિંડી**

પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસે જ ઈંગ્લેન્ડે વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો. બેટ્સમેનો માટે સ્વર્ગસમી પિચ ઉપર ઈંગ્લિશ ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી હતી અને પાકિસ્તાની બોલર્સને ચોમેર ફટકાર્યા હતા. તેના ચાર બેટ્સમેનોએ સદી નોંધાવી હતી અને ઈંગ્લેન્ડની ટીમે પ્રથમ દિવસની રમતના અંતે ચાર વિકેટે ૫૦૬ રનનો જંગી સ્કોર નોંધાવ્યો હતો. આ પહેલાં કોઈ પણ ટીમે પ્રથમ દિવસે ચાર સદી અને ૫૦૦નો સ્કોર નોંધાવ્યો નથી. સ્ટમ્પના સમયે સુકાની બેન સ્ટોક્સ ૧૫ બોલમાં છ બાઉન્ડ્રી તથા એક સિક્સર વડે ૩૪ રન બનાવીને રમી રહ્યો હતો.

પાકિસ્તાન સામે રમાતી પ્રથમ ટેસ્ટના પ્રારંભિક દિવસે ઈંગ્લેન્ડના હેરી બ્રૂકે છ બોલમાં સતત છ બાઉન્ડ્રી ફટકારવાની સિદ્ધિ મેળવી હતી. તેણે પાકિસ્તાન તરફથી ડેબ્યૂ કરનાર સાઉદ શકીલની એક ઓવરમાં રેકોર્ડ નોંધાવ્યો હતો. તે આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો સાતમો બેટ્સમેન બની ગયો છે. આ પહેલાં ભારતના સંદીપ પાટિલે ઈંગ્લેન્ડ સામે આ સિદ્ધિ મેળવી હતી.

# ઉત્તર અફઘાનિસ્તાનમાં પ્રચંડ વિસ્ફોટ 16 લોકોના મોત, 24થી વધુ ઈજાગ્રસ્ત

**કાબુલ**



ઉત્તર અફઘાનિસ્તાનમાં એક જોરદાર વિસ્ફોટ થયો છે. આ બ્લાસ્ટમાં લગભગ 16 લોકોના મોત થયા છે. આ સાથે જ આ હુમલામાં 24 લોકો ઘાયલ થયા છે. અફઘાનિસ્તાનમાં અવાર-નવાર આવા વિસ્ફોટો જોવા મળે છે. બે મહિના પહેલા કાબુલમાં ગૃહ મંત્રાલયની પાસે બનેલી મસ્જિદમાં જોરદાર વિસ્ફોટ થયો હતો. સ્થાનિક મીડિયા અનુસાર, તે વિસ્ફોટમાં 4 લોકોએ જીવ ગુમાવ્યો હતો જ્યારે 25 લોકો ઘાયલ થયા હતા.

ત્યારબાદ તાલિબાને કહ્યું હતું કે, કાબુલમાં સરકારી મંત્રાલયની મસ્જિદમાં વિસ્ફોટ ત્યારે થયો જ્યારે અધિકારીઓ અને મુલાકાતીઓ પ્રાર્થના કરી રહ્યા હતા. અબ્દુલ નફી ટાકોરે કહ્યું હતું કે, 'મસ્જિદનો ઉપયોગ મુલાકાતીઓ દ્વારા અને ક્યારેક-ક્યારેક ગૃહ મંત્રાલયના કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે.' મંત્રાલય સંકુલ કાબુલ ઈન્ટરનેશનલ એરપોર્ટની નજીક છે જે ખૂબ જ સુરક્ષિત વિસ્તાર છે. નોંધનીય છે કે, આવો જ એક આત્મઘાતી વિસ્ફોટ પાકિસ્તાનમાં પણ થયો હતો. પાકિસ્તાનના અશાંત બલૂચિસ્તાન પ્રાંતમાં સુરક્ષા કર્મચારીઓને લઈ જઈ રહેલા પેટ્રોલિંગ પોલીસ ટ્રકની નજીક આત્મઘાતી બોમ્બરે પોતાની જાતને ઉડાવી દીધી હતી. હુમલામાં લગભગ 3ના મોત 23 લોકો ઘાયલ થયા હતા.

# ઈંગ્લેન્ડમાં મુસ્લિમો અને હિન્દુની સંખ્યા વધી, ઈસાઈ 13 ટકા ઘટ્યા

**લંડન**

ઈંગ્લેન્ડ અને વેલ્સમાં તાજેતરમાં થયેલી વસ્તી ગણતરીનું માનીએ તો, મુસ્લિમો અને હિન્દુઓની વસ્તીમાં વધારો થયો છે. ઈસાઈ વસ્તી અત્યાર સુધીમાં ઈતિહાસમાં સૌથી ઓછી થઈ છે. દેશમાં ઈસાઈ વસ્તીમાં 13 ટકાથી વધારે ઘટાડો નોંધાયો છે. કોઈ પણ ધર્મને ન માનનારા લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે.

ઓફિસ ફોર નેશનલ સ્ટેટિસ્ટિક્સે વસ્તી ગણતરીના ડેટા જાહેર કર્યા છે. 2021ની ગણતરીના આંકડા મુજબ 46 ટકાથી વધારે ઈસાઈ વસ્તી છે. જ્યારે આ જનસંખ્યા 2011માં થયેલી વસ્તી ગણતરીમાં 59.3 ટકા હતી. ઈંગ્લેન્ડ અને વેલ્સમાં મતગણતરીમાં પહેલી વાર અડધાથી ઓછી વસ્તી એટલે કે, 46.2 ટકા લોકોએ પોતાને ઈસાઈ બતાવ્યા છે. આ સંખ્યા લગભગ 27.5 મિલિયન છે, જ્યારે 2011માં 59.3 ટકા એટલે કે, 33.3 મિલિયન લોકો ઈસાઈ હતા. આંકડા પર નજર કરીએ તો, 13.1 ટકાનો ઘટાડો નોંધાયો છે. સર્વે અનુસાર, ઈંગ્લેન્ડ અને વેલ્સમાં કોઈ ધર્મ નહીં માનનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે. વસ્તી ગણતરીના સર્વે અનુસાર, કોઈ ધર્મ નહીં માનનારા લોકોની વસ્તી અહીં બીજા નંબર પર છે. તેમની સંખ્યા લગભગ 37.2 ટકા છે. જ્યારે તેમની જનસંખ્યા 2011માં ફક્ત 25.2 ટકા હતી.

# પાક. સલામતી દળો-આતંકવાદી વચ્ચે ગોળીબાર થતાં 10ના મોત

**ક્વેટા**



પાકિસ્તાનમાં બલુચીસ્તાન પ્રાંતમાં સલામતી દળો અને બલુચ-અલગતાવાદીઓ વચ્ચે થયેલા સામ-સામા ગોળીબારમાં ૧૦ આતંકીઓ માર્યા ગયા છે. ઈન્ટર-સર્વિસીઝ પબ્લિક રીલેશન્સ જણાવે છે કે બલુચીસ્તાનના હોશબ જિલ્લાના આતંકવાદીઓના છુપાવાના સ્થળને સલામતી દળોએ ઘેરી લેતાં, સામસામા ગોળીબાર શરૂ થયા હતા, જેમાં ૧૦ આતંકી માર્યા ગયા હતા. આતંકીઓ ગ્વાડર-હોશબ-એમ-૮-માર્ગ ઉપર વિસ્ફોટક ઉપકરણો પ્લાંટ કરતા હતા અને સશસ્ત્ર દળો તથા તેમને સાથ આપનારા નાગરિકો ઉપર હુમલા કરતા હતા. પાકિસ્તાનમાં સલામતી દળોએ ૧૨ થી ૧૪ આતંકવાદી સ્થાનો શોધી કાઢ્યા છે. તેમાં તેઓએ હોશબ જીલ્લાના આતંકીઓ સામે જઈ તેમને શરણે થવા આદેશ આપતાં તેમણે સામેથી ગોળીબાર શરૂ કર્યા હતા. આથી સલામતી દળોએ સામા ગોળીબારો કરતા ૧૦ આતંકીઓ માર્યા ગયા હતા.

# ગુજરાતી સીનિયર્સ સમાજ બ્રામ્પ્ટનનો કાર્યક્રમ : નૃત્ય, નાટિકા-ગીતોની રમઝટ

**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ગ્રુપ બ્રામ્પ્ટનનો કાર્યક્રમ 27 નવેમ્બર 2022, રવિવારે બપોરે 1 થી 6 દરમિયાન ગોરેમેડો રેક્રીયેશન સેન્ટર બ્રામ્પ્ટન ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનું આયોજન શીલબહેન, બિપિનભાઈ, નેહ ગાંધી, મનુભાઈ પટેલ અને હર્ષદભાઈ પટેલે સાથે મળી કર્યું હતું. પ્રેમીલાબેન મિસ્ત્રી શ્રીજી ચરણ થયા હોવાથી મંડળ દ્વારા એક મિનિટ મૌન પાળી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. મનુભાઈ પટેલે નાસ્તાના સ્પોન્સ કોકીલાબેન અરવિંદભાઈ પટેલ તથા ડીનરના સ્પોન્સ શીલાબેન બિપીનભાઈ, નેહ ગાંધી અને નિર્મળાબહેન ડાહ્યાભાઈ મિસ્ત્રીનો પરિચય આપ્યો હતો.

પ્રોગ્રામમાં ભાગ લેનાર બહેનો તથા ભાઈઓએ ભેગા મળી ડાન્સ, નાટીકા, ગીતો, અંતકડી-રમત અને જોક્સ વિગેરે પ્રસ્તુત કરી સર્વેને આનંદિત કર્યા હતા. મહેમાન તરીકે સુરતના



ગુજરાતી ડોક્ટર અદિતીબહેન અર્જુનભાઈ પટેલનો પરિચય કરાવ્યા પછી હર્ષદભાઈ પટેલે આગામી પ્રોગ્રામની માહિતી આપી હતી. અંતમાં સર્વે સભ્યોનો સ્વયંસેવકોનો આભાર વ્યક્ત કરાયો હતો. અંતે બધા સાથે મળી સેવખમણી, જલેબી, દાબેલી, ઈડલી સંભાર, ચણાનો સ્વાદ માણ્યો હતો.

# સામૂહિક પ્રદર્શનોએ શી જિનપિંગને ઝુકાવ્યા ઝીરો કોવિડ નીતિ બદલવાના આપ્યા સંકેતો

## મોટા ભાગના પ્રસંગોએ સરકારની કોરોના નીતિને લઈને દેખાવો કરવામાં આવ્યા હતા

**શાંઘાઈ**

ચીનના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શન બાદ હવે એવા સંકેત મળી રહ્યા છે કે કોમ્યુનિસ્ટ પાર્ટીની સરકાર તેની કોવિડ-19 નિયંત્રણ નીતિમાં મોટા ફેરફારોની જાહેરાત કરવા જઈ રહી છે. નવી પોલિસીમાં સંક્રમણને રોકવા કરતાં સંક્રમિત દર્દીઓની સારવાર પર વધુ ભાર મૂકવામાં આવશે. ઝીરો કોવિડ નીતિમાં ફેરફાર એક મહિનાથી વિચારણા હેઠળ હતો. 11 નવેમ્બરે, કોવિડ નિયંત્રણ માટે નવા 20-પોઈન્ટની ગાઈડ લાઈનની જાહેરાત કરવામાં આવી હતી. તેનું પરિણામ ઘણા શહેરોમાં દેખાવોના રૂપમાં સામે આવ્યું છે. આ પછી, ઝીરો કોવિડ નીતિમાં નક્કર ફેરફાર કરવા રાષ્ટ્રપતિ શી જિનપિંગની સરકાર માટે પ્રાથમિકતા બની ગઈ છે.

આંકડા દર્શાવે છે કે માત્ર 2022માં જ આવા 22 વખત વિરોધનો ભોગ બન્યા છે જ્યારે લોકોએ ચીનની સરકારનો વિરોધ કર્યો હતો. મોટા ભાગના પ્રસંગોએ સરકારની કોરોના નીતિને લઈને દેખાવો કરવામાં આવ્યા હતા. ઝીરો કોવિડ પોલિસી ઘણા લોકોને અગમ્ય લાગે છે, આ સમયે કારણ કે કેસ ફરીથી વિસ્ફોટક ગતિએ વધવા લાગ્યા છે, આવી સ્થિતિમાં ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો છે.

# અમેરિકામાં પ્લેન વીજ થાંભલા સાથે અથડાતા 90,000 ઘરોમાં અંધારપટ્ટ


## નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફટી કમિટી અકસ્માતની તપાસ કરશે

**વોશિંગ્ટન**

અમેરિકાના મેરીલેન્ડ કાઉન્ટીમાં રવિવારે સાંજે એક મોટી દુર્ઘટના ઘટી હતી. અહીં એક મીની પ્લેન દુર્ઘટનાનો શિકાર થયું હતું અને વીજળીના થાંભલામાં જઈને ફસાઈ ગયું હતું. મેરીલેન્ડ કાઉન્ટીના અધિકારીએ જાણકારી આપી હતી કે, વિમાનમાં સવાર બે યાત્રિકોને કોઈ નુકશાન પહોચ્યું નહતું. આ વિમાન વીજળીના થાંભલામાં જઈને ફસાયું હોવાથી આખા વિસ્તારની લાઈટોને થોડા સમય માટે બંધ કરી અને વિમાનને બહાર કઢાયું હતું. વ્હાઈટ પ્લેનસ ન્યુયોર્કથી રવાના થયેલા એક એન્જિનવાળા વિમાનને રવિવારે દુર્ઘટનાનો સામનો કરવો પડયો હતો. આ વિમાન સાંજે ૫:૪૦ વાગે ગૈથર્સબર્ગના મોન્ટગોમરી કાઉન્ટી એરપાર્ક પાસે દુર્ઘટનાગ્રસ્ત થઈને વીજળીના તારમાં ફસાઈ ગયું હતું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને જણાવ્યું કે, વિમાનમાં બે યાત્રિકો સવાર હતાં અને તેઓ સુરક્ષિત છે. મેરીલેન્ડ સ્ટેટ પોલીસે આ યાત્રિકોની ઓળખ પેટ્રિક મર્કલ અને જેન વિલિયમ્સ તરીકે કરી છે.

# કોસ્ટા રિકામાં માતા-પિતાની સામે મગર આઠ વર્ષીય બાળકને નદીમાં ખેંચી ગયો

**વોશિંગ્ટન**



કોસ્ટા રિકામાંથી રૂંવાડા ઉભા કરી દે તેવી ઘટના સામે આવી છે. અહીં તાજેતરમાં જ 8 વર્ષનું એક બાળક મગરનો શિકાર થઈ ગયો હતો. મૃતક પોતાના માતા-પિતા સાથે નદી કિનારે માછલી પકડવા માટે ગયો હતો ત્યારે આ દર્દનાક ઘટના બની હતી. મગરે માતા-પિતાની સામે જ બાળકનું નિર્દયતાથી મોત નીપજાવ્યુ હતું. મગરે પહેલા બાળકનું માથુ ધડથી અલગ કરી દીધુ પછી નદીના ઊંડાણમાં લઈ ગયો હતો. જૂલિયો ઓટેરો ફર્નાંડીઝ નામનું બાળક માતા-પિતા, ચાર ભાઈ-બહેનો સાથે લિમોનમાં ફિશિંગ ટ્રિપ પર ગયુ હતુ. મોતથી અજાણ જૂલિયો મટીના નદીમાં ઘૂંટણસમા પાણીમાં ઉતરીને રમવા લાગ્યો. ત્યારે એક વિશાળકાય મગરે તેની પર હુમલો કરી દીધો હતો.

# ટોરોન્ટોમાં બીએપીએસના પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દીની ઉજવણી કરાઈ

**ટોરોન્ટો**

ગત તા. 26-27 નવેમ્બર, 2022ના રોજ ટોરોન્ટોમાં ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દિ મહોત્વની ઉજવણી અંતર્ગત ત્રણ કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમો દરમિયાન સમુદાયના નેતાઓએ પણ ભાગ લીધો હતો અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સરકારના ત્રણેય સ્તરના વિશેષ મહેમાનો અને સેવાભાવી સંસ્થાઓના નેતાઓમાં અનિતા આનંદ, અહેમદ હુસેન, પિયર પોઈલિવેર,



કિર્સ્ટી ડંકન, સાંસદ), મોન્ટે મેકનોટન, પૂજા જોન ટોરી, હાઈ કમિશનર સંજય કુમાર વર્મા, અપૂર્વ શ્રીવાસ્તવ, ડૉ. ફ્રેન્ક માર્ટિનો, કેન મેહ્યુ (વિલિયમ ઓસ્લર હેલ્થ સિસ્ટમ ફાઉન્ડેશનના પ્રમુખ અને CEO), એલિસિયા વેન્ડરમીર (પ્રમુખ અને CEO, સ્કારબોરો હેલ્થ નેટવર્ક ફાઉન્ડેશન), Leila Verheyen (વાઈસ પ્રેસિડેન્ટ, પરોપકાર, CNIB) નો સમાવેશ થાય છે.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનાજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

OM INDIA FOOD CENTRE

6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd, Etobicoke, ON
416-743-1100

139 Charing Cross, Brantford Ontario
519-758-9999

5 Manitou Drive # 102 Kitchner, ON. N2C 1L4
519-954-1110

3300 McNICOLLE Ave, #B-6, Scarborough, ON
416-297-8383

71 West Drive, Unit#42, Brampton, ON
905-452-1100

293, Labrosse Ave, Point-Claire, QC H9R 5M3
514-426-1100